બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**માર્ચ-૨૦૨૨**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૩, સળંગ અંક : ૨૧૮

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)



C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **હિજાબ વિરુદ્ધ હંગામાની ભીતરમાં ડોકીયું !** | 03 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 18 |
| 06 | રાફઝી ફિર્કા : યહૂદી સાઝિશ કા નતીજા | 21 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 08 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 29 |
| 09 | ઝિક્રે ઈલાહીની ફઝીલતમાં ૪૦ હદીષો | 33 |
| 10 | ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવા)ના ફિત્નાનું વર્ણન | 39 |
| 11 | આહ ! કારી રિયાઝુદ્દીન અશરફીએ આખેરતની વાટ પકડી ! | 43 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |
| 13 | દુઆએ નિસ્ફ શાબાન | 50 |


કલામ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી عليه الرحمة

અપને દર પર જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
કૈદે શયતાં સે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝ કો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગર્દિશે દૌરને પામાલ કિયા મુઝ કો હુઝૂર
અપને કદમોંમેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કહલાતા હૂં બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કહ કે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પયહમસે યહ બસ્તી મેરી વિરાન હૂઈ
દિલમેં અબ ખૂદ કો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદાએ ગુલનાર સે મિલતા હી નહીં
અપની આંખોં સે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દો કો જિલા દેતે હો મેરે આકા
મેરે દિલ કો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
જિસને શર્મિંદા કિયા મહરો મહો અંજુમ કો
ઈક ઝલક ફિર વો દિખાઓ તો બહોત અચ્છા હો
રો ચૂકા યૂં તો મૈં ઔરોં કે લિયે ખૂબ મગર
અપની ઉલ્ફતમેં રુલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **"અખ્તર"** કો ફિરાઓ મેરે મૌલા દર દર
અપની ચૌખટપે બિઠાઓ તો બહોત અચ્છા હો

# હિજાબ વિરુદ્ધ હંગામાની ભીતરમાં ડોકીયું !

**તંત્રી લેખ.....**

ગયા મહીનાના પ્રારભમાં આખી દુનિયાએ જોયું કે કર્ણાટકમાં એક એકલી પર્દા તથા હિજાબવાળી નિર્દોષ છોકરી જે પોતાની કોલેજમાં દાખલ થઈ રહી છે તેની પાછળ કેસરી પટ્ટાધારી ગુંડાઓનું ટોળુ હિજાબ વિરુદ્ધમાં બૂમો પાડતુ અને રામના નામના નારા મારતુ તે અબળા પાછળ પડી જાય છે તો તેમની સામે હિંમતભેર તે હિંમતવાન દીકરી પણ ઉભી રહીને "અલ્લાહુ અકબર"ની પોકાર કરી રહી છે. કેટલા અફસોસ તથા દુઃખની વાત છે કે સત્તા પ્રાપ્તિની લાલચમાં રાજકરણીઓએ છેલ્લા કેટલાક વરસોથી દેશમાં કૌમ કૌમ વચ્ચે નફરતનો માહોલ ખડો કરી આપ્યો છે એની જ આ અસર છે કે ગેર કાયદેસર રીતે દેશની એક દીકરી પાછળ ગુંડાઓનું ટોળુ ભય તથા આતંક ફેલાવવા, ડરાવવા, બીવડાવવા એક એકલી તેણીની પાછળ પડી ગયું. શરમથી ડૂબી મરવું જોઈએ આવા હિજડાછાપ કહેવાતા યુવાનોએ ! જો કે આ ટોળુ તથા આવાં ટોળાં હિંદમાં હવે નવી વાત નથી અને આવું હિંદ સિવાય ભાગ્યે જ ક્યાંક બીજે જોવા મળી શકે છે. છેલ્લા કેટલાક વરસોથી આ ટોળાશાહીની ગેરકાયદેસરની પ્રેક્ટિસ રાજનૈતિક પરિબળોના ટેકા હેઠળ જ અનેક ઠેકાણે થઈ રહી છે એ ઉઘાડી વાત છે. એનું જીવતુ જાગતુ દષ્ટાંત ૪૦૦ વરસ પૂરાણી બાબરી મસ્જિદની અડીખમ ઈમારતને બનાવટી કહાનીઓ બનાવી પબ્લિકનાં દિમાગો વોશ કરીને એવી ઉશ્કેરણી તથા તેમને બેકગ્રાઉન્ડમાં સપોર્ટ કરીને ટોળાંઓ થકી ૬ ડિસેમ્બર ૧૯૯૨માં શહીદ કરી દેવાનો જુર્મ કરવામાં આવ્યો પણ કોઈની એકની ધરપકડ ન થઈ ન કોઈને ઉની આંચ આવી ! પછી શું થયું તે સૌ જાણે છે. આવું સર્વ કાંઈ પોલિટિક્લ લાભ મેળવવા ખાતર જ થતુ રહે છે.

## ★ શરીર સાથે ચહેરો ઢાંકવાનો હુકમ કુર્આન તથા વેદમાં પણ છે ! ★

અત્રે જે મૂળ વાત કરવી છે તે એ છે કે હિજાબ તથા પર્દો એ સ્ત્રીની ઈજ્જતનો રક્ષક તથા જામિન છે. દરેક બુદ્ધિશાળી સમજી શકે છે કે જે સ્ત્રી પર્દામાં હશે, પોતાના વજૂદને છુપાવીને જાહેર રસ્તેથી જતી હશે તેના પ્રતિ નજરો આકર્ષાશે નહીં પણ જે સ્ત્રી પોતાનાં અંગો પ્રદર્શિત થાય એવો ડ્રેસ પહેરીને જશે તેના પ્રતિ સ્વભાવિકપણે પુરૂષોની નજરો આકર્ષાશે અને પરિણામે કોઈ આવારા તેણીની છેડતી પણ કરી બેસે એવા અનેક બનાવો બનતા રહે છે. તો પછી કોઈ પોતાની ઈજ્જતની હિફાઝત માટે તેના શરીર તથા ચહેરાને ઢાંકે એમાં કોઈને વાંધો શા માટે ?! હયા તથા શરમ એ હિંદુસ્તાનની સંસ્કૃતિમાં તથા ધર્મ પુસ્તકોમાં પણ છે. એની અવગણના કરીને કોઈ પર્દાવાળી સ્ત્રીને એટલા માટે સતાવવી કે તેણે બુરખો હિજાબ કેમ પહેર્યો છે ? શું આ નીચ ગુંડા તત્વોનું કામ નથી ?! દિલ પર હાથ રાખીને ઈન્સાફથી કહો !

**સૌ પ્રથમ** : જુઓ કુર્આનમાં કેટલા સ્પષ્ટ શબ્દોમાં શરીર ઢાંકવાનો તથા ચહેરા ઢાંકવાનો હુકમ આવેલો છે. જેઓ એવું કહે છે કે "કુર્આનમાં ક્યાંય ચહેરો ઢાંકવાનો હુકમ નથી." (અગાઉ પણ અનેક અખ્બારોમાં અને હાલ પણ તા. ૧૨–૨–૨૦૨૨ શનિવારના "ફૂલ છાબ" દૈનિકમાં એ જ લખ્યું છે) તેઓ ધ્યાનપૂર્વક વાંચી લે અને સત્યને સ્વીકારતા હોય તો ફરી એવી જૂઠી ખોટી જાહેરાત ન કરે. કુર્આનમાં અલ્લાહ તઆલાનો આદેશ છે :

يٰٓاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰٓى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

"હે નબી ! પોતાની પત્નીઓ, પુત્રીઓ તથા **મુસલમાન સ્ત્રીઓને કહી આપો કે પોતાના ચહેરા પર ચાદર (કપડુ) નાખેલ (સ્થિતિમાં) રહે.** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને તેમને તકલીફ નહીં આપવામાં આવે. અને અલ્લાહ માફી આપનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૫૯)*

કેટલાક મુનાફિક઼ો સ્ત્રીઓને રસ્તામાં છેડયા કરતા હતા. જેથી આ આયતમાં પર્દાની સાથે નીકળવાની એ હિકમત વર્ણવવામાં આવી કે જ્યારે સ્ત્રીઓ બહાર નીકળે તો પર્દા સાથે (મોં છુપાવીને) નીકળશે જેથી દરેક જોનાર એ સમજી જશે કે આ શરીફ તથા પાકદામન સ્ત્રીઓ છે, જેથી તેઓ તેમને છેડવાની કે સતાવાની હિંમત નહીં કરી શકે.

ઈમાનદારીથી કહો ! શું આજે બેહયા બનીને પોતાનાં અંગ ઉપાંગોનું પ્રદર્શન કરીને નીકળતી સ્ત્રીઓની છેડતીના બનાવો નથી બનતા ? તો પછી આપણી ભલાઈ શામાં છે ? શું છેડતીના, અપહરણ કરીને બળાત્કારના તથા ગેંગ રેપના બનાવો બને તેમાં કે આપણી મા દીકરીઓની ઈજ્જત સચવાય રહે તેમાં ?!

**બીજી વાત** : હવે બીજુ જુઓ જે કેસરી પટ્ટાવાળા ભાડુતી યુવાનોના ટોળાએ બહાદુર બનીને એક નમણી નારનો પર્દો તથા હિજાબ પહેરવાના કારણે હુરીયો બોલાવી તેની બેઈજ્જતી કરી ડરાવવાનો, આતંક ફેલાવવાનો પ્રયાસ કર્યો તેઓ પોતાના ધર્મ પુસ્તકમાં સ્ત્રીના પર્દા વિશે શું હુકમ છે તેને પણ વાંચી લે પછી કહે કે તેઓ કયા ધર્મ પર છે !

અષ્ટમ મંડલ ઋગવેદ : પેજ નં. ૯૨૬ પર છે :–

अधः पश्यस्व मोपरि सन्तरां पादुकौ हर।
मा तै कशप्लकौ दृशन्त्स्त्री हि ब्रह्मा बभूविथ॥ १९॥

भावार्थ–स्त्री सदैव विनम्रता से आचरण करे, वह कभी उद्धत न हो, साथ ही लज्जा का भाव लेकर वह चले-फिरे, वह कभी निर्लज्ज न हो। वह चलते समय पैर फैलाकर अथवा लम्बे-लम्बे डग भरकर न चले, बल्कि पैर सटाकर और छोटे-छोटे डग भरकर चले। उसके शरीर के सभी अवयव अच्छी प्रकार ढके रहें। स्त्री का यदि कोई भाग खुला रहेगा, तो उसे देखकर पुरुषों के मन में कुभाव जागेंगे तथा कामवासना उत्पन्न होगी, अतः स्त्री के शरीर के सभी अवयव ढके रहें। इस मन्त्र में स्त्रियों के लिए उत्तम उपदेश है॥ १९॥

વધુ ટિપ્પણી કરવાની હવે કોઈ જરૂરત નથી. આ હવાલા પુરવાર કરે છે કે હિજાબનો પર્દાનો વિરોધ કરનાર ખુદ પોતાના ધર્મથી પણ બગાવત કરીને અધર્મી બની રહ્યા છે. આવા અધર્મીઓ પર રોક લગાડવાની જિમ્મેદારી સત્તાવાળાઓની છે, નહીં કે પર્દા પાછળ તેવા દંગલખોરોને સપોર્ટ કરવાની. એક મિનિટ માટે વિચારો કે આ હિજાબવાળી મુસ્લિમ છોકરી પાછળ જે કેસરી દુપટ્ટાવાળુ ટોળુ ધમાલ મચાવી ગયું એવું કોઈ હિંદુ છોકરી પાછળ મુસ્લિમ યુવાનોએ કર્યું હોત તો સત્તાવાળા શું પગલાં લેત તથા અન્ય સંગઠનો શું ન કરત ?! ઈન્સાફથી વિચારો ! માનવતાની લાગણી સાથે વિચારો ! ખોટાને ખોટુ કહો.

## ★ હિજાબ પર પ્રતિબંધ બાબતે ઈટાલિયન મિનિસ્ટરનો જવાબ ! ★

એક સમાચાર પ્રમાણે ઈટાલિયન મિનિસ્ટર "રોબેર્ટો મેરોની"એ હિજાબ (હિજાબ પર પ્રતિબંધ) પર સહી કરવાની ના પાડી અને શું સુંદર તથા પોઝિટિવ દષ્ટાંત આપ્યું તે જુઓ કે અન્ય સૌ મિનિસ્ટરો લાજવાબ થઈ ગયા.

"If the virgine Mary appears wearing a veil on all of her pictures, How can you ask me to sign on a Hijab Ban law ?!"

અર્થાત : "જ્યારે કુંવારી પાક મરયમ (ઈસા علیہ السلام ના મા) તેમનાં ચિત્રોમાં હિજાબ ઓઢેલ જોવા મળે છે તો તમો મને કેવી રીતે (એક ઈસાઈ તરીકે) "હિજાબ પર પ્રતિબંધ"ના કાયદા પર સહી કરવાનું કહી શકો છો ?!" સારાંશ કે ઈસાઈ હોય કે યહૂદી દરેક સંસ્કૃતિમાં હિજાબ રહ્યો છે એ જુદી વાત છે કે લોકો પોતાની સંસ્કૃતિ ભૂલીને સ્વચ્છંદી, આઝાદ ખયાલ બલ્કે નાસ્તિક્તા તરફ ચાલી નીકળ્યા છે.

## ★ શરમ તથા હયા એ માણસનું અલંકાર છે ★

દુનિયાના ઈતિહાસનું નિરીક્ષણ કરો અને સમજો કે જે જે દેશમાં શરમ હયા નેવે મૂકીને સ્ત્રીઓ બેપર્દા તેમજ શરીરનાં અંગોનું જાણીબુઝીને (છુપાવવાને બદલે) પ્રદર્શન કરતી થઈ ગઈ ત્યાં વ્યભિચાર તથા બળાત્કાર તથા ગેંગ રેપના બનાવો વધતા ચાલ્યા. બલ્કે હિંદુસ્તાનની સંસ્કૃતિમાં પર્દો તથા ઘુંઘટ તાણવાનો, મોં ઢાંકવાનો રિવાજ દરેક કૌમમાં હતો અને હજીય અમુક ગામડામાં આ રિવાજ છે જે સ્ત્રીની શરમો હયાનો પ્રતિક છે. આ બાબતની સાક્ષી મારી ઉમરના (૬૦–૭૦ વરસના) લોકો આજેય પૂરશે. પણ જેમ જેમ પશ્ચિમી દેશોના અનુકરણમાં તથા હયાનો જનાઝો કાઢતી ફિલ્મોના પ્રચારથી દેશમાંથી હિજાબ તથા ઘુંઘટ કે માથા પર ઓઢણી કે સાડીનો છેડો રાખવાનો રિવાજ નીકળી ગયો અને સ્ત્રીઓ ફિટોફિટ જિન્સ, ટી શર્ટ, શોર્ટ, ડીપ નેક, મીની સ્કર્ટ વગેરે જેવા નગ્નતાવાળા ડ્રેસો પહેરવા લાગી તો આજે આપ જાણો જ છો કે પહેલાં જવલ્લે જ બળાત્કારનો બનાવ બનતો પણ આજે **દેશમાં દર ૩૦ મિનિટે એક બળાત્કાર થાય છે.** ૨૦૦૮માં દેશમાં બળાત્કારના વીસ હજાર કેસ નોંધાયા હતા. આજે ૨૦૨૨માં તો એમાં ખૂબ વધારો થઈ ગયેલો છે ! અને રાજી ખુશીના આડા સંબંધીઓની તો કોઈ ગણના જ નથી ! એટલી ઝિનાખોરી તથા વ્યભિચાર વધી ગયો છે. હે મારા પ્યારા વતની ભાઈઓ ! બહેનો ! તમો શું ચાહો છો ? ઈજ્જતની જિંદગી કે જાનવરો જેવી જિંદગી ? આજે આડા સંબંધો વધવાના કારણે અસંખ્ય છૂટાછેડાના, પતિના કે પત્નીના ખૂન તથા આપઘાતના બનાવો બની રહ્યા છે, તો આપણી ભલાઈ શામાં છે એ વિચારવું જોઈએ.

ઈસ્લામના પયગંબર મુહમ્મદ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : ઔરત (સ્ત્રી) ઔરત (એટલે પર્દામાં રાખવાની ચીજ) છે, **જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે** એટલે કે કોઈ અજનબી સ્ત્રીને જોવી એ "શૈતાની કૃત્ય" છે. (તિર્મિઝી શરીફ) હવે વિચારો કે આજકાલ આ "શૈતાની કૃત્ય" કેટલા પ્રમાણમાં થઈ રહેલ છે તે તમારા દિલોને પૂછો ! કઈ કઈ રીતે થઈ રહેલ છે તે પણ વિચારો ! શું આમાં સ્ત્રીની ઈજ્જત થઈ રહી છે કે ફજેતી ?! શું આજે "બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડ"નો રિવાજ જે હિંદની સંસ્કૃતિ વિરુદ્ધનો પશ્ચિમી નાગી સંસ્કૃતિવાળાનો રિવાજ આપણે લઈ બેઠા છીએ, "લીવ ઈન રિલેશનશીપ"નો કુરિવાજ એને "આડો સંબંધ" કે "નાજાઈઝ સંબંધ" કહેવાશે. એટલે "વ્યભિચાર માટે કાયદેસર પરવાનો" ! કે જેમાં પતિ પત્ની જેમ સાથે રહી શકાય છે. એમાં પણ સ્ત્રીની જ બર્બાદી વધારે છે, કેમ કે વ્યભિચારના ગુનાહની સાથોસાથ ક્યારે પુરૂષ તેણીને છોડીને જતો રહે તે નક્કી નહીં ! જ્યારે પતિ પત્ની લગ્ન કરે તો તેણીને કાયદેસરના હક્ક પણ મળી શકે છે અને કુદરતી રીતે મહોબ્બત પણ રહે છે. આમાં કાંઈ જ નહીં ! શું આ આપણી તબાહી નથી ?! ઈસ્લામમાં તો હયા તથા શરમને ઈમાનનો હિસ્સો દર્શાવેલ છે કે જેનામાં ઈમાન હશે તેનામાં હયા જરૂર હશે.

## ★ સ્ત્રીઓને બેપર્દા કરીને શું દુનિયાએ તેમને ઈજ્જત આપી છે ?! ★

અહીં હું મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક્મરુઝ્ઝમાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)ના શબ્દોમાં આજની સ્ત્રી અધિકારની બૂમો પાડતી દુનિયાએ સ્ત્રીની શું હાલત કરી છે તે રજૂ કરું

છું. ફર્માવે છે : "................ જો સમાજમાં તેણીના મક઼ામ તથા કિરદારના બારામાં વિચારણા કરવામાં આવે તો ખબર પડશે કે **આજથી અધિક રૂસ્વાઈ તથા બેઈજ્જતીનો દૌર સ્ત્રીના ઉપર કદી આવ્યો ન હતો.** કેટલી વિચિત્ર વાત છે કે પુરૂષ પોતે મજા માણવાના શોખના ખાતર અને પોતાની વાસનાની આગને અધિક ભડકાવવા માટે આજે દરેક સ્થળે સ્ત્રીને નગ્ન તથા આઝાદ કરી ચૂક્યો છે. બજારોમાં, મકાનોમાં, હોટલોમાં, નાચઘરોમાં, ક઼લબોમાં, દુકાનો પર..... જ્યાં પણ તમે જાવ સ્ત્રી એ પુરૂષની તરસી નજરનો સામાન બનેલી જોવા મળે છે, જાણે કે ખુદ સ્ત્રીનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી ! પુરૂષ સ્ત્રીને જે અંદાઝમાં જોવા ચાહે છે તે નગ્ન થતી જઈ રહી છે ! સૌ પ્રથમ જ્યારે પુરૂષે પોતાની તરસ્યી નજરોની તૃપ્તિ માટે સ્ત્રીને લિબાસની કૈદથી અમુક અંશે આઝાદ થવાની માગણી કરી તો હવ્વાની પુત્રીએ (સ્ત્રીએ) ક઼બાએ મરયમ (મરયમનો ઝબ્બો) ઉતારીને ફેંકી દીધો. પરંતુ પુરૂષની નજર એટલાથી તૃપ્ત ન થઈ અને અધિક તમન્ના કરતી રહે છે. જેથી તેણે અધિક નજરની પ્યાસ બુઝાવવાની માગણી કરી તો હાથ તથા બાવડાં ખોલી આપ્યાં ! પછી છાતી તથા જાંગો નગ્ન થઈ ગઈ. પછી છેવટે શરીરનો જે નામ માત્રનો લિબાસ રહી ગયો હતો આજે એને પણ ઉતારી ફેંકવાની સખતથી સખત માગણી થઈ રહી છે.

શું આ પરિસ્થિતિ સ્ત્રીને એ એહસાસ નથી અપાવતી કે તે કેવળ પુરૂષની નિગાહો અને સેકસના તકાઝાઓની તૃપ્તિનો સામાન છે અને બસ ! તેણીની પોતાની કોઈ સ્વતંત્ર હૈષિયત નથી. મને આશ્ચર્ય થાય છે કે એક દુકાનદાર પોતાની દુકાનમાં, એક હોટલનો મેનેજર પોતાની હોટલમાં (રિસેપ્શનિસ્ટ તરીકે), કલબો તથા નાચઘરોના માલિકો પોતાની કલબો તથા તથા ડાન્સ ઘરોમાં, એર ફલાઈટોની કંપનીઓ પોતાની ફલાઈટોમાં (એર હોસ્ટેસો તરીકે) કેવળ એટલા માટે ખૂબસૂરત સ્ત્રીઓને નોકરી તરીકે રાખે છે કે તેમનો કારોબાર ચમકે અને ગ્રાહકો વધુ ને વધુ આવે. તો સ્ત્રીનું "સ્વમાન" અને તેનું ઝમીર કેમ મહેસૂસ નથી કરતું કે તે પહેલાં વેપારનો સામાન હતી અને હવે વેપારના સામાન સાથે વેચાય રહી છે. પણ સદીઓની આ બેઈજ્જતીએ સ્ત્રીઓનો એહસાસ તથા ખૂદી છીનવી લીધી છે અને હવે તે પોતાની આ બેઈજ્જતીઓ પર સંતુષ્ઠ થઈ ગઈ છે !

........ફૂલની ખુશ્બુ જ્યાં સુધી ફૂલના દામનમાં છુપાયેલી રહે છે ત્યાં સુધી બાઈજ્જત તથા બાવક઼ાર રહે છે, પરંતુ જ્યારે ફૂલના દામનથી નીકળીને આવારા થઈ જાય છે તો નાબુદ થઈ જાય છે. ફૂલ જ્યાં સુધી ફૂલની ડાળી સાથે જોડાયેલું રહે છે ત્યાં સુધી તરો તાઝા રહે છે અને જ્યારે ફૂલની ડાળીથી તોડી લેવામાં આવે તો શક્ય છે કે કોઈના ગળાનો હાર બને અથવા કોઈની દસ્તારની શોભા બને અથવા કોઈની હયાતના દામનને થોડી ક્ષણો માટે મહેકાવી દે પણ છેવટે તેને ક઼દમો નીચે કચડી નાખવામાં આવે છે."

*નહીં હૈ શાને ખુદ્દારી ચમનસે તોળકર તુઝકો–કોઈ દસ્તારમેં રખ લે કોઈ ઝૈબે ગુલૂ કર લે*

સારાંશ કે સ્ત્રીને બેપર્દા કરીને દુનિયાએ તેને હલકી તથા બેઈજ્જત કરી છે. આપ જોઈ શકો છો કે ટી.વી. પર શું, મોબાઈલમાં શું, અખ્બારોમાં શું.....ઠેક ઠેકાણે પળે પળ જાહેરાતોમાં કે ન્યૂઝોમાં બલ્કે કેવળ ફોનની વાતચીત પૂરી થતાં જ આપોઆપ અર્ધનગ્ન, લગભગ નગ્ન સ્ત્રીઓના ફોટો કે ચેનચાળા કરતી સ્ત્રીઓ જોવા મળે છે ! આ જ ઈજ્જત મા બહેનોની આપણે કરી રહ્યા છીએ ?! સમજો વતની ભાઈઓ ! અને દરેક ક઼ૌમની મા બહેનોની ઈજ્જત કરવાનું શરૂ કરો તેમાં જ આપણી તથા આપણી આવનારી ઔલાદોની આપણા સમાજની ભલાઈ છે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.**

وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِيْ وَاثَقَكُمْ بِهٖٓ ۙ اِذْ
قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا ۫ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ
الصُّدُوْرِ ﴿۷﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ
بِالْقِسْطِ ۫ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا ؕ
اِعْدِلُوْا ۫ هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى ۫ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا
تَعْمَلُوْنَ ﴿۸﴾ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ لَهُمْ
مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ﴿۹﴾ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿۱۰﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا
نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ هَمَّ قَوْمٌ اَنْ يَّبْسُطُوْٓا اِلَيْكُمْ اَيْدِيَهُمْ
فَكَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿۱۱﴾ وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ۚ وَ
بَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا ؕ وَقَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ ؕ لَئِنْ
اَقَمْتُمُ الصَّلٰوةَ وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ بِرُسُلِيْ وَ
عَزَّرْتُمُوْهُمْ وَاَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا لَّاُكَفِّرَنَّ عَنْكُمْ
سَيِّاٰتِكُمْ وَلَاُدْخِلَنَّكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ
فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿۱۲﴾
فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ

## સૂરએ માઈદાની તફસીર

અને યાદ કરો અલ્લાહનું એહસાન પોતાના પર[૯૭] અને તે વચન જે તેણે તમારી પાસેથી લીધું[૯૮] જ્યારે તમે કહ્યું, અમે સાંભળ્યું અને માન્યું.[૯૯] અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહ દિલોની વાત જાણે છે (૭) હે ઈમાનવાળાઓ ! અલ્લાહના આદેશો પર મક્કમ બની જાવ, ન્યાયની સાથે સાક્ષી આપતા,[૧૦૦] અને તમને કોઈ કોમની અદાવત એના પર પ્રોત્સાહિત ન કરે કે ન્યાય ન કરો, ન્યાય કરો, તે પરહેઝગારીથી વધારે નજીક છે. અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહને તમારા કામોની ખબર છે (૮) ઈમાનવાળા નેક કામો કરનારાઓને અલ્લાહનો વાયદો છે કે તેમના માટે માફી અને મહાન સવાબ છે (૯) ને તેઓ જેમણે કુફ્ર કર્યું, ને અમારી આયતોને જૂઠલાવી, તે જ દોઝખવાળા છે[૧૦૧] (૧૦) હે ઈમાનવાળાઓ ! પોતાના પર અલ્લાહનું એહસાન યાદ કરો. જ્યારે એક કોમે ઈચ્છયું કે તમારા પર હાથ ઉગામે, ત્યારે તેણે તેમના હાથ તમારાથી રોકી લીધા[૧૦૨] અને અલ્લાહથી ડરો અને મુસલમાનોને અલ્લાહ પર જ ભરોસો જોઈએ (૧૧) અને બેશક ! અલ્લાહે બની ઈસ્રાઈલ પાસેથી વચન લીધું,[૧૦૩] અને અમે

તેમનામાં ૧૨ સરદારો નક્કી કર્યા.[૧૦૪] અને અલ્લાહે ફર્માવ્યું, બેશક ! હું[૧૦૫] તમારી સાથે છું જરૂર. જો તમે નમાઝ કાયમ રાખો, અને ઝકાત આપો, અને મારા રસૂલો પર ઈમાન લાવો. અને તેમની તાઝીમ કરો, અને અલ્લાહને સારૂ કરજ આપો. (તો) બેશક ! હું તમારા ગુનાહ ઉતારી દઈશ, અને જરૂર તમને બગીચામાં લઈ જઈશ, જેમની નીચે નહેરો વહે, તો એના પછી જે તમારામાંથી કુફ્ર કરે તો અવશ્ય સીધા માર્ગથી ભટકયો[૧૦૬] (૧૨) તો એમના કેવા વચનભંગો[૧૦૭]ના કારણે અમે એમના પર ફિટકાર વરસાવી, અને એમના હ્રદયો સખત કરી નાખ્યાં. અલ્લાહની વાતો[૧૦૮] તે તેમના સ્થાનોએથી બદલે છે, અને ભૂલી બેઠા મોટો ભાગ તે નસીહતોનો જે એમને આપવામાં આવી.[૧૦૯] અને તમે સદા એમના કોઈને કોઈ દગાની ખબર મેળવતા રહેશો,[૧૧૦] થોડાઓ સિવાય[૧૧૧] તો એમને માફ કરી દો, ને એમને દરગુજર કરો[૧૧૨] બેશક ! ઉપકારવાળાઓ અલ્લાહને પ્રિય છે (૧૩)

## :: સમજૂતી ::

**૯૭ :** કે તમને મુસલમાન બનાવ્યા.

**૯૮ :** અકબાની રાત્રે અને બૈઅતે રિઝવાન વખતે હુઝૂર ﷺના હાથ પર બયઅત કરતી વેળા.

**૯૯ :** નબીએ કરીમ ﷺનું દરેક ફર્માન દરેક પરિસ્થિતિમાં.

**૧૦૦ :** એવી રીતે કે સગાઈ સંબંધ કે શત્રુતાનો કોઈ પ્રત્યાઘાત તમને ન્યાયથી હટાવી શકે નહીં.

**૧૦૧ :** આ આયત નસ્સે કાતિઅ (તદન સ્પષ્ટ) છે. એ બાબત કે હમેશાં દોઝખમાં રહેવું

يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ ۙ وَ نَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۚ وَ لَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ اِلَّا قَلِیْلًا مِّنْهُمْ فَاعْفُ عَنْهُمْ وَ اصْفَحْ ؕ اِنَّ اللّٰهَ یُحِبُّ الْمُحْسِنِیْنَ ﴿۱۳﴾

કાફિરો સિવાય બીજા કોઈ માટે નથી. *(ખાઝિન)*

**૧૦૨. શાને નુઝૂલ :** એક સમયે નબીએ કરીમ ﷺએ એક જગ્યાએ પડાવ નાખ્યો. સહાબા અલગ અલગ ઝાડોના છાંયડે આરામ કરવા લાગ્યા. સૈયદે આલમ ﷺએ પોતાની તલવાર એક ઝાડ પર લટકાવી દીધી. એક ગામડીઓ લાગ જોઈને આવ્યો, અને સંતાઈને તલવાર લઈ લીધી, પછી તલવાર તાણીને બોલ્યો, 'હે મુહમ્મદ ! તમને મારાથી કોણ બચાવશે ? હુઝૂરે ફર્માવ્યું, અલ્લાહ ! આ કહેતાં જ હઝરત જિબ્રઈલે તલવાર તેના હાથમાંથી પાડી નાખી, પછી હુઝૂરે એ તલવાર લઈને ફર્માવ્યું, તને મારાથી કોણ બચાવશે ? તેણે કહ્યું, 'કોઈ નહીં, હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ પૂજવા લાયક નથી, અને ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺના રસૂલ છે. *(તફસીર અબૂ સઉદ)*

**૧૦૩ :** કે અલ્લાહની ઈબાદત કરશે. તેની સાથે બીજા કોઈને ભાગીદાર નહીં બનાવે. તવરાતના આદેશોનું પાલન કરશે.

**૧૦૪ :** દરેક ટોળીનો એક સરદાર, જે પોતાની કોમનો જવાબદાર હોય કે તેઓ વચન પૂરાં કરશે, અને હુકમને માથે ચઢાવશે.

**૧૦૫ :** મદદ અને સહાય વડે ★ અર્થાત તેના માર્ગમાં ખર્ચ કરો.

**૧૦૬ :** બનાવ એવો હતો કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને વચન આપ્યું હતું કે તેમને અને તેમની કોમને ધરતીના વારસદાર બનાવશે, જેમાં કિનૂઆની જબ્બાર રહેતા હતા. જયારે

ફિરઔનનો નાશ થયો ત્યાર પછી હઝરત મૂસાને ખુદાઈ આદેશ મળ્યો કે બની ઈસ્રાઈલને પવિત્ર ધરતી તરફ લઈ જાવ, તેને મેં તમારા માટે ઘર, અને વિશ્રાંતિ બનાવી છે, ત્યાં જાવ ! અને જે શત્રુઓ ત્યાં છે તેમની સાથે ધર્મયુદ્ધ કરો, એ રીતે ૧૨ સરદારો નક્કી કરો, એમાંથી દરેક એ વાતનો જવાબદાર હોય કે તેની કોમ હુકમનું પાલન કરશે અને વચન પાળશે. હઝરત મૂસાએ સરદાર નક્કી કર્યા, અને બની ઈસરાઈલને લઈને રવાના થયા. જયારે અરીહા પહોંચ્યા ત્યારે પેલા સરદારોને પરિસ્થિતિનો તાગ મેળવવા મોકલ્યા. ત્યાં તેમણે જોયું કે લોકો ખૂબ મહાકાય ઘણા તાકતવાન તંદુરસ્ત અને દબદબા તેમજ ભપકાવાળા છે. એ લોકો તેમનાથી હેબતાઈ જઈને પાછા ફર્યા, અને આવીને પોતપોતાની કોમને બધી પરિસ્થિતિ કહી દીધી, અને તેમને એવું કરવાની મનાઈ ફર્માવવામાં આવી હતી. પણ કાલિબ બિન યુકન્ના અને યુશઅ બિન નૂન સિવાય બધાંએ જ વચન ભંગ કર્યું.

**૧૦૭ :** કે એમણે અલ્લાહના વચનનો ભંગ કર્યો, અને મૂસા عليه السلام પછી આવનાર નબીઓને જૂઠલાવ્યા, અને નબીઓના ખૂન કર્યા, કિતાબોના આદેશ વિરૂધ્ધ વર્તન કર્યું.

**૧૦૮ :** જેમાં સૈયદે આલમ ﷺના વખાણ અને ગુણોનું બયાન છે. અને જે તવરાતમાં વર્ણવવામાં આવ્યું છે.

**૧૦૯ :** તવરાતમાં છે કે સૈયદે આલમ ﷺની તાબેદારી કરે, અને એમના પર ઈમાન લાવે.

**૧૧૦ :** કારણ કે દગો, બદ દાનત વચન ભંગ, અને રસૂલો સાથે વાયદા કરીને ફરી જવું વગેરે એમની અને એમના બાપ દાદાઓની જૂની આદત છે.

**૧૧૧ :** જેઓ ઈમાન લાવ્યા.

**૧૧૨ :** અને પહેલાં એમનાથી જે કંઈ થઈ ગયું તેની પકડ ન કરો.

**શાને નુઝૂલ :** અમુક તફસીરકારોનું કહેવું છે કે આ આયત તે કૌમ વિશે ઉતરી જેમણે પ્રથમ નબીએ કરીમ ﷺ સાથે વાયદો (ઈમાન સંબંધે) કર્યો, પછી તે તોડી નાખ્યો, પછી અલ્લાહ તઆલાએ પોતાના નબીને એની ખબર આપી, અને આ આયત ઉતારી. એ મુજબ અર્થ એ થશે કે તેમના એ વચન ભંગથી દરગુજર કરો, જ્યાં સુધી તેઓ લડાઈ ન કરે, અને જિઝયો આપવાનો ઈન્કાર ન કરે.





અમારુ તદ્દન નવુ પ્રકાશન

અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અકીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક્વાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....

જાઅલ્ હક્ક

(પેજીસ : ૯૩૬)
(સંપૂર્ણ કિતાબ)

હદિયો : રૂા. ૩૨૦/-
(ટપાલ ખર્ચ રૂા. ૫૦/-)

લેખક : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمة الله عليه
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

ખાસ નોંધ

આ કિતાબ દરેક તે સુન્નીના ઘરમાં હોવી જોઈએ જેને પોતાના તથા ઘરવાળાંના ઈમાનની ચિંતા છે. આ કિતાબમાં તક્લીદ, ઈલ્મે ગયબ, હાઝિરો નાઝિર, હુઝૂર ﷺ ને બશર તથા ભાઈ કહેવા વિશે, અવલિયાથી મદદ માગવી, બિદઅત વિશે, કાનો સુધી હાથ ઉઠાવવા, દૂંટી નીચે બાંધવા, રફએ યદૈન, ત્રણ તલાક્, મીલાદ શરીફ, ફાતેહા–ત્રીજીયા, મઝારો પર ગુંબદ, કબરોની ઝિયારત...વગેરે અનેક મસાઈલની ચર્ચા છે. જેમાં કુર્આન, હદીષ, અક્વાલથી બદઅકીદાઓના શૈતાની વસવસાઓના ઈમાન અફરોઝ જવાબો છે.

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ (ગુજરાત) બેંક ઓફ બરોડા : A/c. No. 34620100000303, Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR Mo. 9427464411

PhonePe Paytm /Mo. 94274 64411

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત નાફેઅથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર જ્યારે નમાઝમાં દાખલ થતા તો તકબીર કહેતા, પોતાના બંનેવ હાથ ઉઠાવતા અને જ્યારે રુકૂઅ કરતા તો બંનેવ હાથ ઉઠાવતા અને જ્યારે* سمع اللہ لمن حمدہ *કહેતા તો હાથ ઉઠાવતા અને જ્યારે બે રકાતોથી ઉભા થતા તો બંનેવ હાથ ઉઠાવતા. હઝરત ઈબ્ને ઉમરે આ કામને નબી* ﷺ *સુધી મરફૂઅ કર્યું[૧]." (બુખારી)*

**૧.** હમણા અમે અર્ઝ કરી ચૂક્યા છીએ કે હઝરત મુજાહિદ ફર્માવે છે કે હઝરત ઈબ્ને ઉમર નમાઝમાં રફએ યદૈન કરતા ન હતા, અને અહીં હઝરત નાફેઅની રિવાયતમાં આવી ગયું કે કરતા હતા. એ બંનેવ રિવાયતોને ભેગી કરી લો કે પહેલાં કરતા હતા બાદમાં ન કરતા હતા. એટલે કે નસ્ખની (મન્સૂખ થવાની) ખબર મળતાં રફએ યદૈન છોડી આપ્યું. (અઝ : તહાવી) ફક઼ીરે (લેખકે) 'જાઅલ હક્ક઼', ભાગ : ૨-માં રફએ યદૈન ન કરવાની ૨૫ હદીષો જમા કરી છે, ત્યાં અભ્યાસ કરો.

**લતીફા** : મક્કા મોઅઝ્ઝમામાં ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ તથા ઈમામે અવઝાઈ رحمۃ اللہ علیہનો મસ્અલા રફએ યદૈનમાં મુનાઝરો થયો. ઈમામ અવઝાઈ رحمۃ اللہ علیہએ રફએ યદૈનના માટે હઝરત ઈબ્ને ઉમરની હદીષ પેશ કરી. ઈમામે આ'ઝમે જવાબ આપ્યો કે મને હમ્માદે રિવાયત કરી, તેમણે ઈબ્રાહીમ નખઈથી, તેમણે અલ્ક઼મા તથા અસ્વદથી તેમણે હઝરત ઈબ્ને મસ્ઊદથી કે નબી ﷺ તકબીરે ઉલા સિવાય કદી રફએ યદૈન કરતા નહીં, અને ફર્માવ્યું કે મારા હદીષના સર્વ રાવી મહાન ફક઼ીહ તથા આલિમ છે, જેથી તમારી હદીષ કરતાં આ હદીષ રાજેહ (અગ્રતાવાળી) છે.

*(મિર્ક઼ાત, ફત્હુલ ક઼દીર વગેરે)*

*"હઝરત માલિક ઈબ્ને હુવૈરિષથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ* ﷺ *જ્યારે તકબીર કહેતા તો પોતાના બંનેવ હાથ ઉઠાવતા, ત્યાં સુધી કે તેને પોતાના કાનોના બરાબર કરી દેતા અને જ્યારે રુકૂઅથી ઉઠતા તો ફર્માવતા,* سمع اللہ لمن حمدہ *એ જ પ્રમાણે કરતા. અને એક રિવાયતમાં છે કે હાથોને કાનોની બુટ્ટી બરાબર કરતા[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે કે હાથોને કાનો સુધી ઉઠાવવામાં આવે. મતલબ એ જ છે કે અંગૂઠા કાનો સુધી ઉઠે અને કાંડાં ખભાઓ સુધી. કાનો સુધી હાથ ઉઠાવવાની ઘણી હદીષો છે જે અમે અમારી કિતાબ 'જાઅલ્ હક્ક઼' ભાગ-૨માં એકત્ર કરી આપી છે.

*"એમનાથી જ રિવાયત છે કે તેમણે નબી ﷺને નમાઝ પઢતાં જોયા તો જ્યારે આપ આપની નમાઝની એકી રકાતમાં હોતા તો ઉભા ન થતા જ્યાં સુધી કે સીધા બેસી જતા." (બુખારી)*

**૧.** એનું નામ જલ્સએ ઈસ્તિરાહત છે એટલે કે આરામના માટે કાંઈક બેસવું. આ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ત્યાં સુન્નત છે, આપણે ત્યાં નથી. આપણી દલીલ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની તે હદીષ છે જે તિર્મિઝી વગેરે એ નક્લ કરી કે નબી ﷺ એકી રકાતોમાં પોતાના ક્દમોના સીના પર ઉભા થતા હતા. તેમજ ઈબ્ને અબી શયબાએ હઝરત ઈબ્ને મસ્ઊદ, અલી મુર્તઝા, ઉમર, ઈબ્ને ઉમર, ઈબ્ને ઝુબેર رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત કરી કે તે તમામ હઝરાત ક્દમના સીનાઓ પર ઉભા રહેતા હતા. ઈમામ શઅબીએ ફર્માવ્યું કે હુઝૂર ﷺના સર્વ સહાબીઓ ક્દમના સીના પર ઉભા રહેતા હતા. આ હદીષનો મતલબ જે અહીં વર્ણન થયેલ છે તે એ છે કે આપ બુઢાપા શરીફમાં જ્યારે કમજોરીના કારણે સજદાથી સીધા ન ઉઠી શકતા હતા તો થોડા બેસી જતા. આ અમલ મજબૂરન્ હતો.

*"હઝરત વાઈલ બિન હુજરથી[1] રિવાયત છે કે તેમણે નબી ﷺને જોયા, જ્યારે આપ નમાઝમાં દાખલ થયા તો હાથ ઉઠાવીને તકબીર કહી પછી પોતાના હાથ કપડામાં ઢાંકી લીધા[2] પછી જમણો હાથ ડાબા પર રાખ્યો[3] પછી જ્યારે રુકૂઅ કરવા ચાહ્યું તો કપડાથી હાથ કાઢયા પછી તેમને ઉઠાવ્યા અને તકબીર કહી પછી રુકૂઅ કર્યો. જ્યારે કહ્યું سمع اللہ لمن حمدہ તો આપે હાથ ઉઠાવ્યા[4]. પછી જ્યારે સજદો કર્યો તો પોતાની બંનેવ હથેળીઓના દરમિયાન કર્યો[5]. (મુસ્લિમ)*

**૧.** આપનું નામ વાઈલ ઈબ્ને રબિઅહ ઈબ્ને હજર ઈબ્ને વાઈલ ઈબ્ને યઅ્મર છે. કુન્નિયત અબૂ હમીદા, ક્બીલા બની હઝ્મથી છે. હઝરમૂતના શાહઝાદા હતા. જ્યારે ઈસ્લામ લાવવા હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા તો હુઝૂરે તેમના માટે પોતાની ચાદર બિછાવી દીધી અને પોતાની નજીક બેસાડી લીધા અને ફર્માવ્યું કે તમે અલ્લાહના માટે ઘણો લાંબો સફર કર્યો, અને ખૂબ જ દુઆઓ આપી. હઝરમૂતના હાકિમ બનાવ્યા એના પરથી જાણવા મળ્યું કે આપને હમેશાં બારગાહની હાજરી મયસ્સર ન હતી.

**૨.** કેમ કે ઠંડી વધુ હતી એટલા માટે હાથ લપેટી લીધા. જાણવા મળ્યું કે નમાઝમાં હાથ ખોલવા જરૂરી નથી. ચાદર વગેરેમાં હાથ લપેટીને અથવા ઢાંકીને પણ જાઈઝ છે.

**૩.** ઈમામ માલિક رحمۃ اللہ علیہ સિવાય તમામ ઈમામોને ત્યાં નમાઝમાં હાથ બાંધવા સુન્નત છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہને ત્યાં હાથ છોડવા સુન્નત છે. આ હદીષ સર્વ ઈમામોની દલીલ છે. તેમજ જમણો હાથ ડાબા હાથ પર રાખવો એ સૌને ત્યાં સુન્નત છે. એમાં મતભેદ છે કે ડૂંટીની ઉપર હાથ રાખે કે નીચે. આપણે ત્યાં નીચે રાખવા સુન્નત છે. ફ્કીરે 'જાઅલ્ હક્ક્' ભાગ–રમાં એના પર ૧૪ હદીષો રજૂ કરી જેમાં શબ્દ تحت السرہ તહતુર્રહ એટલે ડૂંટીની નીચે સ્પષ્ટપણે વર્ણન થયેલ છે. જેમ કે ઈબ્ને અબી શયબાએ સહીહ સનદ સાથે જેના સર્વ રાવી ષિક્હ છે, એ જ વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી કે આપ ફર્માવે છે કે મેં નબી પાક (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ને નમાઝ પઢતા જોયા તો આપે ડૂંટીની નીચે ડાબા હાથ પર જમણો હાથ રાખ્યો. દારકુત્ની, બયહકી, ઝરીન, કિતાબુલ આષાર લેખક ઈમામ મુહમ્મદ ઈબ્ને હઝમ વગેરેએ વિવિધ સહાબાથી મરફૂઅ તથા મૌકૂફ હદીષો નક્લ કરી જે સૌમાં "તહતુર્રહ" મૌજૂદ છે. તેમજ

ડૂંટીની નીચે હાથ બાંધવામાં અદબનું પ્રદર્શન છે. ગુલામ માલિકની સામે એ જ રીતે ઉભા રહે છે. કોણી પર ડૂંટીની ઉપર હાથ રાખવા પહેલવાનોનો તરીક઼ો છે જેઓ કુશ્તી લડતી વખતે બેબાક થઈને હરીફની સામે આવે છે. એની સંપૂર્ણ તેહક઼ીક઼ 'જાઅલ હક્ક઼' ભાગ– ૨માં જુઓ.

**૪.** હમણા થોડાક અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યુ છે કે રફએ યદૈનની એ સર્વ હદીષો મન્સૂખ છે, તેની નાસિખ વર્ણવવામાં આવી ચૂકેલ છે. ખરેખર શરૂમાં હુઝૂર રફએ યદૈન કરતા હતા પરંતુ છેવટ હયાત સુધી ન કર્યું. અહીં પણ એકવાર જોવાનો ઉલ્લેખ છે.

**૫.** એ રીતે કે માથુ મુબારક હાથોની વચ્ચે રહ્યું. આ હદીષ હનફીઓની મહાન દલીલ છે કે સજદામાં હાથ ખભાઓ સામે ન રહે બલ્કે માથાની આસપાસ એ રીતે રહે કે જો કાનના છીદ્રમાંથી ટીપાં પડે તો હાથના અંગૂઠા પર પડે.

*"હઝરત સહલ બિન સઅદથી રિવાયત છે[૧] ફર્માવે છે, લોકોને હુકમ આપવામાં આવતો હતો કે પુરૂષ નમાઝમાં જમણો હાથ પોતાના ડાબા પહોંચા પર રાખે[૨]." (બુખારી)*

**૧.** આપ અન્સારી છે. ખઝરજી છે. ક઼બીલા બની સાઅદાથી છે. હુઝૂર ﷺની વફાતના સમયે પંદર વરસના હતા. **મદીનામાં છેલ્લા સહાબી આપ જ છે.** એટલે સૌથી છેલ્લે આપનો જ વિસાલ થયો.

**૨.** પંજાની વચલી આંગળીની ટોચથી લઈને કોણી સુધીને કહે છે. અહીં ડૂંટી નીચે પહોંચા પર હાથ રાખવો મુરાદ છે. જો સીના પર હાથ રાખવો મુરાદ હોત તો પુરૂષની ક઼ૈદ (શર્ત) ન હોત, કેમ કે સ્ત્રીઓ સીના પર હાથ રાખે છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ નમાઝના માટે ઉઠતા તો ઉભા થતી વખતે તકબીર કહેતા પછી રુકૂઅના વખતે તકબીર કહેતા. પછી જ્યારે રુકૂઅથી પીઠ ઉઠાવતા તો سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહેતા, પછી ઉભા ઉભા કહેતા رَبَّنَا لَكَ الْحَمْدُ (રબ્બના લક઼લ હમ્દ)[૧] પછી જ્યારે ઝુકતા તો તકબીર કહેતા. પછી જ્યારે માથુ ઉઠાવતા તો તકબીર કહેતા. પછી જ્યારે સજદો કરતા તો તકબીર કહેતા, પછી જ્યારે માથુ ઉઠાવતા તો તકબીર કહેતા પછી પૂરી નમાઝમાં આ જ પ્રમાણે કરતા, ત્યાં સુધી કે એને પૂરી કરી લેતા. અને બે રકાતોમાં બેઠા પછી જ્યારે ઉઠતા તો તકબીર કહેતા[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** જ્યારે એકલા નમાઝ પઢતા ન કે જમાઅતમાં. કેમ કે જમાઅતમાં ઈમામ કેવળ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહે છે અને મુકતદી કેવળ رَبَّنَا لَكَ الْحَمْدُ કહે છે. બંને કલમા કેવળ એકલો નમાઝી જ ભેગા કરે છે. જો કે એકલો નમાઝી આ કલમા આહિસ્તા કહે છે, પરંતુ હુઝૂર ﷺ ઉમ્મતના માટે આહિસ્તા કલમા પણ કદીક અવાજથી કહી દેતા હતા. એટલા માટે સહાબાએ કિરામ ફર્માવે છે કે હુઝૂર ઝહોરમાં ફલાણી સૂરતો પઢતા હતા અને અસરમાં ફલાણી.

**૨.** ખુલાસો એ કે રુકૂઅથી ઉઠવા સિવાય બાકી નમાઝની દરેક હરકતમાં તકબીર કહેવી જોઈએ.

**ઘમંડની બુરાઈથી અલ્લાહની પનાહ !** : ફર્માને નબવી છે, હે અલ્લાહ ! હું ઘમંડની બુરાઈથી તારી પનાહ માંગુ છું. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૪૯)* અને ફર્માવ્યું કે જે શખ્સ દુનિયાથી એ હાલતમાં જશે કે તે ત્રણ ચીજોથી અલિપ્ત હોય તે જન્નતમાં જશે : (૧) ઘમંડ (૨) કરજ (૩) ખયાનત.

*(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૭૪, સુનને તિર્મિઝી, પેજ :૧૭૪, સુનને દારમી, ૨/૨૧૦)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અજબ ન થા રખશ કા ચમકના ગઝાલ દમ ખુર્દા સા ભળકતા**
**શુઆએં બુક્કે ઉળા રહી થીં તળપતે આંખોં પે સાઅકે થે**

*(રખશ = આપનો ચહેરો. ગિઝાલ = હરણ. દમ ખુર્દા = જેણે ગોળની શરાબ પીધેલી હોય.*
*શુંઆએં = તેજ રોશનીનાં કિરણો, બુક્કે = પ્રકાશના પુંજ. સાઅકે = વીજળીનું પડવું.)*

મેઅરાજની રાતે નબી અકરમ ﷺના અથવા આપ ﷺની સવારી (બુર્રાક)ના ચહેરાની ચમક દમક પર આશ્ચર્ય એટલા માટે નથી કે એ સમાં (માહોલ) જ એવો હતો કે ઈશ્કે રસૂલની શરાબના નશામાં મસ્ત થઈને બુર્રાક છલાંગો મારી રહ્યું હતું અને એ છલાંગો એટલા માટે મારી રહ્યું હતું કે ચો તરફથી તેજ રોશનીઓનાં કિરણોના ફુવારાઓ (પ્રકાશ પુંજ) ફૂટી રહ્યા હતા, અને આંખોમાં વીજળીઓ ચમકી રહી હતી. જાનવરની આંખોમાં તે જ રોશની પડે તો તે ખૂબ ઉછળે કૂદે છે અને અહીં તો વીજળીઓને (બુર્રાક બર્ક–વીજળીનું બહુવચન) પણ લગામો ચઢાવી દેનાર સિરાજમ મુનીર ખુદ વીજળીઓ ઉપર સવાર થઈ ગયો તો બુર્રાકને એ શોભતુ હતું કે ફખ્ર તથા નાઝથી નવા નવા અંદાઝ દેખાડતુ ચાલે.

અહીં શરહ કર્તા પોતાની ડાયરીમાંથી મેઅરાજ શરીફ વિશે વર્ણવે છે.

**મેઅરાજની નિશાનીઓ** : કુર્આન મજીદમાં મેઅરાજુન્નબી ﷺના હવાલાથી ફર્માવવામાં આવ્યું لنریہ من اٰیاتنا અમે અમારા ખાસ બંદાને રાતના થોડા ભાગમાં મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી સૈર એટલા માટે કરાવી જેથી અમે એ ખાસ બંદાને અમારી નિશાનીઓ બતાવીએ. હવે જોવાનું એ છે કે તે કઈ નિશાનીઓ હતી જેને દેખાડવા માટે અલ્લાહ તઆલાએ આટલા પ્રમાણમાં વ્યવસ્થા કરી. તો મેઅરાજના બનાવની વિગત વાંચવાથી જાણવા મળે છે કે કેવળ જન્નત તથા દોઝખ દેખાડવા માટે જ મેઅરાજ નથી કરાવવામાં આવી, કેમ કે આપ ﷺએ હઝરત બિલાલ رضی اللہ عنہને ઈર્શાદ ફર્માવ્યો કે હે બિલાલ ! તું શું નેકી કરે છે કે હું જ્યારે પણ જન્નતમાં ગયો તારા કદમોની આહટ (પગરવ)ને મારી આગળ પામી (کلما دخلت الجنۃ) "જ્યારે પણ"નો શબ્દ બતાવે છે કે આપ કેવળ એકવાર જ જન્નતમાં નથી ગયા, બલ્કે કેટલીયવાર તશરીફ લઈ ગયા છે. બલ્કે સલાતે કસૂફ પઢાવતી વેળા આપે જન્નતને આપની સામે પામી અને ફર્માવ્યું કે મારું દિલે ચાહ્યું કે જન્નતનો ઝુમખો તોડી લઉં જેથી આપ જીવનભર ખાતા રહો, પરંતુ પછી મેં મામલો ગયબનો ગયબ જ રાખ્યો. આપ ﷺએ ફર્માવ્યું કે મેં કૂતરાનો જીવ બચાવનારી સ્ત્રીને જન્નતમાં જોયી અને બિલાડીને બાંધીને મારનારીને દોઝખમાં જોઈ. કિતાબોમાં મૌજૂદ છે બલ્કે કૂતરાં તથા બિલાડીવાળી હદીષો તો સહીહ બુખારીમાં એક જ સ્થળે આગળ પાછળ આવે છે.

હુઝૂર ﷺ ફર્માવે છે કે હું હઝરત મૂસા علیہ السلامની કબ્ર પાસેથી ગુજર્યો તો મેં જોયું કે તે કબ્રમાં ઉભા પણ છે અને સલાત પઢી રહ્યા છે. હવે એ અલગ ચર્ચા છે કે સલાતથી મુરાદ નમાઝ છે કે દુરૂદ શરીફ, કેમ કે એ અજીબ વાત ગણાશે કે આપના ઘરે મહેમાન આવી રહ્યા હોય તો આપ એના આવતા પહેલાં નફલી નમાઝમાં વ્યસ્ત થઈ જાવ. મહેમાનના માટે તો નફલી રોઝો પણ તોડી શકાય છે અને વળી મહેમાન સૈયાહે લામકાં હોય અને મૂસા علیہ السلامને ખબર પણ હોય કે હુઝૂર ﷺ મૂસા علیہ السلامની કબ્રના રસ્તે થઈને બૈતુલ મુકદસ તશરીફ લઈ જઈ રહ્યા છે તો મૂસા علیہ السلام (જેમના પર નમાઝ ફર્ઝ પણ નથી) હુઝૂર ﷺના આવતા પહેલાં નમાઝમાં વ્યસ્ત થઈ જાય. એટલે માટે અહલે મહબ્બતે ફર્માવ્યું કે જ્યારે સલાતનો અર્થ દુરૂદ પણ છે તો આ પ્રમાણે પણ હદીષનો અર્થ થઈ શકે છે કે હુઝૂર ﷺ ત્યાં થઈને પસાર થવાના હતા જેથી મૂસા علیہ السلام પોતાની કબ્રમાં ઉભા રહીને હાથ બાંધીને "યા નબી સલામ અલૈક" પઢી રહ્યા હતા, એટલા માટે કે નમાઝની તો ખબર હતી કે એ જ આકાની પાછળ બયતુલ મુકદસમાં અદા કરવાની છે.

અહીં એ ગુઝારિશ પણ કરવાની છે કે હુઝૂર ﷺએ બયતુલ મુકદસની તરફ જવા માટે મૂસા علیہ السلامની કબરવાળો રસ્તો જ કેમ પસંદ કર્યો ? કોઈ જો કહે કે હુઝૂર ﷺએ થોડો પસંદ કર્યો હતો ? એ તો અલ્લાહે કર્યો હતો. તો પછી સવાલ ઔર વજનદાર બની જાય છે કે فعل الحکیم لا خلو عن الحکمۃ અલ્લાહે એવું શા માટે કર્યું ? આપણે ત્યાં તો લોકો કહે છે કે કબ્રો પર જવું બિદઅત છે અને આવુ છે અને તેવું છે ! اسری بعبدہ અલ્લાહ પોતાના મહબૂબને ખુદ લઈ જઈ રહ્યો છે અને તે પણ હઝરત મૂસા علیہ السلامની કબ્ર પર. સાબિત થયું કે કબ્ર પર જવું હુઝૂર ﷺની સુન્નત છે અને કબર પર લઈ જવું અલ્લાહની સુન્નત. ولن تجد لسنۃ اللہ تبدیلا અલ્લાહની સુન્નત બદલાયા નથી કરતી.

હવે જો હિંમત છે તો જે જે ફત્વા બીચારા સુન્ની પર લાગે છે તો અલ્લાહ વ રસૂલની તરફ પણ એ ફત્વો લગાડી જુઓ ! પછી જુઓ શું થાય છે ! તે જ થાય છે જે ખુદાને મંઝૂર હોય છે ! હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મૂસા علیہ السلام કબ્રમાં ઉભા પણ હતા અને સલાત પણ પઢી રહ્યા હતા. આ હદીષ કોઈ સામાન્ય સરખી કિતાબમાં નથી બલ્કે સહીહ મુસ્લિમમાં છે. હવે બતાવો કે જે મરી જાય, માટી બની જાય, જે મરી ગયા પછી હાથ ન હલાવી શકે, પોતે ગુસ્લ ન કરી શકે, કફન ન પહેરી શકે (જેવું કે મુન્કિરો દલીલ આપતાં કહે છે) તે ભલા હજારો વરસો પછી કબ્રમાં ઉભો કેવી રીતે થઈ ગયો ! અને સલાત કઈ રીતે પઢી રહેલ છે ?! સાબિત થયું કે દરેક મરવાવાળો માટી નથી બની જતો. વિચારો તો ખરા ! જે ઉભો થઈને નમાઝ પઢે તે મુર્દા હોય છે ?

એક મસ્અલો એ પણ જાણવા મળ્યો કે હુઝૂર ﷺ તો કબ્રની બહાર થઈને પસાર થઈ રહ્યા હતા તો આપે કેવી રીતે જોઈ લીધું કે મૂસા علیہ السلام કબ્રમાં ઉભેલા છે અને કાંઈક પઢી પણ રહ્યા છે ! અને તે પણ સલાત જ પઢી રહ્યા છે. ખાસ કરીને જ્યારે રાત પણ અંધારી હોય, સવારી પણ એટલી ઝડપી હોય કે નિગાહના છેડે એનો એક એક કદમ પહોંચતો હોય ! *હૈ સોચનેકી બાત–ઈસે બાર બાર સોચો !*

જ્યારે બદ અકીદા દેવબંદી એવો અકીદો ફેલાવે છે કે "નબીને દીવાલ પાછળની ખબર નથી !" તો પછી એ બદબખ્ત બતાવે કે કબ્રની અંદરનો ઈલ્મ કેવી રીતે થઈ ગયો ? માટીની આડ આપણી નજરને તો રોકી શકે છે પરંતું અલ્લાહના નબીની નિગાહનો એ આલમ હોય છે કે ઉપર નિગાહ કરે તો અર્શે મુઅલ્લાથી પાર જાય અને નીચે નિગાહ કરે તો તહતુષ્ષરા સુધી પહોંચી જાય.

એ પણ જાણવા મળ્યું કે જ્યારે હુઝૂર ﷺ કબ્રની બહાર રહીને કબ્રની અંદરનું સર્વ કાંઈ જોઈ રહ્યા છે તો કબ્રની અંદર રહીને આજે પણ કબ્રની બહાર પણ સર્વ કાંઈ જોઈ રહ્યા છે. સારાંશ કે આ હદીષ અહલે સુન્નતના અકીદાઓ માટે એક ખજાનો છે.

વળી સર્વ નબી મસ્જિદે અક્સા ભેગા થયેલા છે તેઓ કબ્રોએથી નીકળીને કેવી રીતે આવી ગયો ? વળી પછી કેટલાયે અંબિયાએ કિરામની સાથે આસ્માનો પર મુલાકાત થઈ. કબ્રોથી મસ્જિદે અક્સા પર પહોંચી ગયા પછી આસ્માનો પર ! તો ક્યાંક આ હયાતુન્નબીની સાથો સાથ હાઝિરો નાઝિર હોવાનો અકીદો તો સાબિત નથી થઈ રહ્યો ! (હા ! એવું જ છે !)

જો નઊઝુબિલ્લાહ ! નબી મુર્દા હોત તો મુર્દાને તો નમાઝે (જનાઝા) પઢાવતી વેળા આગળ રાખવામાં આવે છે, આ સર્વ તો પાછળ ઉભેલા છે ! સાબિત થયું કે સર્વ ઝિંદા છે. સર્વ બાખબર છે, પણ *બેખબર બેખબર જાનતે હૈ !*

અમુક રિવાયતોમાં છે કે મેઅરાજની રાતે

نظر عن یمینه رای ربه ونظر عن شماله رای ربه ونظر امامه رای ربه ونظر خلفه رای ربه ونظر فوق راسه رای ربه

હુઝૂર ﷺએ આગળ પાછળ ડાબે જમણે અને ઉપર જોયું તો દરેક તરફ અલ્લાહના નૂરને જલ્વાગર પામ્યું અને અર્ઝ કરી : *તજલ્લી તેરી ઝાત કી સૂ બસૂ હૈ–જિધર દેખતા હૂં ઉધર તૂ હી તૂ હૈ*

الحجاب فی حق المخلوق لا فی حق الخلق પર્દો મખ્લૂકના માટે છે ખાલિકના હકમાં નથી ان الیهود یقولون اللّٰه تعالیٰ علی العرش او علی الکرسی યહૂદીઓએ કહ્યું, "અલ્લાહ અર્શ પર છે અથવા કુર્સી પર !" અલ્લાહે પોતાના મહબૂબ ﷺને ફર્માવ્યું : ضع قدمک الیمنیٰ علی العرش والیسریٰ علی الکرسی કે, "હે હબીબ ! તારો જમણો પગ અર્શ પર રાખ અને ડાબો કુર્સી પર અને સાથે આવું પણ કહી દે : سبحن الذی اسریٰ بعبده તેમ છતાં પણ બંદો જ છું." સાબિત થયું કે ખુદા અબ્દ (બંદો) કહીને તૌહીદને બચાવી રહ્યો છે, અને મુલ્લો ફત્વા લગાડી રહ્યો છે !

- ❑ આપણા આકા ﷺ જો કે મેઅરાજની રાતે અલ્લાહની નિશાનીઓ જોવા ગયા હતા પરંતુ ઉપરવાળી મખ્લૂકને પોતે પોતાને દેખાડવા પણ ગયા હતા.
- ❑ લોકો કહે છે કે આટલા ઉપર નબી કેવી રીતે ચાલ્યા ગયા ?! હું અર્ઝ કરીશ કે તમે ઉપર જવામાં આશ્ચર્યમાં પડયા છો ?! ઊંચાઈ તો તેમનો મૂળ મકામ છે ! کل شیٔ یرجع الی اصله દરેક ચીજ પોતાની અસ્લની તરફ જ પલટે છે. પાણીમાં માટી નાખશો તો નીચે જ જશે. દડામાં હવા ભરીને પાણીમાં ડૂબાડશો તો ઉપર જ આવશે. આશ્ચર્ય તો એ વાત પર છે કે :

*વો હર આલમકી રહમત હૈ કિસી આલમમેં રહ જાતે–યહ ઉન્કી મહરબાની હૈ કે યહ આલમ પસંદ આયા*

તેમનું ઉપર જવું પણ બેમિષાલ અને નીચે આવવું પણ બેમિષાલ છે. والنجم اذا هوىٰ માં ઉપર જવાની કસમ પણ યાદ કરવામાં આવી અને નીચે આવવાની પણ. નીચે રહમત બનીને આવે છે અને ઉપર ઉમ્મતના માટે બખ્શિશનો સામાન કરવા માટે જાય છે. ઉપર જાય તો મેઅરાજ બને, નીચે આવે તો મીલાદ બને.

- ❑ આપ ﷺએ ફર્માવ્યું કે મેઅરાજની રાતમાં યૂસુફ علیه السلام વાળા કૂવા પાસેથી પણ પસાર થયા. આજ સુધી

પણ એનાથી યૂસુફની ખુશ્બુ આવી રહી હતી.

- આપે ફર્માવ્યું, એક પથ્થરથી ખુશ્બુ આવી રહી હતી. મને જિબ્રઈલે બતાવ્યું કે આ ઈસા علیہ السلامની પેદાઈશની જગા છે. મેં ત્યાં નમાઝ પઢી.
- આપે ફર્માવ્યું, એક જગાએથી ખુશ્બુ આવી. મેં પૂછયું, શું જન્નત નજીક આવી ગઈ છે ? તો જિબ્રઈલે અર્ઝ કરી, નહીં ! ફિરઔનની પત્ની હઝરત આસિયાની કબરથી જન્નતની ખુશ્બુ આવી રહી છે.

*હઝરત મૂસાસે સરે તૂર કલામ અપની જગહ હૈ—સરકારે મદીનાકા મકામ અપની જગહ હૈ*
*હૈ સારે રસૂલોંસે સિવા શાને મુહમ્મદ ﷺ—તસ્બીહકે દાનોંમેં ઈમામ અપની જગહ હૈ*

**હુજૂમે ઉમ્મીદ હૈ ઘટાઓ મુરાદેં દેકર ઉન્હેં હટાઓ**
**અદબકી બાગેં લિયે બળ્હાઓ મલાઈકહ મેં યહ ગુલગુલે થે**

*(હુજૂમ = ભીડ. બાંગેં = લગામો, ગુલગુલે = ચર્ચાઓ)*

**અર્થાત :** મેહબૂબ ﷺ બુર્રાક઼ પર સવાર થવા લાગ્યા તો જ્યારે સાઈલોની ભીડ થઈ ગઈ તો હુકમ થયો કે ઉમ્મીદો ઓછી કરો (એટલે કે માંગવાવાળાઓને તેમની માગ પ્રમાણે આપીને ફારિગ કરી દો અને ફરિશ્તા પોકારી રહ્યા હતા કે આદાબને લક્ષમાં રાખીને સવારીને ચાલવા દો.

**ઉઠી જો ગર્દે રહે મુનવ્વર વો નૂર બરસા કે રાસ્તે ભર**
**ઘિરે થે બાદલ ભરે થે જલ થલ ઉમંડકે જંગલ ઉબલ રહે થે**

*(ગર્દ = ધૂળ. રહે મુનવ્વર = રોશન માર્ગ. જલ થલ = ચો તરફ પાણી જ પાણી)*

**અર્થાત :** સૈયદુલ અંબિયા ﷺની સવારી બારી તઆલાની તરફ ચાલી તો એવી નૂરાની ધૂળ ઉઠી કે ચો તરફ નૂર જ નૂર છવાઈ ગયું, જાણે વાદળોએ રસ્તો ઘેરી રાખ્યો છે અને રંગ તથા નૂરની એવી વર્ષા વરસી કે ચો તરફ પાણી જ પાણી થઈ ગયું, બલ્કે જંગલથી પણ પાણીના (નૂરના) ફુવારા ઉભરાવા લાગ્યા. મઆરિજુન્નબુવ્વતમાં છે કે આપની જમણે ડાબે એંસી એંસી હજાર ફરિશ્તા હતા. દરેકની પાસે નૂરની શમ્અ હતી. જ્યારે હુઝૂર ﷺએ પોતાના રુખે અન્વરને જાહેર કર્યું તો આપ ﷺનું હુસ્ન સર્વ નૂરો પર ગાલિબ આવી ગયું (સવાર થઈ ગયું.) જ્યારે કે એક હિજાબ સિત્તેર હજાર હિજાબો (પર્દાઓ)માંથી ઉઠાવ્યો હતો. *(ક્રમશઃ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂ. ૫૫૦/–** (ટપાલ ખર્ચ સહિત)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(વિભાગ-૧૧)*

### અલ્લાહનો ડર તથા તવક્કુલ

શયખની ખિદમતે અક઼દસમાં હાજર થયો તો મૌલાના બુરહાનુદ્દીન હાંસવી, શયખ બદરુદ્દીન ગઝનવી અને અન્ય મુરીદો મૌજૂદ હતા. હઝરત ખૌફ (ડર) તથા તવક્કુલ (ભરોસા)ના વિષ પર ચર્ચા કરી રહ્યા હતા.

ફર્માવ્યું, દુરવેશો ! અલ્લાહનો ડર બેઅદબ બંદાઓના માટે બોધ લેવાની ચિમકી છે જેથી તે અલ્લાહ તઆલાના ડરથી નાફર્માનીઓથી દૂર થઈ જાય, અને સીધા માર્ગે મજબૂતીથી ડગ ભરતા થઈ જાય.

કલામે પાકમાં ઈર્શાદ થાય છે :

اَلَمْ یَاْنِ لِلَّذِیْنَ اٰمَنُوْۤا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ

"શું ઈમાનવાળાઓ માટે હજી તે સમય નથી આવ્યો કે એમનાં દિલ ઝુકી જાય ?! (સૂરએ હદીદ, ૫૭/૧૬ કન્ઝુલ ઈમાન) હે બંદાઓ ! સમય આવી ગયો છે કે તમારાં દિલ અમારા ખૌફથી નરમ થઈ જાય. તમારામાંથી કોઈ છે જે અમારી સાથે સુલહ કરીને તૌબા કરે અને અમે એની તૌબા મંઝૂર કરી લઈએ.

### ★ ખૌફનું મૂળ ★

હઝરત અક઼દસે ફર્માવ્યું, ખૌફ (ડર) ખુદાના અદ્લથી છે. અને રજા (કરમની ઉમ્મીદ) તેના ફઝ્લથી છે. ખુદાવંદે કરીમને ત્યાં અઝીઝતરીન ઈન્સાન તે છે જેનો મક઼ામ ખૌફ તથા રજા (ડર તથા ઉમ્મીદ)ની વચ્ચે છે. (હદીષમાં છે : الایمان بین الخوف والرجا ઈમાન ડર તથા ઉમ્મીદ (ખૌફ તથા રજાની વચ્ચે છે.) એક બુઝુર્ગ હતા જે ચાલીસ વરસો સુધી ખુદાના ખૌફથી રડતા રહ્યા. અને જ્યારે મૌતના ભયાનક મન્ઝરને યાદ કરતા ઝાડનાં પાંદડાંની જેમ કાંપી ઉઠતા, ત્યાં સુધી કે બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવતા તો આ આયતે કરીમા પઢતા :

اِنَّ الْاَبْرَارَ لَفِیْ نَعِیْمٍ ﴿۱۳﴾ وَ اِنَّ الْفُجَّارَ لَفِیْ جَحِیْمٍ ﴿۱۴﴾

"બેશક ! નેકોકાર જરૂર ચેનમાં છે, અને બેશક બદ્કાર જરૂર દોઝખમાં છે." *(સૂરએ ઈન્ફિતાર, ૮૨/૧૩,૧૪ કન્ઝુલ ઈમાન)* પછી નારો મારતા અને ગબડી પડતા. ફર્માવે છે કે મને ખબર નહીં આ બે ગિરોહ (વર્ગો)માં મારો સંબંધ કોનાથી હશે, અને મને કઈ સફમાં ઉભો કરવામાં આવશે. ત્યાર બાદ જ્યારે તે બુઝુર્ગે વિસાલ કર્યો તો ઈરાદતમંદો (મુરીદો)માંથી

અમુકે તેમને ખ્વાબમાં જોયા તો પૂછયું, હઝરત ! બારગાહે ખુદાવંદીમાં આપની સાથે કેવો વર્તાવ કરવામાં આવ્યો ? ફર્માવ્યું, તે જ વર્તાવ જે દોસ્તો સાથે કરવામાં આવે છે, પણ જ્યારે મને અર્શ નીચે લઈ જવામાં આવ્યો તો હઝરતે બારી અઝ્ઝ ઈસ્મુહથી ફર્માન થયું, હે દુરવેશ ! તમે આટલો ગિર્યા (રૂદન આજીજી) કેમ કર્યા કરતા હતા ? શું તમે ન જાણતા હતા કે અમે ગ઼ફ્ફાર છીએ ? મેં અર્ઝ કરી, મૌલા ! તારી શાને કહ્હારીના ખૌફથી રડતો હતો. જ્યારે મેં આ અર્ઝ કર્યુ તો સંબોધન થયું, ફરિશ્તાઓ ! તેના આમાલનામામાં જન્નતની ઈબાદતો છે તેને લખી લો. અને ફર્માવ્યું, જાવ ! અમે તમને આ ખૌફના સદક઼ામાં બખ્શી આપ્યા.

હઝરત અક઼દસે એક અન્ય બનાવ વર્ણવ્યો કે જ્યારે સૈયદના યહયા علیہ السلام બચપનમાં જ ખૂબ જ અધિક પ્રમાણમાં રડયા કરતા હતા. એક દિવસે એક પહાડની ટોચ પર માથુ સજદામાં રાખીને ગિર્યાઓ ઝારી કરી રહ્યા હતા. તેમના વાલિદા માજિદા (માતા) તલાશ કરતાં કરતાં ત્યાં પહોંચી ગયાં અને જોયું કે રડી રહ્યા છે. મમતાભેર તેમનુ માથુ પોતાની ગોદમાં રાખ્યું. સૈયદના યહયા علیہ السلام સમજ્યા કે મૌતનો ફરિશ્તો આવી ગયો. ફર્માવ્યું, થોડીવાર રોકાઈ જાવ તો હું મારા વાલિદાને જોઈ આવું. જેવું સૈયદના યહ્યા علیہ السلامએ આવું કહ્યું તો તેમનાં વાલિદા જોરથી બોલી ઉઠયાં, હે માની જાન ! હું મૌતનો ફરિશ્તો નથી ! તારી મા છું ! આવ ! મારી આગોશમાં આવી જા. આ થોડુક ખાવા તમારા માટે લાવી છું તો ઉઠો એને ખાય લો. હઝરત યહ્યા علیہ السلام માના હુકમની અવગણના ન કરી શક્યા. માની સાથે ઘરે ગયા. ઘરે આવીને તેમણે પૂછયું, યહ્યા બેટા ! તું હજી બાળક છે. ગુનાહોની ખરાબીઓથી તારુ વજૂદ પાક સાફ છે, પછી તું શા માટે આટલો ગિર્યા (રૂદન) કરે છે ?! આટલુ બધુ ન રડયા કર. જ્યારે વાલિદાએ આ વાત કહી તો સૈયદના યહ્યા علیہ السلامએ જવાબ આપ્યો, અમ્મી જાન ! એ બરાબર છે જે આપ કહી રહ્યા છો પણ ક઼યામતના દિવસે જો મને દોઝખના ભડકામાંઓ નાખવા લાગે અને તમો જોઈ રહ્યાં હોવ તો શું તમો મને એ અઝાબથી નજાત અપાવી શકો છો ? માએ જવાબ આપ્યો, નહીં ! ફર્માવ્યું, તો પછી અમ્મી જાન ! આપ મને રડવાથી અને ખૌફે ઈલાહીથી ન રોકો કે આજે મારે એનો ઉપાય કરવો જોઈએ જેથી કાલે ક઼યામતમાં દોઝખના ભડકાઓથી છૂટકારો મળી શકે.

## ★ અંબિયા તથા અવલિયા ખૌફે ખુદાથી કાંપે છે ! ★

ફર્માવ્યું, હે દુરવેશ ! અંબિયા علیہم السلام તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعین ખુદાના ખૌફથી એવા નરમ થઈ જાય છે જેમ કે સોનું પ્યાલીમાં પીગળે છે. કેમ કે આખેરતના અંજામની ફિકર દરેકને રહે છે. બુઝુર્ગાને દીનમાંથી એક બુઝુર્ગ અબ્દુલ્લાહ ખફીફ ૪૦ વરસ સુધી રાતે ન સૂતા અને પાસુ મુબારક પણ જમીનથી ન લગાડયું. ખુદાના ખૌફથી એટલુ રડતા કે આંસુઓના પુષ્કળ પ્રમાણમાં વહેવાના કારણે ગાલ પર ગોશ્ત નામનો બાકી રહી ગયો હતો. એટલા મશગૂલ રહેતા કે લોકો કહેતા કે ગાલોની વચ્ચે પક્ષીઓએ પોતાનો બસેરો કરી લીધો છે. ખુદાના ખૌફમાં એટલા પ્રમાણમાં પરેશાન રહેતા કે એમના આવવા જવાની ખબર પણ ન રહેતી. એ બુઝુર્ગ જ્યારે ક઼યામત અને ક઼બ્રના બારામાં વાતચીત કરતા તો ઝાડનાં પાંદડાંની જેમ કાંપતા અને બેહોશ થઈને પાણી વિનાની માછલીની જેમ તડપતા રહેતા. જ્યારે પોતે પોતાને સંભાળી લેતા તો આ આયતે કરીમા પઢતા : فَرِيْقٌ فِي الْجَنَّةِ وَفَرِيْقٌ فِي السَّعِيْرِ "એક વર્ગ (ગિરોહ) જન્નતમાં છે અને અક ગિરોહ દોઝખમાં." *(સૂ. શૂરા,*

૪૨/૭) પછી રડતા અને કહેતા, માલૂમ નહીં મારો મક઼ામ કયા ગિરોહ સાથે થશે. આખરી સમય સુધી આ જ પ્રમાણે જિંદગી પસાર કરી, ત્યાં સુધી કે તેમણે વિસાલ કર્યો.

આ જ પ્રમાણે હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ત્રીસ વરસો સુધી બિસ્તર પર આરામ કરવાથી દૂર રહ્યા. જ્યારે કદી ઊંઘનો ગલ્બો થતો (ઊંઘ છવાતી) તો હઝરત બેહોશ થઈ જતા. જ્યારે સંભલતા તો પોતાના નફ્સને કહેતા, હે નફ્સ ! તેં હઝરતે બારી તઆલા ﷻ ની શાનને લાયક કોઈ ફર્માંબરદારી નથી કરી કે ક઼યામતના દિવસે નજાત પામી જાય અને ખુદાને પહેચાનવાનો હક્ક઼ અદા કરતો જેવો કે થવો જોઈએ. હે નફ્સ ! તું તો દુનિયા તથા આખેરતમાં નકામો રહ્યો. આ રીતે હઝરત જિંદગી ગુજારવા પર અફસોસ કરતા અને રડતા રહેતા. કુર્આને કરીમ પઢતી વખતે જ્યારે અઝાબની આયતો પર પહોંચતા તો મુદ્દતો સુધી આલમે તહૈયુરમાં એ રીતે રહેતા કે મખ્લૂક઼થી બેખબર રહેતા. જ્યારે હોશમાં આવતા તો ફર્માવતા, ક઼યામતમાં જો અબૂ હનીફા મુક્ત થઈ ગયો તો આશ્ચર્યવાળી વાત છે !

ફર્માવ્યું, એક નેક તથા પવિત્ર નવ યુવાન ખૌફે ઈલાહીથી એટલો કમજોર તથા અશક્ત થઈ ગયો હતો કે હાડકાંનું માળખુ દેખાતુ હતું. જ્યારે રાત થતી તો પોતાના ગળામાં રસ્સી નાખી લેતો અને જ્યારે સજદામાં માથુ રાખતો તો કહેતો, "મેં બેઅંદાઝા તથા બેહદ ગુનાહ કર્યા છે. હે અલ્લાહ ! ક઼યામતના દિવસે મારા ગુનાહોને જો દુનિયાના લોકો સમક્ષ પેશ કરીશ તો હું મારું કાળુ મોંઢુ કેવી રીતે જાહેર કરી શકીશ !" આખી જિંદગી આ જ હાલતમાં રહ્યો. રાતોમાં ગિર્યાઓ ઝારી કરતાં કરતાં બેહોશ થઈ જતો અને જ્યારે હોશમાં આવતો તો પછી ઝિક્ર શરૂ કરી આપતો. તેને પોતાના શરીર તથા જાનની ખબર પણ ન રહેતી. એ બુઝુર્ગ નવયુવાને પોતે પોતાને સખત મહેનતમાં નાખી રાખેલ હતો. ઈંટનો તકીયો બનાવેલ હતો. જ્યારે તેના મૃત્યુનો સમય નજીક આવ્યો તો પોતાની વૃદ્ધ માને નજીક બોલાવ્યાં અને કહ્યું, અમ્મી જાન ! જ્યારી મારી રૂહ તથા શરીરનો સંબંધ ખત્મ થાય તો એક રસ્સી લઈને મારી ગરદનમાં નાખજો અને ઘરની ચારેવ બાજુ ફેરવજો અને કહેજો, આ તે શખ્સ છે જે પોતાના ખુદાના હુઝૂરથી ભાગતો હતો. એવા શખ્સની આવી જ સજા હોય છે. બીજુ કે મારો જનાઝો રાતના સમયે બહાર કાઢવા દેજો કેમ કે જે શખ્સ જોશે તે મારા ગુનાહ પર અફસોસ કરશે. ત્રીજુ એ કે જ્યારે ક઼બ્રમાં રાખવામાં આવું તો મારી પાસે રોકાજો અને મારી ક઼બ્રને એકાંતમાં ન છોડશો કે ક્યાંક મને અઝાબ આપવાનુ શરૂ ન કરી આપે. શક્ય છે આપના ક઼દમોની બરકત તથા સીના દર્દભરી આહોથી મારી બખ્શિશનો સામાન થઈ જાય. આ વસિયત કરી અને વિસાલ થઈ ગયો. તેની મા વસિયત પ્રમાણે ગરદનમાં રસ્સી નાખવા લાગ્યાં તો ઘરના ખૂણેથી અવાજ આવ્યો, હે ખાતૂન ! આશિક઼ પોતાના મહબૂબની બારગાહમાં પહોંચી ગયો. એ જવાનથી હાથ રોકી લે. તેની ગરદનમાં રસ્સી નાખવાની બેઅદબી ન કરતી કે તે તો અમારા આશિક઼ોમાંથી હતો અને ખુદાના અવલિયા સાથે વિસાલ પછી આવો વર્તાવ કોણ કરી શકે છે ?! એને છોડી આપ કે એ અમારો વલી છે. અમે એની મગફિરત કરી આપી.

ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ પણ ખૌફે ખુદાથી ખૂબ જ ગિયાઓ ઝારી (રૂદન) કર્યા કરતા હતા. એવું જણાતુ હતું કે પાણીની નદીઓ આંખોથી વહી રહી છે. એકવાર હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا એમના ઉપલા માળ પાસેથી પસાર થયાં. રડવાનો અવાજ સાંભળ્યો તો ઉપર ગયાં અને પૂછયું, હસન ! શું વાત છે ? આપ આટલા પ્રમાણમાં કેમ રડી રહ્યા છો ? ફર્માવ્યું, ખુદાવંદે તઆલાના ખૌફથી રડી રહ્યો છું, માલૂમ નહીં ક઼યામતમાં ક્યા ગિરોહમાં હશ્ર ફર્માવશે. *(ક્રમશઃ)*

खुत्बाते जुम्आ

ઈસાઈઓંમેં ભી ઔર મુસલમાનોંમે ભી યહૂદી કી ફિત્નાગરી કા હાલ

# રાફઝી ફિર્કા યહૂદી સાઝિશ કા નતીજા

અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)

## ★ ઈબ્ને સબા કા પેહલા વાર ★

અવ્વલન ઉસને ખાનદાને નબુવ્વતસે મહ઼બ્બત કા ઈઝહાર કિયા ઔર અપને ગિરોહ કો ઉસી અમ્ર પર તહરીસ દિલાઈ, હત્તા કે ખુલફાએ ષલાષા (તીન ખલીફા) કા ઝિક્ર છોળકર સિર્ફ હઝરત અલી رضی اللہ عنہ કી તારીફો તઆરુફ ઔર હિકાયત કી બાત કરને લગા. લોગ ઉસે નાસેહ (નસીહત કરનેવાલા) સમજકર ઉસકે મોઅતકિ઼દ હો ગયે.

## ★ ઈબ્ને સબા કા દુસરા વાર ★

જબ ઉસને ખુલફાએ ષલાષા (તીન ખલીફા)સે હટાકર સિર્ફ હઝરત અલી رضی اللہ عنہ કી તરફ ઉન્હેં માઈલ કર લિયા તો આગે ઉનકે દિલોંમેં યહ બાત ડાલી કે હઝરત અલી رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم કે બાદ સબસે અફઝલ હૈ. (મઆઝલ્લાહ !)

## ★ ઈબ્ને સબા યહૂદી કા તીસરા વાર ★

જબ ઉસને દેખા કે ઉસકે શાગિર્દ હઝરત અલી کرم اللہ وجہہ الکریم કી અફઝલિયત કે ક઼ાઈલ (માનનાર) હો ગયે તો તીસરી તા'લીમ યહ દી કે હઝરત અલી رضی اللہ عنہ હુઝૂર કે વસી (જિનકે લિયે વસિયત કી ગઈ હો) હૈં ઔર હુઝૂર صلی اللہ علیہ وسلم ને સરાહતન્ (સ્પષ્ટપણે) અપને બાદ ઉન્હેં ખલીફા બનાયા થા, લેકિન સારે સહાબાને બસબબ અપને ગલ્બ ઔર મકર (ધોકો) કે હુઝૂર صلی اللہ علیہ وسلم કી વસિયત કો ઝાએઅ કર દિયા (ઉડાડી આપી) ઔર દુન્યા કી લાલચમેં દીનસે ફિર ગએ. (મઆઝલ્લાહ ! જૂઠે પર અલ્લાહ કી લઅનત ! –*તંત્રી*)

## ★ ઈબ્ને સ઼બા કા ચોથા વાર ★

ઔર ફિદક કે મામલે કો અપને લિયે સનદ બનાયા કે સારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દુન્યા પરસ્ત ઔર લાલચી થે. (મઆઝલ્લાહ !) ઈબ્ને સબા યહૂદીને અપને મખ્સૂસ શાર્ગિદોં કો યહ તા'લીમ દેને કે બાદ હરેક કો ભેદ છુપાને કી બિલ્મુબાલિગા (ભારપૂર્વક) વસિયત કી ઔર કહા કે તુમ લોગોં કે સામને ઈસ કિ઼સ્મ કી ગુફતગૂ ઔર બાતચીત આ પળે તો મેરા નામ મત લેના બલ્કે મુઝસે તબર્રા (નફરત) ઔર બેઝારી ઝાહિર કરના, ઈસ વાસ્તે કે મુઝકો ઈસ વસિયતો નસીહત (ગંદે અકી઼દે)સે મહઝ બયાને હક્ક઼ ઔર ઈઝહારે અમ્રે વાકિ઼આ મન્ઝૂર હૈ ન કે નામો નિશાન ઔર નસબો જાહ. (મારે નામના નથી જોઈતી)

ઈસ તરહ હઝરત અલી کرم اللہ وجہہ الکریم કે લશ્કરમેં ખુલફાએ ષલાષા (ત્રણ પ્રથમ ખલીફાઓ) પર તઅનો દુશ્નામ (ટીકા ટિપ્પણ તથા ગાળ ગલોચ) જારી હુઈ ઔર લળાઈ ઝઘળા હોને લગા, યહાં તક કે હઝરત અલી رضی اللہ عنہ ને બર સરે મિમ્બર ઉનસે બરા'ત કા ઈઝહાર કિયા ઔર બઅઝકો વઈદ ઔર બઅઝ કો શરઈ હદ લગાઈ.

ઈબ્ને સબાને જબ યહ દેખા કે તીર નિશાને પર લગ ગયા હૈ, મુસલમાનોં કે અકી઼દેમેં ફિત્ના વ ફસાદ પળ ગયા હૈ ઔર વો આપસમેં એક દુસરે કી આબરૂકે દર પે હો ગયે હૈં તો એક ગિરોહ અખસતુલ ખવાઈસસે (ખાસમ ખાસ લોકોમાંથી) છાંટકાર ખલ્વતે ખાસ (ખાસ એકાંતમાં) મેં ક઼સમ લેકર દુસ્રા ભેદ જો કે સબસે

ઝયાદા બારીક ઔર નાઝુકતર થા, બયાન કિયા.

**★ ઈબ્ને સબા કા પાંચવાં વાર ★**

ઉન્હેં હઝરત અલી رضی اللہ عنہ કી ખારિકે આદાત કરામતેં, હાઝર જવાબી, ફસાહત વ બલાગત ઔર શુજાઅત દિખાકર ઔર બાઝ બાતેં જો હઝરત અલી رضی اللہ عنہ સે વજદો હાલમેં સરઝદ હૂઈ, મષલન્ : اَنَا حَیٌّ لَا یَمُوۡتُ "મૈં ઐસા ઝિંદા હૂં મુઝ કો મૌત નહીં." اَنَا بَاعِثٌ مَنۡ فِی الۡقُبُوۡر "મૈં ક઼બ્રોં સે મુર્દોં કો ઉઠાનેવાલા હૂં." وَاَنَا مُقِیۡمُ الۡقِیَامَةِ "મૈં હી ક઼યામત ક઼ાઈમ કરનેવાલા હૂં." બતાકર કહા કે યહ ઈન્સાની બસકા નહીં. યહ ઉલૂહિયત કે (ખુદાઈનાં ખાસ કામો) હૈં. જો લિબાસે બશરિયતમેં જલ્વાગર કર રહે હૈં. ઈસ આખરી ભેદ કો લોગોંમેં છુપાનેકી ખૂબ તાકીદ કી ઔર કહા : وَاَنَا مُقِیۡمُ الۡقِیَامَةِ فاعلموا أن علياً لاإله إلاهو "જાન લો કે અલી કે સિવા કોઈ મઅબૂદ નહીં !" (મઆઝલ્લાહ !)

જબ યહ બાતેં હઝરત અલી رضی اللہ عنہ તક પહૂંચી તો આપને ઉસ ગિરોહ કો આગમેં જલાને સે ડરાયા, તૌબા કરાઈ ઔર વહાંસે નિકાલ કર શહર મદાઈન ભેજ દિયા. વહાં ભી ઉન્હોંને યહી બાતેં શુરૂઅ કીં.

ઈબ્ને સબાને ઈરાક઼ ઔર આઝરબૈજાન અપને શાગિર્દોં કો ફૈલા દિયા. હઝરત અલી رضی اللہ عنہ જંગો કી કષરત ઔર ઉમૂરે ખિલાફત કી વજહસે ઈબ્ને સબા ઔર ઉસ્કે મુતબૈય્યીન કી (અનુયાયીઓની) તરફ તવજ્જોહ ન દે સકે હત્તા કે ઉસકા મઝહબ રિવાજ પા ગયા ઔર ફૈલ ગયા.

**હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رضی اللہ عنہ ફર્માતે હૈં, બસ હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہ કા લશ્કર (ઈબ્ને સબા યહૂદી) શૈતાન કે વસવસોંસે ચાર ફરીક઼ (ગ્રૃપો)મેં હો ગયા. સબસે પેહલી સચ્ચી મહ઼બ્બત કરનેવાલી જમાઅત કે અહલે સુન્નત કે પેશવા હૈં, વો હઝરત મૌલા અલી رضی اللہ عنہ કે મક઼ામો મર્તબા, અસ્હાબે કેબાર ઔર અઝવાજે મુતહ્હારત કે મક઼ામો મર્તબા કો પહચાનતે થે ઔર ઝાહિરો બાતિનમેં ઉન સબ કે હુકૂક઼ કી પાસદારી (લેહાઝ) કરતે થે. બાહમી જંગો કે બાવજૂદ સીનાએ બેકીના કો હર ક઼િસ્મ કે મકરો નિફાક઼સે દૂર ઔર સાફ રખતે થે. ઉન્હીં કો શીઆ઼ ઉલા ઔર શીઆ઼ મુખ્લિસીન કહતે હે. યહ ગિરોહ બજમીઅ વુજૂહ બહુકમે اِنَّ عِبَادِیۡ لَیۡسَ لَکَ عَلَیۡهِمۡ سُلۡطٰنٌ "બેશક ! મેરે બંદો પર તેરા કુછ ક઼ાબૂ નહીં સિવાય ઉન ગુમરાહોં કે જો તેરા સાથ દેં." (સૂરએ હજર, આ. ૪૨) ઉસ શૈતાન (ઈબ્ને સબા યહૂદી) મક્કાર કે શરસે મહેફૂઝ રહા. ઉનકા દામન ઈસ પલીદ કી નજાસત (નાપાકીની નાપાકી) ઔર ખબાષતસે પાક રહા. હઝરત અલી મૌલા અલી رضی اللہ عنہ ને ઈસી ગિરોહ કી મદહ વ સતાઈ (પ્રશંસા) ફર્માઈ ઔર ઉનકી રવિશ ઔર તરીકે કો પસંદ ફર્માયા.

**પેહલા ફિર્ક઼ા "તફઝીલિયા"** : જો હે હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہ કો સબ સહાબા પર ફઝીલત દેતા હે. યહ ફિર્ક઼ા ઈસ લઈન ઈબ્ને સબા યહૂદી કા અદના શાગિર્દ થા. ક્યૂં કે ઉન્હોંને ઉસકા થોળા સા વસવસા ક઼બૂલ કિયા. ઔર હઝરત અલી رضی اللہ عنہ ને ઉનકો બહૂત ડરાયા ઔર ધમકાયા કે અગર મૈંને કિસી કો સુના કે મુઝકો શયખૈન (હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ ઔર હઝરત ઉમર رضی اللہ عنہما) પર ફઝીલત દેતા હૈ તો ઉસકો ઈફતેરા (તોહોમત લગાડવાની) કી સઝા ૮૦ કોળે (કોરડા) મારુંગા.

**દૂસરા ફિર્ક઼ા "શીઆ સબ્બિયહ"** : "સબ" બમઅના દુશનામ (ગાળ) ઉનકો **"તબર્રાઈ"** (ભલુ બુરુ બોલનાર) ભી કહતે હૈં. **યહ ફિર્ક઼ા તમામ સહાબાએ કિરામ કો ઝાલિમ વ ગ઼ાસિબ બલ્કે કાફિર વ મુનાફિક઼ જાનતા હૈ** ઔર યહ લઈન

(લઅનતી) કે અવસત દરજે (મધ્યમ કક્ષા) કે શાગિર્દોં મેં સે હૂએ.

**તીસરા ફિર્કા "શીઆ ગુલાત"** : યા'ની નિહાયત હદસે બળ્હા હુવા કે યહ લોક ઈસ ખબીષ ઈબ્ને સબા (યહૂદી) કે ખાસુલ ખાસ ઔર અકબર શાગિર્દોંમેં સે હૈં ઔર યહ **હઝરત મૌલા અલી** رضی اللہ عنہ**કી ઉલૂહિયત કે કાઈલ (ખુદા હોને કો માનનેવાલે) હૂએ.** ઔર મુખ્લિસીન ઉનકો સમજાતે કે હઝરત મૌલા અલી رضی اللہ عنہમેં ઉલૂહિયત (રબ હોવા વિરુદ્ધ) મુકતદિયાતે બશરિયત (માનવ હોવાના તકાઝાઓ) પાએ જા રહે હૈં, તો ઉલૂહિયતસે ફિરકર હુલૂલ કે (ખુદા હોવાથી ફરી જઈને **તેમનામાં ખુદાએ પ્રવેશ કર્યો છે એના) કાઈલ હો ગયે,** કે રૂહે ઈલાહીને કાલિબે બશરીમેં નુઝૂલ કિયા હૈ. (મઆઝલ્લાહ !)

અબ ઈસસે માલૂમ હુવા કે અસલ ઉસૂલ, શીઓં કે તીન ફિર્કે હૈં કે તીનોં એક વક્તમેં પેદા હુએ ઔર ઉન તીનોં ફિર્કોં કા બાની મબાની (સ્થાપક) વહી એક યહૂદી ખબીષુલ બાતિન, નિફાક પેશા, ઈબ્ને સબા યહૂદી થા, કે હર એક કો એક દૂસરે પર ફરેબ્તા કર કે અપને જાલમેં ફાંસા.

*(તોહફએ ઈષ્ના અશરિયા મુલખ્ખસન્)*

હઝરત ઈસા علیہ السلام કે આસ્માનોં પર ઉઠાએ જાને કે બાદ ઈકયાસી બરસ તક ઉનકી કૌમ અપને નબી કે નકશે કદમ પર કાઈમ રહી, ફિર ઉન્હેં બૂલસ નામી એક યહૂદીને મક્રો ફરેબસે ફિર્કા પરસ્તીમેં મુબ્તલા કિયા.

ઈસી તરહ હમારે નબી હુઝૂર સૈયદુલ અંબિયા ﷺ કે વિસાલે ઝાહિર કે તકરીબન ૨૫ બરસ બાદ ઈબ્ને સબા યહૂદીને મુસલમાનોં કો ફિર્કાપરસ્તીમેં મુબ્તલા કિયા.

"બૂલસ" ઔર "ઈબ્ને સબા" ઈન દોનોં યહૂદિયોં કી ચાલોં પર ગૌર કરેં કે કિતની યક્સાનિયત (સમાનતા) મૌજૂદ હૈ ! બૂલસને ભી તદરીજન (ક્રમે ક્રમે) ફાસિદ અકાઈદ ફૈલાયે ઔર ઈબ્ને સબાને ભી તદીરજન્ ફાસિદ અકાઈદ ફેલાએ. બૂલસને ભી હઝરત ઈસા علیہ السلامસે મહબ્બત કા દા'વા કિયા ઔર ઈબ્ને સબાને ભી હઝરત મૌલા અલી رضی اللہ عنہસે મહબ્બત કા દા'વા કિયા.

બૂલસ અને ઈબ્ને સબા દોનોંને ઈસ મહબ્બત મેં ગુલૂ કિયા (અતિશયોક્તિ કરી) બૂલસને હઝરત ઈસા علیہ السلام કો ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર), ષાલિષે ષલાષા ઔર અયન ખુદા કરાર દિયા ઔર ઈબ્ને સબાને હઝરત મૌલા અલી رضی اللہ عنہ કો અફઝલુસ્સહાબા ઔર ઈલાહ (ખુદા) કરાર દિયા.

બૂલસ ભી ઈસાઈયત કા લિબાદા ઓળ્હકર ઈસાઈઓમેં દાખિલ હુવા ઔર ઈબ્ને સબા ભી ઈસ્લામ કા લિબાદા ઓળ્હ કર મુસલમાનોં મેં દાખિલ હુવા.

બૂલસને ભી તીને ફિર્કે "નસ્તૂરિયા", "યઅકૂબિયા", "મલ્કાનિયા" બનાએ, ઔર ઈબ્ને સબાને ભી તીન ફિર્કે "તફ્ઝીલિયા", "તબર્રાઈયા" ઔર "ગુલાત" બનાએ.

કુર્બાન જાઓ ! ગયબ દાં નબી, આલિમે માકાન વમા યકૂન ﷺ કી ગયબદાની પર ! આપ ﷺને હઝરત મૌલા અલી رضی اللہ عنہકી તરફ તવજ્જોહ કરતે હુએ ઈર્શાદ ફર્માયા : "અય અલી ! તુમમેં હઝરત ઈસા કી મિષાલ (દષ્ટાંત) હૈ જિનસે યહૂદને બુગ્ઝ રખ્ખા, હત્તા કે ઉનકી માં કો તોહમત લગાઈ ઔર ઉનસે ઈસાઈયોંને મહબ્બત કી હત્તા કે ઉન્હેં ઉસ દરજામેં પહોંચા દિયા જો ઉનકા ન થા. ફિર હઝરત મૌલા અલીને ફર્માયા, મેરે બારેમેં દો કિસ્મ કે લોગ હલાક હોંગે મહબ્બતમેં ઈફરાત (હદથી અધિક્તા) કરનેવાલે, મુઝે ઉન સિફાત (ખૂબિયાં)સે બળ્હાએંગે

જો મુઝમેં નહીં હૈં ઔર બુગ્ઝ (અદાવત) કરનેવાલે જિન કા બુગ્ઝા ઈસ પર ઉભારેગા કે મુઝ પર બોહતાન લગાએંગે. *(અહમદ)*

ઈસ હદીષ કે શુરૂઅમેં હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ ફર્માતે હૈં : સુબ્હાનલ્લાહ ! જો ઝબાને હક્ક઼ તર્જુમાનસે નિકલા વો હો કે રહા. આજ યહ નઝારા હો રહા હૈ. રવાફિઝ હુબ્બે અલી કે દા'વેમેં હદસે આગે નિકલ ગયે. ચુનાંચે બાઝ ઈસાઈયોંને આપ (ઈસા علیہ السلام) કો ખુદા કહ દિયા, બા'ઝને આપકો ખુદા કા બેટા કહા, બા'ઝને તીસરા ખુદા કહા. ગર્ઝ કે અબ્દિયતસે નિકાલ કર ઉલૂહિયતમેં દાખિલ કર દિયા.

ઈસી તરહ બા'ઝ રવાફિઝ હઝરત અલી કો હુઝૂર صلی اللہ علیہ وسلمસે અફઝલ કહતે હૈં. ઉનકા શેઅર હૈ : *અલી કો મુસ્તફાસે મૈં તો અફઝલ કર નહીં સકતા, મગર અપનેસે બેહતર દેખકર દામાદ કરતે હૈં.* બા'ઝ રવાફિઝ આપ કો ખુદા કહતે હૈં. યહ નુસેહરી ફિર્કા઼કા મઝહબ હૈ. આમ શીઆ યહ પળ્હા કરતે હૈં :–

*દિખા દો યા અલી નુસેહરી કે ખુદા તુમ હો*
*યહ આંખેં તાલિબે દીદાર હૈં હાજત રવા તુમ હો*
*લોગ બેવજહ નુસેહરી કો બુરા કહતે હૈં*
*કુછ તો દેખા હૈ અલી મેં જો ખુદા કહતે હૈ*

હઝરત અલી કે ઈસ ફર્માન મેં મહબ્બત કો ઈફરાત (હદથી વધવા)થી મુકૈયદ કિયા, ક્યૂં કે **મહ઼બ્બતે અલી અસ્લ ઈમાન (ઈમાન કી દલીલ) હૈ, હાં ! મહબ્બત મેં નાજાઈઝ ઈફરાત (હદથી વધવું) બુરા હૈ. મગર અદાવતે અલી અસ્લ હીસે હરામ બલ્કે કભી કુફ્ર હૈ.** ઈસ લિયે શનાન યા'ની અદાવત કો બગૈર કૈ઼દ બયાન ફર્માયા. બળા હી ફસીહ વ બલીગ ફર્માન હૈ.

**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ** رحمۃ اللہ علیہ કે ફર્માન કે મુતાબિક઼ ઈબ્ને સબા યહૂદીને ઉમ્મતમેં તફર્ક઼ા (ભાગલા પાડવા) જો તરીક઼ે અપનાયે, કિતને અફસોસ કા મક઼ામ હૈ કે આજ દાનિશ્તા યા ગૈર દાનિશ્તા (જાણ્યે અજાણ્યે) ચીજ ઉનમેં સે બહોત સારી બાતેં બાઝ મુદ્દઈય્યને (દાવેદાર) અહલે સુન્નત કે સ્ટેજોં પે નઝર આતી હૈં. ચાહે વો ખુલફાએ ષલાષા (આગલા ત્રણ ખલીફા) કા ઝિક્ર છોળકર મહઝ હઝરત મૌલા અલી رضی اللہ عنہકા ઝિક્ર કરના હોયા ફિર સહાબાએ કિરામમેસે બાઝકી તન્ક઼ીસ (ટીકા) કરના હો યા ફિર હઝરત મૌલા અલી رضی اللہ عنہ કી અફઝલિયત હો.

**ઈમામે અહલે સુન્નત હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہને જિન્હેં "સનફઝી" (સુન્ની ભી બનકર રહતે હૈં ઔર સિદ્દીક઼ે અકબર કી અફઝલિયત કે ભી મુન્કિર હૈં) કહા હૈ. આજ અહલે સુન્નત લેબલ લગાકર બહુત સારે ઉસી રુખ પર ચલતે હુએ નઝર આ રહે હૈં. મહ઼બ્બત કે નામ પર હમ વો તરીક઼ે ક્યૂં અપનાએં જો ગૈરોં કે હૈં. ક્યા ઈન્હી જાલી (બનાવટી) મહ઼બ્બત કે તરીકોં સે ઉન્હોંને ઉમ્મતમેં ફિર્કે઼ નહીં બનાયે ?!

અપની ઈન્ફેરાદિયત (વિશિષ્ટતા) ક઼ાઈમ કરને કે લિયે અસ્લાફે અહલે સુન્નત (પૂર્વજ બુઝુર્ગો) કા તરીક઼ા છોળના હરગિઝ સૂદમંદ (લાભકારક) નહીં હો સક્તા. જો તરીક઼ે ઈબ્ને સબા યહૂદીને અહલે ઈસ્લામ કો ફિર્ક઼ા પરસ્તીમેં મુબ્તલા કરને કે લિયે ઈસ્તેમાલ કિયે ઉન્હેં બાર બાર પળ્હેં, હાલાત કા જાએઝા લેં ઔર અસ્લાફે અહલે સુન્નત કી રવિશ પર ચલને કી કોશિશ કરેં. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈસ પુર ફિતન દૌરમેં હમારે દીનો ઈમાન કી હિફાઝત ફર્માએ. આમીન યા રબ્બલ આલમીન. *(સંપૂર્ણ)*

امین یا رب العالمین۔وما علینا الا البلاغ المبین

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**

હપ્તો : ૧૩

### ૪૯. કોઈ મુસલમાન તીન જુમ્આ મુસલસલ છોળ દે તો ક્યા વોહ મુસલમાન નહીં રહેતા ?

અગર કોઈ મુસલમાન લગાતાર તીન જુમ્આ છોળ દે તો વોહ કાફિર હો જાતા હૈ, યે ગલતફહમી બહોત સી અવામ મેં પાઈ જાતી હૈ. જબ કે યે સરાસર ગલત હૈ. તીન જુમ્આ છોળનેવાલા કાફિર નહીં હોતા, હાં ! બગૈર ઉઝર વ મજબૂરી કે જુમ્આ છોળના સખ્ત નાજાઈઝ હૈ.

"ફતાવા બેહરુલ ઉલૂમ"મેં હૈ :–

"લગાતાર તીન જુમ્આ બિલા ઉઝર છોળનેવાલે કે લિયે હદીષ શરીફમેં વઈદેં હૈં. લેકિન ઉસકો કાફિર યા ખારિજ અઝ ઈમાન (ઈમાનસે નિકલ જાનેવાલા) કહના સહીહ નહીં. આદમી કો મસ્અલા જાને બગૈર ફત્વા દૈના હરામ હૈ."

*(ફતાવા બેહરુલ ઉલૂમ, જિલ્દ : ૪, સફહા : ૨૨૩)*

### ૫૦. ક્યા ખુત્બા સુને બગૈર જુમ્આ કી નમાઝ સહીહ ન હોગી ?

કુછ અવામુન્નાસ મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે જુમ્આ કી નમાઝ ઉસી વક્ત સહીહ હોગી જબ કે ખુત્બા સુના જાએ, લિહાઝા અગર કોઈ ખુત્બા હોને કે બા'દ આયા તો સમજા જાતા હૈ કે ઉસકી જુમ્આ કી નમાઝ સહીહ નહીં હોગી. હાલાં કે ઐસા નહીં હૈ. ગાલિબન ઈસ ગલતફહમી કી વજહ વોહ મસ્અલા હૈ જો "બહારે શરીઅત" વગૈર મુતઅદ્દિદ કુતૂબે ફિક્હ મેં મૌજૂદ હૈ કે "નમાઝે જુમ્આ સહીહ હોને કે લિયે ખુત્બા શર્ત ઔર ખુત્બા સુનના ફર્ઝ હૈ." હાલાં કે ઈસ મસ્અલે કા યે મતલબ નહીં કે હર મુક્તદી કી નમાઝ સહીહ હોને કે લિયે ઉસ કા ખુત્બા સુનના ઔર ખુત્બે સે પેહલે આના ઝરૂરી હૈ બલ્કે ઈસ કા યે મતલબ હૈ કે જુમ્આ કી નમાઝ સહીહ હોને લિયે ઈમામ કા ખુત્બા પળ્હના શર્ત હૈ અગર ખુત્બા નહીં પળ્હા ગયા તો કિસી કી નમાઝ હી સહીહ ન હોગી.

ઔર "ખુત્બા સુનના ફર્ઝ હૈ" કા યે મતલબ હૈ કે જો ખુત્બે કે વક્ત મૌજૂદ હૈં ઉનકા ખુત્બા સુનના ઔર ચુપ રેહના ફર્ઝ હૈ.

બહારે શરીઅતમેં હૈ :–

"જુમ્આ પળ્હને કે લિયે છે શર્તે હૈં કે ઉન મેં સે એક શર્ત ભી મફ્કૂદ હો (ન પાઈ જાએ) તો હોગા હી નહીં (ઉનમેં) ચોથી શર્ત ખુત્બા હૈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૬૨/૭૬૬)*

"ઉસી" મેં દૂસરી જગહ હૈ :–

"જબ (ઈમામ) ખુત્બા પળ્હે તો તમામ હાઝિરીન પર સુનના ઔર ચુપ રેહના ફર્ઝ હૈ, જો લોગ ઈમામ સે દૂર હો કે ખુત્બે કી આવાઝ ઉન તક નહીં પહોંચતી ઉન્હેં ભી ચુપ રેહના વાજિબ હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૭૪)*

### ૫૧. ઔરતોં કે લિયે જૂળા (અંબોળા) બાંધકાર નમાઝ પળ્હના કૈસા હૈ ?

ઔરતોં કા જૂળા બાંધકાર (યા'ની સર પર લપેટકર બાલોં કો બાંધ કર) નમાઝ પળ્હના કૈસા ? ઈસ કે હવાલે સે લોગોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે ઈસ તરહ ઔરતોં કો નમાઝ પળ્હને કી ઈજાઝત નહીં ઔર યે મકરૂહ હૈ. શરીઅત કે હુકમ કે બિલકુલ ખિલાફ હૈ. હુકમે શરીઅત તો યે હૈં કે ઓરતોં કા ઈસ તર જૂળા બાંધ કર નમાઝ પળ્હના મુસ્તહબો બેહતર હૈ, ન કે મકરૂહ.

➻ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી *(સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

"ફતાવા રઝવિય્યહ્"મેં હે :–

"જૂળા બાંધને કી કરાહત મર્દ કે લિયે ઝરૂર હે. ઔરત કે બાલ ઓરત હૈં (યા'ની છુપાના ઝરૂરી હે) પરેશાન હોંગે (બિખ્રેંગે) તો ઈન્કિશાફ કા ખોફ હે (યા'ની ઝાહિર હોને કા ડર હે) તો જૂળે મેં ક્યા હરજ હે ?!"

"મો'મિન કી નમાઝ મેં હે :–

"મર્દ કે લિયે બાલોં કા જૂળા બાંધ કર નમાઝ પળ્હના મકરૂહે તેહરીમી હે ઔર અગર નમાઝ કી હાલત મેં જૂળા બાંધા તો નમાઝ ફાસિદ હો જાએગી. ઔરત કો સર કે બાલ કા જૂળા બાંધકર નમાઝ પળ્હને મેં કિસી ક઼િસ્મ કી કરાહત ઔર મુમાનઅત નહીં બલ્કે બેહતર યે હે કે ઔરત સરકે બાલોં કો ખુલા રખને કે બજાએ જૂળા બાંધકર નમાઝ પળ્હે, ક્યૂં કે ઔરત કે બાલ ભી ઓરત યા'ની સતર હૈં યા'ની છુપાને કી ચીઝે હૈં." *(મો'મિન કી નમાઝ, સફ઼ા–૧૭૦)*

**પર. ક્યા મર્દોં કી જમાઅત હોને કે બાદ હી ઔરતેં ઘર મેં નમાઝ પળ્હ સકતી હે ?**

બાઝ હઝરાત મેં યે ગલતફહમી પાઈ જાતી હે કે મર્દોં કી જમાઅત હોને કે બા'દ હી ઔરતેં ઘર મેં નમાઝ પળ્હ સકતી હૈં. યે ગલત હે, ઐસા કુછ ભી **ઝરૂરી નહીં**. હાં ! ફજર કે અલાવા બાક઼ી નમાઝોં મેં બેહતર હે કે મર્દોં કી જમાઅત હોને કે બા'દ પળ્હેં ઔર ફજરમેં હમેશા શરૂઅ વક઼્તમેં પળ્હના મુસ્તહબ હે.

બહારે શરીઅત મેં હે :–

"ઔરતોં કે લિયે હમેશા ફજર કી નમાઝ ગલસ યા'ની અવ્વલ વક઼્ત મેં મુસ્તહબ હે ઔર બાક઼ી નમાઝોં મેં બેહતર યે હે કે મર્દોં કી જમાઅત કા ઈન્તિઝાર કરેં, જબ જમાઅત હો ચૂકે તો પળ્હે.

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૩/૪૫૨)*

**પ૩. ક્યા ઔરતોં પર જુમ્આ ઔર ઈદૈન કી નમાઝ પળ્હના ઝરૂરી હે ?**

ક્યા ઔરતોં પર જુમ્આ ઔર ઈદૈન કી નમાઝ પળ્હના ઝરૂરી હે ? ઈસ કે હવાલે સે બળી ગલતફહમી પાઈ જાતી હે જબ કે બહારે શરીઅત વગૈરા કઈ કિતાબોં મેં વાઝેહ હુકમ મૌજૂદ હે કે ઔરતોં પર જુમ્આ ઔર ઈદૈન કી નમાઝ વાજિબ નહીં. જૈસા કે બહારે શરીઅત મેં હે :–

"જુમ્આ વાજિબ હોને કે લિયે ૧૧ શર્તે હૈં, ઉન મેં સે એક ભી મઅદમ હો (ન પાઈ જાએ) તો ફર્ઝ નહીં ફિર ભી અગર પળ્હેગા તો હો જાએગા બલ્કે મર્દ આક઼િલ બાલિગ કે લિયે જુમ્આ પળ્હના અફઝલ હે ઔર ઔરત કે લિયે ઝોહર અફઝલ. (ઔર જુમ્આ ઉસ પર વાજિબ નહી) હાં ! ઔરત કા મકાન અગર મસ્જિદ સે બિલકુલ મુત્તસિલ હે (મિલા હુવા હે) ઘર મેં ઈમામે મસ્જિદ કી ઈક઼્તિદા કર સકે તો ઉસે કે લિયે ભી જુમ્આ અફઝલ હે.

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૧/૭૭૦)*

નીઝ બહારે શરીઅતમેં ઈદૈન કી નમાઝ કે બારે મેં હે :–

"ઈદૈન કી નમાઝ વાજિબ હે મગર સબ પર નહીં બલ્કે ઉન્હીં પર જિન પર જુમ્આ વાજિબ હે.

**પ૪. ક્યા ઔરતોં કે લિયે તરાવીહ કી નમાઝ નહીં ?**

અકષર ઔરતોં મેં યે ગલત ખયાલ પાયા જાતા હે કે ઔરતોં કે લિયે તરાવીહ કી નમાઝ હે હી નહીં, બલ્કે વોહ સિર્ફ મર્દોં કે લિયે સુન્નતે મુઅક્કદા હે. યે બિલ્કુલ ગલત હે. શરીઅત કે એતેબારસે જૈસે મર્દોં કે લિયે તરાવીહ કી નમાઝ સુન્નતે મુઅક્કદા હે વૈસે હી ઔરતો કે લિયે ભી સુન્નતે મુઅક્કદા હે. જિસે છોળને કી આદત બનાના ગુનાહ હે. જૈસા કે "બહારે શરીઅત"મેં હે :–

"તરાવીહ મર્દ વ ઔરત સબ કે લિયે

બિલઈજમાઅ સુન્નતે મુઅક્કદા હૈ, ઉસકા તર્ક (છોળ ના) જાઈઝ નહીં. *(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૪/૬૮૮)*

**૫૫. નમાઝ કી હાલત મેં અગર મોબાઈલ કી રિંગ બજે તો ક્યા ઉસે બંદ કરને કી ઈજાઝત નહીં ?**

કભી યે દેખા જાતા હૈ નમાઝ કી હાલત મેં કિસી કે મોબાઈલ કી ઘંટી બજને લગતી હૈ, જિસસે વોહ ભી પરેશાન હોતા હૈ ઔર દૂસરે નમાઝિયોં કો ભી પરેશાની લાહિક્ હોતી હૈ. લિહાઝા અવ્વલન તો યહ તાકીદ કી જાતી હૈ કે જબ ભી નમાઝ કે લિયે ખળે હોં યા મસ્જિદ જાએં તો મોબાઈલ કો બંદ કર દેં, યા સાઈલન્ટ કર દેં. લેકિન ! ફિર ભી અગર કભી નમાઝ કી હાલત મેં મોબાઈલ કી ઘંટી બજને લગે તો ઉસ વક્ત ક્યા કરના ચાહિયે, ઈસ કી પૂરી તફસીલ "મોબાઈલ ફોન કે ઝરૂરી મસાઈલ" કિતાબમેં મૌજૂદ હૈ, જિસ કો યહાં ઝિક્ર કિયા જાતા હૈ :–

"મોબાઈલ કી ઘંટી નમાઝ કે ખુશૂઓ ખુઝૂઅ કો બુરી તરહ મુતઅષ્ષિર કરતી હૈ. લિહાઝા અગર નમાઝ કી હાલત મેં મોબાઈલ કી ઘંટી બજને લગે ઔર અમલે કષીર કિયે બગૈર ઘંટી બંદ કરના મુમ્કિન હો તો જૈબ કે ઉપર (જૈબ સે બાહર નિકાલ કર નહીં)સે બટન દબા કર મોબાઈલ કી ઘંટી યા ફિર સ્વીચ સે મોબાઈલ બંદ કર દેના જાઈઝ હૈ, બ શર્તે કે અમલે કષીર કી નૌબત ન આએ, અગર ઘંટી યા મોબાઈલ બંદ કરને કે લિયે અમલે કષીર કી નૌબત આ જાએ તો ઐસી સૂરત મેં મોબાઈલ કી ઘંટી યા મોબાઈલ બંદ નહીં કરના ચાહિયે. ક્યૂં કે અમલે કષીર કી વજહ સે નમાઝ ભી ફાસિદ હો જાએગી ઔર નમાઝ જૈસી અહમ ઈબાદત ઔર મુહતમ બિશ્શાન અમલ કો બાતિલ કરના ભી લાઝિમ આ જાએગા, જો જાઈઝ નહીં હૈ.

હાલતે નમાઝ મેં મોબાઈલ કી ઘંટી યા મોબાઈલ બંધ કરને કી ઈજાઝત હૈ. જૈસા ઉપર બયાન હુવા. મગર કિસ હદ તક ? ઔર કિતની બાર ? તો ઈસ સવાલ કા જવાબ યે હૈ કે દોરાને નમાઝ એક રૂકન મેં એક બાર યા ઝયાદા સે ઝયાદા દો બાર જૈબ કે ઉપર સે મોબાઈલ કી ઘંટી બંદ કરને કી ઈજાઝત હૈ કે ઈસ અમલે ક઼લીલ સે નમાઝ ફાસિદ નહીં હોગી. ઔર અગર એક રૂકન મેં મષલન્ સિર્ફ ક઼િયામ મેં યા સિર્ફ રુકૂઅ મેં તીન બાર ઘંટી બંધ કી તો નમાઝ ફાસિદ હો ગઈ. જિસ તરહ એક રુકન મેં તીન બાર ખુજાને સે નમાઝ ફાસિદ હો જાતી હૈ લિહાઝા હુકમ દિયા જાએગા કે દોબારા નમાઝ પળ્હી જાએ.

મુખ્તસર યે કે દૌરાને નમાઝ એક રૂકન મેં તીન બાર સે કમ (એક બાર યા દો બાર) જૈબ કે ઉપર સે મોબાઈલ કી ઘંટી બંદ કરને સે નમાઝ નહીં ટૂટેગી ઔર નમાઝ હો જાએગી ઔર એક રૂકન મેં તીન બાર ઘંટી બંધ કરને સે નમાઝ ટૂટ જાએગી.

દોરાને નમાઝ મોબાઈલ કો જૈબ સે નિકાલ કર બંધ કરના યે અમલે કષીર હૈ ઔર હર અમલે કષીર નમાઝ કો તોળનેવાલા હૈ. લિહાઝ દોરાને નમાઝ મોબાઈલ કે જૈબ સે નિકાલ કર બંધ કરને કી સૂરત મેં નમાઝ ટૂટ જાએગી.

અમલે ક઼લીલ ઔર અમલે કષીર કા તા'રીફ :

દૂર સે દેખનેવાલે શખ્સ કો નમાઝી કી નમાઝ મેં ન હોને કા શક ન રહે તો વોહ અમલે કષીર હૈ ઔર દૂર સે દેખનેવાલે કો શુબ્હા હો કે વોહ નમાઝ મેં હૈ યા નહીં, તો યે અમલે ક઼લીલ હૈ.

*(મોબાઈલ ફોન કે ઝરૂરી મસાઈલ, સફહા : ૧૧૧ થી ૧૧૪)*

**૫૬. ક્યા હૈઝવાળી ઔરત અઝાન કા જવાબ નહીં દે સકતી ?**

કઈ ઔરતોંમેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે

હૈઝ નિફ઼ાસવાલી ઔરત અઝાન કા જવાબ નહીં દે સકતી, જબ કે શરીઅત કે એતેબાર સે ઐસા નહીં હૈ. બલ્કે હુકમે શરીઅત તો યે હૈ કે હૈઝ નિફ઼ાસવાલી ઔરતોં પર અઝાન કા જવાબ દેના વાજિબ નહીં, અલ્બત્ત અગર જવાબ દેના ચાહેં તો દે સકતી હૈં કોઈ હરજ નહીં.

બહારે શરીઅતમેં હૈ :

''હૈઝો નિફાસવાલી ઔરત ઔર ખુત્બા સુનનેવાલે ઔર નમાઝે જનાઝા પઢનેવાલે ઔર મેં જિમાઅમેં મશ્ગૂલ યા ક઼ઝાએ હાજત મેં હો (ઈસ્તિન્જા કરને બેઠે હો) ઉન પર જવાબ નહીં. *(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૩/૪૭૩)*

ઉસી મેં દૂસરી જગહ હૈ :

''હૈઝો નિફ઼ાસવાલી ઔરત કો અઝાન કા જવાબ દેના જાઈઝ હૈ.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૨/૩૭૯)*

**૫૭. ખાનએ કઅબા, ગુંબદે ખઝરા વગૈરા કી તસ્વીર મુસલ્લે પર બની હો તો ઉસકો બિછાનેકા ક્યા હુક્મ હૈ ?**

આજ કલ ઐસે મુસલ્લે મિલતે હૈં જિન પર ખાનએ કઅબા યા ગુંબદે ખઝરા વગૈરા મુક઼દ્દસ મક઼ામત કી તસ્વીરેં બની હોતી હૈં. ઈસ તરહ કે મુસલ્લોં પર નમાઝ પઢના તો જાઈઝ હૈ. અલ્બત્તા યે દેખા જાતા હૈ કે અવામ કે દરમિયાન ઈસ તરહ કે મુસલ્લોં કે હવાલે સે બળી બેએહતિયાતી પાઈ જાતી હૈ. ચુનાંચે લોગ ખાનએ કઅબા, ગુંબદે ખઝરા વગેરે મુક઼દ્દસ મક઼ામાત કે નક઼્શો પર પેર રખતે હૈં, બૈઠતે હૈં, જો કે બેઅદબી ઔર સખ્ત મના હૈ, ઈસ લિયે કે મુક઼દ્દસ મક઼ામાત કે નક઼્શો કા અદબ વૈસે હી લાઝિમ હૈ જૈસે અસ્લ કા અદબ લાઝિમ હૈ. જૈસા કે ''ફતાવા રઝવિય્યા''મેં ''અલ્લામા તાજ ફાકિહીની કે ફજરે મુનીર'' હવાલે સે હૈ :—

ولذا جعلوا له من الاكرام والاحترام ما يجعلون للمنوب عنه.

ઔર ઈસી વજહ સે ઓલમાએ દીનને નક્શે કા અદબો એહતિરામ વહી રખા હૈ જો અસ્લ કા રખતે હૈં.

ઔર ઉસી મેં અલ્લામા ક઼મર બિન અહદમ બિન અલી ફ઼ાસી ક઼સ્રી કી મતાલિઅ કે હવાલે સે હૈ :—

وقد استبانوا مثال النعل عن النعل وجعلوا له من الاكرام والاحترام ما للمنوب عنه.

તર્જુમા : ઔર ઓલમાએ કિરામને નઅલૈને પાક કે નક઼્શે કો અસ્લ નઅલૈન પાક કે ક઼ાઈમ મક઼ામ ક઼રાર દે કર ઉસ કે લિયે વહી અદબો એહતિરામ ક઼રાર દિયા જો અસ્લ નઅલૈન શરીફૈન કે લિયે હૈ.

*(ફતાવા રઝવિય્યહ્, સફહા : ૩૪૯/૩૫૦)*

લિહાઝા મુનાસિબ યહી હૈ કે મસાજિદ વગૈરે મેં ઈસ તરહ કે મુસલ્લે ન બિછાએ જાએં, જિન પર ખાનએ ક઼અબા વગૈરહ મુક઼દ્દસ મક઼ામત કી તસ્વીરેં બની હોં ફિર ભી અગર બિછાતે હૈં તો ઉન મુક઼દ્દસ મક઼ામાત કે નક઼્શે કા મુકમ્મલ અદબો એહતિરામ કિયા જાએ ઔર ઉન્હેં બેઅદબી સે બચાયા જાએ.

**દુરૂદ શરીફની બરકત**

કહે છે કે એક માણસે જંગલમાં એક કદરૂપી વ્યકિતને જોઈને પૂછયું, તું કોણ છે ? તેણે જવાબ આપ્યો કે હું તારો ખરાબ અમલ છું. તે માણસે પૂછયું, તારાથી છૂટકારાનો પણ કોઈ ચારો છે ? તેણે જવાબ આપ્યો કે હુઝૂર ﷺ પર દુરૂદ પઢવું.

જેમ કે હુઝૂર ﷺનું ફર્માન છે : "મારા ઉપર દુરૂદ પુલસિરાતના માટે નૂર છે, જે મને જુમ્અહના દિવસે ૮૦ વખત દુરૂદ મોકલે છે તો અલ્લાહ તઆલા તેના ૮૦ વરસના ગુનાહો માફ કરી દે છે."

*(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૯૦, હદીષ—૨૧૪૯)*

# હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૬

લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## કુર્આન એક નજરમાં

**અસ્માએ કુર્આન (કુર્આનનાં નામો) :** દુનિયાની કોઈપણ મશહૂર તથા શાહકાર (Master Piece = સૌથી મોટુ કારનામુ) કૃતિનું ટાઈટલ (પ્રથમ પેજ) ગાયબ થઈ જાય તો એ માલૂમ કરવું મુશ્કેલ થશે કે આ કઈ કિતાબ છે અને તેનો લેખક કોણ છે ? પરંતુ અલ્લાહના મુક઼દ્દસ કલામ કુર્આન મજીદની આ વિશિષ્ટ શાન છે કે તે કોઈ ઓળખનું મોહતાજ નથી. તેની દરેક લીટી, દરેક આયત અને દરેક સૂરત કલામે ઈલાહી હોવાની ઉઘાડી સાબિતી છે.

સર્વ કિતાબોના ટાઈટલ પેજ પર વિષય તથા કલાના એતબારથી કિતાબનું એક નામ હોય છે જેનાથી એ કિતાબની ઓળખ થાય છે. પરંતુ કુર્આનની એ ખૂબી છે કે ટાઈટલ પેજ ઉપરાંત તેના લખાણમાં પણ તેનું નામ સામેલ છે જે પૂરા કુર્આનમાં ૭૦ સ્થળે વર્ણન થયેલ છે. "કુર્આન" નામ ઉપરાંત અન્ય સિફાતી (ખૂબી સંબંધી) નામોની સાથે પણ કુર્આન ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કરવામાં આવેલ છે. જેમ કે :–

(૧) અસ્સિરાતલ મુસ્તક઼ીમ (સૂરએ ફાતિહા, આ. ૬)
(૨) અલ ફુર્કાન (સૂરએ બક઼રહ, આ. ૧૮૫)
(૩) અલ્બૈયિના (સૂરએ અન્આમ, આ. ૧૫૭)
(૪) અલ બસાઈર (સૂરએ અન્આમ, આ. ૧૦૪)
(૫ ) અલ મુસદ્દક઼ (સૂરએ અન્આમ, આ. ૯૨)
(૬) અલ મુફસ્સલ (સૂરઅ અન્આમ, ૧૧૪)
(૭) અન્નૂર (સૂરએ અંબિયા, આ. ૧૭૪)
(૮) અલ્મુબારક (સૂરએ અન્આમ, આ. ૧૫૫)
(૯) અલ્બુરહાન (સૂરએ નિસાઅ, આ. ૧૭૪)
(૧૦) કલામુલ્લાહ (સૂરએ તૌબા, આ. ૬)
(૧૧) અલ હક્ક઼ (સૂરએ યૂનુસ, આ. ૧૦૮)
(૧૨) અલ મુહયમિન (સૂરએ માઈદા, આ. ૪૮)
(૧૩) અલ મવઈઝહ (સૂરએ યૂનુસ, આ. ૫૭)
(૧૪) અલ બયાન (સૂરએ આલે ઈમરાન, આ. ૧૩૮)
(૧૫) અર્રૂહ (સૂરએ શૂરા, આ. ૫૨)
(૧૬) અલ્વહ઼ી (સૂરએ અંબિયા, આ. ૪૫)
(૧૭) અલ્હુદા (સૂરએ બક઼રહ, આ. ૧૮૫)
(૧૮) અર્રહમહ (સૂરએ નમ્લ, આ. ૭૭)
(૧૯) અલ હકીમ (સૂરએ યાસીન, આ. ૨)
(૨૦) કિતાબુલ મોબિન (સૂરએ યૂસુફ, આ. ૧)
(૨૧) અલ્ અરબી (સૂરએ યૂસુફ, આ. ૨)
(૨૨) અલ અજબ (સૂરએ જિન, આ. ૨)
(૨૩) અલ્ મજીદ (સૂરએ ક઼ાફ, આ.૧)
(૨૪) અલ્ અઝીઝ (સૂરએ હા મીમ સજદા, આ. ૪૧)
(૨૫) અઝ્ ઝિક્ર (સૂરએ અંબિયા, આ. ૫૦)
(૨૬) અહસનુલ હદીષ (સૂરએ ઝુમર, આ. ૨૩)
(૨૭) ઝિક્રા (સૂરએ હૂદ, આ. ૧૨૦)
(૨૮) લિતઝકિરા (સૂરએ મુઝ્ઝમ્મિલ, આ. ૧૯)
(૨૯) અત્તબ્સિ઼રા (સૂરએ ક઼ાફ, આ. ૮)
(૩૦) અત્તન્ઝીલ (સૂરએ શોઅરા, આ. ૧૯૨)
(૩૧) અલ્ અલા (સૂરએ ઝૂખરફ, આ. ૪)

(૩૨) સૂરએ અશ્શિફા (સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૮૨)
(૩૩) અલ ઉરવતુલ વુષ્કા (સૂરએ બક્રહ, આ. ૨૫૬)
(૩૪) અલ્ બલાગ્ (સૂરએ ઈબ્રાહીમ, આ. ૫૨)
(૩૫) અસ્સ્ હૃફલ મુતહ્હરા (સૂરએ બૈયિના, આ. ૨)
(૩૬) અત્તિબ્યાન (સૂરએ અન્આમ, આ. ૩૮) વગેરે.

## ★ કુર્આનની ભાષા ★

ખુદાવંદે કુદુસ ઈર્શાદ ફર્માવે છે :

اِنَّاۤ اَنْزَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ

"બેશક ! અમે કુર્આન અરબી ભાષામાં ઉતાર્યું કે જેથી તમે સમજો. (સૂરએ યૂસુફ, આ. ૨) અને ફર્માવ્યું : كِتٰبٌ فُصِّلَتْ اٰيٰتُهٗ قُرْاٰنًا عَرَبِيًّا لِّقَوْمٍ يَّعْلَمُوْنَ "એક કિતાબ છે જેની આયતો મુફસ્સલ કરવામાં આવી અરબી કુર્આન બુદ્ધિશાળીઓ માટે."

*(સૂરએ હા મીમ સજદા, આ. ૩)*

## ★ સૂરતોની સંખ્યા તથા પ્રકારો ★

કુર્આને પાકમાં એકમતિએ ૧૧૪ સૂરતો છે જેમાં ૮૬ સૂરતો મક્કી છે, એટલે તે જે હિજરતથી પહેલાં નાઝિલ થઈ. અને ૨૮ સૂરતો મદની છે જે હિજરત બાદ નાઝિલ થઈ. *(અલ્ ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ૧/૯)*

يٰاَيُّهَا النَّاس و يٰبَنِيْٓના શબ્દો ખૂબ જ અધિક પ્રમાણમાં મક્કી સૂરતોમાં આવ્યા છે. તેમજ كَلَّا ૩૩ વખત મક્કી સૂરતોમાં જ આવેલ છે. અને મદની સૂરતોમાં يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْاથી સંબોધન કરવામાં આવેલ છે. રૂહાની (મઅ્નવી) એતબારથી મક્કી સૂરતોમાં તૌહીદ, અલ્લાહ વહદહૂ લાશરીકની ઈબાદત, ક્યામ, જઝા તથા સજા, મૃત્યુ બાદ ઉઠવું, જન્નત દોઝખ અને સામૂહિક અખ્લાકનું વર્ણન છે અને મદની સૂરતોમાં અહકામ, ફુરૂઅ તથા અન્ય દીની મસાઈલનું વર્ણન છે. તેમજ મક્કી સૂરતો લાંબી નથી અને મદની સૂરતો ઘણી લાંબી છે.

*(હવાલો : ઉપર મુજબ, પેજ : ૯ થી ૧૮)*

કુર્આની સૂરતોના મક્કી મદની પ્રકારો ઉપરાંત અમુક અન્ય પણ પ્રકરણો પણ છે જેમ કે :–

"હઝરી, સફરી, નહરી તથા લયલી, સૈફી તથા શતાઈ ફરાશી તથા નૌમી, અર્દી તથા સમાઈ અને અમુક ભેગી. સર્વ પ્રકારોની પોતાની અલગ અલગ નિશાનીઓ છે જેની વિગતે જાણકારી માટે "અલ્ ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ભાગ–૧"ના પ્રકરણ ૧ થી ૬ નો અભ્યાસ લાભદાયી થશે.

*(હવાલો ઉપર મુજબ, પેજ ૮ થી ૨૩)*

## ★ આયતોની સંખ્યા અને પ્રકારો ★

હઝરત અલી كرم الله وجهه الكريم અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہના કૌલના પ્રમાણે કુર્આનમાં ૬૨૧૮આયતો છે. શૈખુલ ઈસ્લામ જલાલુદ્દીન અબ્દુર્રહમાન સિયૂતી (વફાત : હિ.સ. ૯૧૧)એ પોતાની માયનાઝ કૃતિ "અલ્ ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન"માં વિવિધ રિવાયતોના હવાલાથી વિધ્વિ સંખ્યા જેમ કે : ૬૬૧૬, ૬૦૦૦, ૬૨૦૪, ૬૨૧૯, ૬૨૨૫, ૬૬૩૬ અને ૬૨૧૬ વગેરે વર્ણવી છે. એટલે કે છ હજાર આયતો પર સૌની એકમતિ છે. મતભેદ ઉપરની સંખ્યા તથા ગણત્રીમાં છે.

*(હવાલો ઉપર મુજબ, ૧/૬૭ અરબી)*

કુર્આની આયતોની ઉપરોક્ત સંખ્યા તથા ગણત્રી પૂરાણી અરબી કિતાબોના પ્રમાણે છે પણ વર્તમાનકાળમાં ૧૪ વરસોની લાંબી મહેનત તથા લગન બાદ આલી જનાબ મુહમ્મદ સમીઅ સાહબ મર્હૂમ નક્શાનવેસ, જિ. મેનપૂરીએ આયત, સૂરત અને પારાઓ તથા કુર્આને પાકના સંપૂર્ણ હર્ફો તથા આયતોની સંખ્યા તથા અલામતો (નિશાનીઓ), વક્ફ તથા એઅરાબ તથા મદ વગેરેની ગણત્રીનું જે અઝીમુશ્શાન દૃષ્ટાંતરૂપ કારનામુ અંજામ આપ્યું છે તેના પ્રમાણે કુર્આનમાં "૬૨૩૮ કુલ આયતો છે તથા અન્ય નિ શાની તથા અવક્ાફની તફસીલ નીચે પ્રમાણે છે : મીમ–૮૭, તોય–૩૪૭૩, જીમ–૧૬૫૮ ઝે–૨૩૫, સાદ–૧૪૬, સલ્લા–૬૨૫, કાફ–૧૪૭,

સ્વલ–૪, કૂફ–૧૨૧, સકતા–૪, વકૂફા–૨૦, લામ અલિફ–૧૫૨૪, કાફ–૧ *(એઅદુલ કુર્આન–૯)*

મુહક્કિકો તથા મુફસ્સિરોએ કુર્આની આયતોની વહેંચણી વિવિધ એંગલથી કરી છે. અમુક અહલે ઈલ્મ હઝરાતે આયતોની વહેંચણી આ પ્રમાણે કરી છે :–

આયતે વા'દા–૧૦૦૦, આયતે વઈદ (ચેતવણી)–૧૦૦૦, આયાતે નહી (મનાના હુકમોની)–૧૦૦૦, આયાતે અમ્ર (કરવાના હુકમોની)–૧૦૦૦, આયાતે મિષાલ (દૃષ્ટાંતની)–૧૦૦૦ આયતે કૂસ્સ (કિસ્સાની)–૧૦૦ આયાતે હલાલ–૨૫૦, હરામ વિશે આયતો–૨૫૦, તસ્બીહની આયતો–૧૦૦, મન્સૂખ થયેલ આયતો–૬૬. *(દાઈરતુલ મઆરિફિલ ઈસ્લામિયા, પેજ–૩૨૮)*

ઉપરોક્ત વહેંચણી ઉપરાંત કુર્આની સૂરતોની એક વહેંચણી અન્ય છે જેના પ્રમાણે તેના ચાર પ્રકારો છે :–

**(૧)** الطول یا طوال એટલે મોટી સૂરતો જે સંખ્યામાં સાત છે : અલ બકૂરહ, આલે ઈમરાન, અન્નિસાઅ, અલ અઅ્રાફ, અલ્ અન્ફાલ, સૂરએ તૌબા સહિત. અમુક સૂરએ તૌબા તથા અન્ફાલને બદલે સૂરએ યૂનુસનો ઉલ્લેખ કર્યો છે.

**(૨)** المئون یا المئین એટલે એ સૂરતો ઓછીવત્ત સો આયતો પર આધારિત છે અને તે છે સૂરએ યૂનુસથી સૂરતુલ ફાતિર સુધી તેમની સંખ્યા ૨૬ છે.

**(૩)** المثانی સૂરએ યાસીનથી સૂરએ કાફ સુધીની સૂરતોને કહેવામાં આવે છે. તેમની સંખ્યા ૧૫ છે. પણ એમાં મતભેદ છે. અમુકની નજીક યાસીનથી હુજુરાત સુધીની અને અમુકની નજીક સૂરએ મુહમ્મદ ﷺ સુધી.

**(૪)** المفصل આ નાની નાની અલગ અલગ સૂરતો છે જે સૂરએ કૂાફથી આખિર કુર્આન સુધી સામેલ છે. મુફસ્સલના પણ ત્રણ પ્રકારો છે : (૧) તવાલે કૂાફથી મુરસલત (૨) અવસાતે નબાથી અદ્દુહા (૩) કેસારે સૂરએ ઈન્શરાહ્થી અન્નાસ સુધી.

*(હવાલો ઉપર મુજબ)*

**રુકૂઅ** : વર્તમાન સમયમાં વિવિધ મક્તબોથી જે કુર્આન પ્રસિદ્ધ થઈ રહેલ છે તેના પ્રમાણે કુર્આન મજીદમાં ૫૫૮ રુકૂઅ છે.

**મંઝિલ** : પૂરા કુર્આનને સાત મંઝિલોમાં વહેંચવામાં આવેલ છે જેવું કે કુર્આનથી સાબિત છે.

**સજદા** : પૂરા કુર્આનમાં ૧૪ સજદા છે. દરેક સજદાવાળી આયતના હાશિયા પર સજદાની આયત તથા તેનો નંબર લખેલો છે.

**અક્ષરો (હુરૂફ)ની સંખ્યા** : શયખુલ ઈસ્લામ અબ્દુર્રહમાન જલાલુદ્દીન સિયૂતીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયતના હવાલાથી કુર્આને પાકના હુરૂફની સંખ્યા ત્રણ લાખ ત્રેવીસ હજાર છસો ઈકોતેર (૩૨૩૬૭૧) વર્ણવેલ છે. *(અલ ઈત્કૂાન ફી ઉલૂમિલ કુર્આન, ૧/૬૭ અરબી)*

અને "એઅદાદુલ કુર્આન"ના લેખક મુહમ્મદ સમીઅ સાહબ મર્હૂમે વર્તમાન હિંદુસ્તાની કુર્આની નુસ્ખાઓના પ્રમાણે હુરૂફની સંખ્યા ત્રણ લાખ બાવીસ હજાર નવસો ત્રેપન (૩૨૨૯૫૩) વર્ણવી છે. અને સંપૂર્ણ કુર્આનના કુલ અદદો ૨૪૨૯૩૪૯૬ વર્ણવેલ છે. *(એઅ્દાદુલ કુર્આન, પેજ–૨૬)*

**કુર્આનના કલમા (વાક્યો)** : એના બારામાં મુહક્કિકો તથા મુફસ્સિરોના વિવિધ કથનો છે. અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ ૭૭૯૩૪, ૭૭૪૩૭ અને ૭૭૨૭૭ વગેરે વર્ણવેલ છે. *(અલ્ ઈત્કૂકાન ફી ઉલૂમિલ કુર્આન, પેજ–૭૦ અરબી)*

**કુર્આનના એઅ્રાબ** : એઅ્દાદુલ કુર્આનના લેખકની તેહકીકે જદીદ (અર્વાચીન સંશોધનના)ના પ્રમાણે કુર્આન મજીદના એઅરાબની સંખ્યા નીચે પ્રમાણે છે :–

ઝબર–૧૧૦૪૧૭, ઝેર–૪૫૦૦૬, પેજ ૩૫૯૦૨, તશ્હીદ–૨૪૭૧૬, જઝમ–૬૨૦૩૭, ખળા ઝબર–૧૩૬૬૪, ડબલ ઝબર–૩૭૦૩, ડબલ ઝેર–૨૪૮૭, ડબલ પેશ–૨૩૯૨, કુર્આન કુલ નુક્તા–૧૬૩૦૪૩, અલામતે હમ્ઝા–૩૫૩૪.

*(એઅ્દાદુલ કુર્આન ક્લમી, પેજ–૩૯૧, છપાયેલ પેજ–૨૬)*

કુર્આને કરીમની આયતો, હર્ફો તથા વાકયો (કલમા)ની વિવિધ સંખ્યા ગણત્રીને જોતાં સવાલ પેદા થાય છે કે છેવટે એમાં મતભેદ (વિવિધતા) કેમ છે ? એનું કારણ એ છે કે હુઝૂરે અન્વર ﷺ કેટલીકવાર કેટલીક આયતોના અંત પર "ફસ્લ" કરતા અને અમુક વખતે "વસ્લ" કરતા હતા. જેથી અમુકે "ફસ્લ" તથા "વક્ફ"નો એતબાર કર્યો છે અને અમુકે "વસ્લ"નો. એ જ પ્રમાણે કુર્આનની સાત કિ્રાઅતો તથા સાત મશહૂર લુગાત (ડિક્ષનરીઓ) અને રસ્મુલ ખત (લેખન પદ્ધતિ) ક્યાંક "વસ્લ" ક્યાંક "ફસ્લ", ક્યાંક "ફસ્લ" ક્યાંક "હઝફ" અને ક્યાંક "હર્ફ"ની અધિક્તાના કારણે હર્ફો તથા કલમાઓની સંખ્યામાં વધઘટ થઈ.

**શાને નુઝૂલ** : સંપૂર્ણ કુર્આને પાક લગભગ ૨૩ વરસના લાંબા અરસામાં નાઝિલ થયું. જેમ જેમ જરૂરત તથા સંજોગો અને મસાઈલ સામે આવતા ગયા એના પ્રમાણે કુર્આની આયતો નાઝિલ થતી રહી જેથી લોકો કુર્આનને સારી રીતે હિફ્ઝ કરી શકે, અને તેના અર્થો ભાવાર્થો તથા તફસીરોને સારી રીતે સમજી શકે. એટલા માટે **કુર્આન મજીદની કોઈ પણ આયત અથવા સૂરતને સમજવાથી પહેલાં જરૂરી છે કે પ્રથમ એ વાતને જોવામાં આવે કે તે ક્યા મોક્ા પર, કેવા સંજોગોમાં, કેવી જરૂરતના હેઠળ નાઝિલ થઈ એને શાને નુઝૂલ કહે છે. જો કુર્આની આયતોની પૂર્વ ભૂમિકામાં (બેક ગ્રાઉન્ડ)માં ચિંતન વિચારણા ન કરવામાં આવે તો શક્ય છે માણસ ગુમરાહીનો શિકાર બની જાય.** એટલા માટે કે રબ તઆલાનો ઈર્શાદ છે : يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِیْ بِهٖ كَثِيْرًا "અલ્લાહ ઘણા લોકોને એનાથી ગુમરાહ કરે છે અને ઘણાને હિદાયત ફર્માવે છે." *(સૂરએ બક્રહ, આયત–૨૬)* (સંપૂર્ણ)


**કાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**:: અનુવાદક ::**
**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**
**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક્, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**
**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**
**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**



**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક્ વિશે, ક્સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# ઝિક્રે ઈલાહીની ફઝીલતમાં ૪૦ હદીષો

હપ્તો:ર

-:: મૂળ લેખક ::-

ઈમામ યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની رحمۃ اللہ علیہ

-:: ઉર્દૂ અનુવાદક ::-

સૈયદ મુહમ્મદ તહૂર કાદરી મિસ્બાહી

-:: ગુજરાતી અનુવાદક ::-

પટેલ શબ્બીર અલી રઝવી

*આજે સામાન્યતઃ લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ઝિક્રો દુરૂદની, કુર્આન હદીષના દર્સની મેહફિલોને જાણે મહત્વની ગણતા જ ન હોય એ રીતે મસ્જિદમાં કે અન્ય જગાએ આવી મેહફિલ હોય તેને ત્યજીને અન્ય ગપાટાની મેહફિલો કે હુક્કા પાર્ટીમાં કશ લેતા રહીને કે મોબાઈલમાં મજા માણતા હોય છે. તેઓ રસૂલે પાક ﷺના ફર્માનો વાંચે અને તેના ફાયદા જુએ અને જરૂર આવી મેહફિલોમાં હાજર થાય. અલ્લાહ તૌફીક આપે. (આમીના)*

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હદીષ-૧૪ :** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે (ફર્માવે છે) કે હુઝૂર ﷺથી પૂછવામાં આવ્યું : કયામતના દિવસે ખુદા તઆલા નજીક સૌથી મહાન દરજાવાળો કોણ છે ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) અલ્લાહનો ઝિક્ર કરનાર. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !ﷺ શું આ (ઝિક્રે ઈલાહી અધિક્તર કરનાર) શખ્સનો દરજો રાહે ખુદામાં જેહાદ કરનાર શખ્સ કરતાં મોટો હશે ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જો કે તે શખ્સ પોતાની તલ્વાર વડે મુશ્રિકોથી લડે છે ત્યાં સુધી કે (તેની) તલ્વાર તૂટી જાય અને લોહીથી લથપથ થઈ જાય છતાં ઝિક્રે ઈલાહી કરનારાનો દરજો અફઝલ થશે.

અને ઈમામ બયહકીએ પણ આ હદીષને કાંઈક ટૂંકાણ સાથે રિવાયત કરી છે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! عليك الصلاة والسلام ! લોકોમાં સૌથી મોટો કોનો દરજો છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઝિક્રે ઈલાહી કરનારાઓનો દરજો.

**હદીષ-૧૫ :** હઝરત સાલિમ બિન અબી જઅદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہને કહેવામાં આવ્યું કે એક શખ્સે સો ગુલામોને આઝાદ કર્યા. હઝરત અબૂ દર્દા رضی اللہ عنہએ ફર્માવ્યું, એક શખ્સના માલથી સો ગુલામોને આઝાદ કરવા યકીનન ! ખૂબ જ વધારે છે. પરંતુ એનાથી પણ અફઝલ રાત દિવસ ઈમાનને થામીને રહેવું અને એ કે તમારામાંથી કોઈ શખ્સ હમેશાં ઝિક્રે ઈલાહીમાં સતત લાગેલો રહે. ઈબ્ને અબી દુન્યાએ આ હદીષને હસન અસ્નાદની સાથે મૌકૂફન્ રિવાયત કરી.

**હદીષ-૧૬ :** હઝરત અબૂ મખારિક رضی اللہ عنہથી મરવી છે. (ફર્માવે છે) કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, શબે મેઅરાજ મને એક એવા શખ્સની પાસેથી લઈ જવામાં આવ્યો જે અર્શના નૂરમાં ઢંકાયેલો હતો. મેં પૂછયું કે આ કોણ છે ? શું કોઈ ફરિશ્તો છે ? કહેવામાં આવ્યું કે નહીં ! મેં પૂછયું કે શું કોઈ નબી છે ? હઝરત જિબ્રઈલ علیہ السلامએ જવાબ આપ્યો કે આ તે જ શખ્સ છે જે દુનિયામાં હમેશા ઝિક્રે ઈલાહીમાં રચ્યો પચ્યો રહેતો હતો. તેનું દિલ મસ્જિદમાં લાગેલુ રહેતુ હતું. અને તે મા બાપના માટે ગાળનો સબબ ન બન્યો. (એ

રીતે કે ન તેણે કોઈનાં મા બાપને ગાળ આપી કે ન તેના માબાપને ગાળ આપવામાં આવી હોય) આ હદીષ ઈબ્ને અબી દુન્યાએ મુરસલન રિવાયત કરી.

**હદીષ-૧૭ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુસ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બેશક ! ઈસ્લામી હુકમો મારા માટે ખૂબ જ વધારે છે, તો મને આપ કોઈ એવી ચીજના બારામાં બતાવી દો કે હું તેને થામીને રહું. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તમારી જીભ હમેશાં ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત રહે. (એને પકડી રાખો) આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી અને હસન ઠરાવી. અને ઈબ્ને માજહએ પોતાની સહીહમાં રિવાયત કરી અને હાકિમે પણ રિવાયત કરી અને કહ્યું, આ હદીષ સહીહુલ અસ્નાદ છે.

**હદીષ-૧૮ :** હઝરત માલિક બિન યખામરથી રિવાયત છે. (ફર્માવે છે) કે હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને કહ્યું, હુઝૂર ﷺ સાથે જે સૌથી અંતિમ વાતચીત કરી હતી તે એ છે કે મેં આપ علیہ الصلوٰۃ والسلامને પૂછયું કે અલ્લાહની નજીક સૌથી પસંદીદા અમલ કયો છે ? તો આપ ﷺએ ફર્માવ્યું, તમારું મૃત્યુ એ હાલમાં થાય કે તમારી જીભ અલ્લાહના ઝિક્રથી તર હોય.

**હદીષ-૧૯ :** હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, દરેક રાત દિવસ ખુદાવંદે કુદુસની તરફથી એક ઈનામ હોય છે જેના થકી રબ તઆલા પોતાના બંદાઓમાંથી જેના પર ચાહે છે એહસાન કરે છે. અને **કોઈ બંદા પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તરફથી પોતાના ઝિક્રની તૌફીક઼ અતા કરવાથી બેહતર કોઈ એહસાન નથી.** આ હદીષને ઈબ્ને અબી દુન્યાએ રિવાયત કરી.

**હદીષ-૨૦ :** હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, શું હું તમને એવી ચીજ ન બતાવું જે તમારા રબની નજીક અમલોમાંથી સૌથી બેહતર તથા પાકીઝા હોય અને તમારા દરજાઓમાં બુલંદીનો સબબ હોય જે તમારા માટે રાહે ખુદામાં સોનુ, ચાંદી ખર્ચ કરવાથી બેહતર હોય. અને તમારા માટે એ અમલથી પણ બેહતર હોય કે પોતાના દુશ્મનોથી સામનો થાય પછી તમે તેમની ગરદનો મારો અને તેઓ તમારી ગરદનો મારે ? સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કર્યું, કેમ નહીં ! તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એ અમલ ઝિક્રે ઈલાહી છે.

**હદીષ-૨૧ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે તે ફર્માવે છે કે હુઝૂર ﷺ ફર્માવ્યા કરતા હતા, દરેક ચીજની એક સફાઈ હોય છે અને દિલોની સફાઈ ઝિક્રે ઈલાહી છે. અને ઝિક્રે ઈલાહી સિવાય કોઈ ચીજ અઝાબે ઈલાહીથી નજાત આપનારી નથી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, શું જેહાદ ફી સબીલિલ્લાહ પણ અઝાબે ઈલાહીથી નજાત આપનાર નથી ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં ! પરંતુ કોઈ શખ્સ તલ્વાર હાથમાં લઈને જેહાદ કરે ત્યાં સુધી કે તેની તલ્વાર તૂટી જાય (તો એનો આ અમલ અઝાબે ઈલાહીથી નજાત આપનાર ઠરશે) આ હદીષને ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ રિવાયત કરી.

**હદીષ-૨૨ :** હઝરત અબૂ મૂસા رضی اللہ عنہએ રિવાયત કરી છે. તે ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જો કોઈની પાસે કેટલાક દિરહમ હોય જેને તે વહેંચતો રહે અને બીજો શખ્સ ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત રહેતો હોય, તો યાદે ઈલાહીમાં વ્યસ્ત શખ્સ અફઝલ થશે. આ હદીષને ઈમામ તિબ્રાનીએ હસન સનદ સાથે રિવાયત કરી.

**હદીષ-૨૩ :** હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે જ્યારે આયતે કરીમા : وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ "અને તેઓ કે ભેગુ કરી રાખે છે સોના ચાંદીને અને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા, તેમને ખુશખબરી સંભળાવો દર્દનાક અઝાબની." (સૂરએ તોબા, આ. ૩૪, કન્ઝુલ ઈમાન) નાઝિલ થઈ તો (તે વખતે) અમે હુઝૂર ﷺની સાથે એક સફરમાં હતા. તો આપ ﷺના એક સહાબી رضی اللہ عنہએ (બારગાહે રિસાલતમાં) પૂછયું કે આ આયતે કરીમા સોના તથા ચાંદીના બારામાં નાઝિલ થઈ છે. હે કાશ ! અમને પણ જાણ થઈ જાય કે કયો માલ અમારા માટે જમા કરવો બેહતર છે. તો હુઝૂર ﷺએ જવાબ આપ્યો, **બેહતરીન માલ ઝિક્રે ઈલાહીથી તર ઝબાન, શુક્ર ગુઝાર દિલ અને ઈમાનદાર પત્ની છે જે પતિના ઈમાન પર મદદ કરે.** આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી અને હસન ઠરાવી, અને ઈબ્ને માજહએ પણ રિવાયત કરી.

**હદીષ-૨૪ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે (તે ફર્માવે) કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **ચાર ચીજો વડે જેને નવાઝવામાં આવ્યો તો તેણે દુનિયા તથા આખેરતની ભલાઈ જમા કરી લીધી : (૧) શુક્ર ગુઝાર દિલ (૨) યાદે ઈલાહીમાં વ્યસ્ત રહેનારી ઝબાન (૩) આજમાઈશ પર સબ્ર કરનાર શરીર (૪) એવી પત્ની જે પોતાની જાત અને પતિના માલમાં ખયાનત ન કરે.**

**હદીષ-૨૫ :** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે : રબ તઆલાનો ઝિક્ર એટલી કષરત સાથે કરો કે લોકો તમને મજનૂન (પાગલ) કહેવા લાગે. ઈમામ અહમદ, અબૂ યઅ્લા અને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં એને રિવાયત કરી અને હાકિમે પણ તેને રિવાયત કરીને સહીહુલ અસ્નાદ ઠરાવી દીધા.

**હદીષ-૨૬ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે તે ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **ખુદાએ તઆલાનો ઝિક્ર એટલી કષરતથી કરો કે મુનાફિક્ તમને રિયાકાર કહેવા લાગે.** આ હદીષને ઈમામ તિબ્રાની તથા બયહક઼ીએ અબૂ જવઝાથી મુરસલન્ રિવાયત કરી.

**હદીષ-૨૭ :** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! કેટલાક લોકો દુનિયામાં નરમ નરમ બિસ્તર પર અલ્લાહ عزوجل تعالیٰને યાદ કરતા રહે છે. રબ તબારક વ તઆલા તેમને બુલંદ દરજાઓમાં દાખલ કરશે. આ હદીષને ઈબ્ને હબ્બાને પોતાની "સહીહ"માં રિવાયત કરી.

**હદીષ-૨૮ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે તે ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સ રાતમાં તકલીફ ઉઠાવવાથી અને કંજૂસાઈના કારણે રાહે ખુદામાં ખર્ચ કરવાથી અને બુઝદિલીના સબબે દુશ્મનની સાથે જંગ કરવાથી આજિઝ હોય તો તે કષરતથી અલ્લાહ તઆલાને યાદ કરે. આ હદીષને તિબ્રાની બઝ્ઝાર તથા બયહક઼ીએ રિવાયત કરી. અને તેના સર્વ રિજાલ (રવાહ) સહીહ ક઼ૌલના પ્રમાણે દલીલને પાત્ર છે, એક રાવીના સિવાય.

**હદીષ-૨૯ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે હુઝૂર ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : બેશક ! શૈતાન પોતાનું મોં માણસના દિલ પર રાખી દે છે. પછી જ્યારે તે અલ્લાહનો ઝિક્ર કરવા લાગે છે તો (શૈતાન) તેનો

પીછો છોડી આપે છે અને જ્યારે ઝિક્રે ઈલાહીથી ગાફિલ થઈ જાય છે તો તેના દિલને લુકમો (કોળિયો) બનાવી લે છે. આ હદીષને ઈબ્ને અબી દુન્યા, અબૂ યઅ્લા તથા બયહક઼ીએ રિવાયત કરી. અન ! علیك الصلاة والتسلیم નો અર્થ તેનું મોંઢુ.

**હદીષ-30 :** હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, યક઼ીનન ! રબ તઆલા ક઼યામતના દિવસે કેટલાક એવા લોકો મબ્ઉષ ફર્માવશે જેમના ચહેરા મુનવ્વર હશે અને જેઓ મોતીના મિમ્બરો પર જલ્વા અફરોઝ હશે. લોકો એમના પર રશ્ક઼ કરશે (જ્યારે કે) તેઓ ન તો અંબિયા હશે ન શહીદો. એક ગામડાવાસીએ ગુથણોભેર ઉભા થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તેમનો કાંઈક હાલ બયાન કરી આપો, જેથી અમો તેમને ઓળખી લઈએ.

હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, તે લોકો હુબ્બે ખુદાવંદીમાં વિવિધ ક઼બીલાઓથી અને વિવિધ શહેરોએથી આવીને ઝિક્રે ઈલાહી કરવા માટે ભેગા થાય છે (તો) એ લોકો યાદે ઈલાહીમાં મશગૂલ રહે છે. આ હદીષને તિબ્રાનીએ હસન અસ્નાદની સાથે રિવાયત કરી.

**હદીષ-31 :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂર અન્વર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, **જે ક઼ૌમ પણ ઝિક્રે ઈલાહીના માટે ભેગી થાય છે અને તેનો મક઼સદ રઝાએ ઈલાહી હોય છે તો આસ્માનથી એક મુનાદી નિદા કરે છે કે ઉભા થઈ જાવ ! તમારી બખ્શિશ થઈ ગઈ. બેશક ! તમારી બુરાઈઓને નેકીઓથી બદલી નાખવામાં આવી.** આ હદીષને ઈમામ અહમદ, અબૂ યઅ્લા, બઝ્ઝાર તથા તિબ્રાનીએ રિવાયત કરી.

**હદીષ-3૨ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, જ્યારે તમે જન્નતની કયારીઓની પાસેથી પસાર થાવ તો એનાથી જરૂર કાંઈક હિસ્સો લઈ લીધા કરો. સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعینએ અર્ઝ કરી, **જન્નતની કયારીઓ** શું છે ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **ઝિક્રની મેહફિલો.** આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી અને હસન ગરીબ ઠરાવી.

**હદીષ-33 :** હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم અમારી પાસે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલાની (તરફથી) ફરિશ્તાઓની કેટલીક જમાઅતો (આસ્માનથી) ઉતરે છે અને જમીનના પટ પર (જામેલી) ઝિક્રની મેહફિલોમાં રોકાણ અપનાવે છે, જેથી તમે જન્નતની કયારીઓથી ગુચ્છા તોડી લીધા કરો. સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعین રિયાઝુલ જન્નહ (જન્નતની ક્યારી) ક્યાં છે ? હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, ઝિક્રની મજલિસો (જન્નતની ક્યારીઓ છે) જેથી સવાર સાંજ ઝિક્રે ઈલાહી કર્યા કરો. જે શખ્સ અલ્લાહ તઆલાની નજીક પોતાની ક઼દર તથા મર્તબો જાણવા ચાહે છે તો તેણે એ જોવું જોઈએ કે તેની નજીક રબ તબારક વ તઆલાનો મક઼ામ તથા મર્તબો શું છે ? એટલા માટે કે રબ તઆલા પોતાના બંદાના ગુમાનના પ્રમાણે તેની સાથે મામલો કરે છે.

આ હદીષને ઈબ્ને અબી દુન્યા, અબૂ યઅ્લા, બઝ્ઝાર, તિબ્રાની, બયહક઼ી અને હાકિમે રિવાયત કરી અને હાકિમે એને સહીહુલ અસ્નાદ ઠરાવી. હાફિઝ મુન્ઝરીએ કહ્યું કે આ હદીષ હસન છે. الرتع અસલમાં ખુશહાલીની સાથે ખાવા પીવાને કહે છે.

**હદીષ-3૪ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર

رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે મેં (બારગાહે રિસાલત મઆબમાં) અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ઝિક્રની મજલિસોનું ઈનામ કઈ ચીજ છે ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ઝિક્રની મજલિસોનું ઈનામ જન્નત છે. આ હદીષને ઈમામ અહમદે હસન અસ્નાદ સાથે રિવાયત કરી.

**હદીષ-૩૫** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કયામતના દિવસે રબ તબારક વ તઆલા ફર્માવશે કે નજીકમાં જ મેહશરવાળાઓ જાણી લેશે કે અહલે કરમ કોણ છે ? અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! عليك الصلاة و السلام ! અહલે કરમથી કયા લોકો મુરાદ છે ? ફર્માવ્યું, ઝિક્રની મેહફિલમાં શરીક થનારાઓ આ હદીષને ઈમામ અહમદ, અબૂ યઅ્લા અને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં અને બયહકી વગેરેએ પણ રિવાયત કરી.

**હદીષ-૩૬** : હઝરત જાબિર رضی اللہ عنہએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી મરફૂઅન રિવાયત કરી કે આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કોઈ શખ્સને ઝિક્રે ઈલાહી સિવાય કાંઈ પણ અમલ અઝાબે ઈલાહીથી છૂટકારો અપાવશે નહીં. અર્ઝ કરવામાં આવી, રાહે ખુદામાં જેહાદ પણ અઝાબથી નજાત ન આપશે ? ફર્માવ્યું, જેહાદ ફી સબીલિલ્લાહ પણ અઝાબથી નજાત આપશે નહીં, પરંતુ એ કે તે હાથોમાં તલ્વાર લઈને જેહાદ કરે ત્યાં સુધી કે તેની તલ્વાર તૂટી જાય. આ હદીષને તિબ્રાનીએ "મોઅજમે અવસત" તથા "સગીર"માં રિવાયત કરી અને એ બંનેના રાવીઓ સહીહ છે.

**હદીષ-૩૭** : હઝરત ઉમ્મે અનસ رضی اللہ عنہاથી રિવાયત છે તેમણે બારગાહે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! عليك الصلاة والتسليم ! મને નસીહત કરો, ફર્માવ્યું, **ગુનાહોને છોડી દો એટલા માટે કે તે શ્રેષ્ઠ હિજરત છે.** ફર્ઝોની પાબંદી કરો એટલા માટે કે તે **અફઝલ જેહાદ** છે. અને કષરતથી ઝિક્રે ઈલાહી કરો એટલા માટે કે ખુદાની હુઝૂર તેના ઝિક્રની કષરત (અતિ અધિક્તા)થી અધિક મહબૂબ કોઈ ચીજની સાથે તમો હાજર નહીં થાવ. આ હદીષને ઈમામ તિબ્રાનીએ હસન અસ્નાદ સાથે રિવાયત કરી.

**હદીષ-૩૮** : હઝરત અમ્ર ઈબ્ને અંબસા رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે મેં હુઝૂર علیہ الصلوٰۃ والسلامને એવું ફર્માવતાં સાંભળ્યા કે ઈન્સાફ કરનાર રહમાન તબારક વ તઆલાના જમણા હાથમાં હશે જો કે રહમાનના બંને હાથ જમણા જ છે. તેઓ એવા લોકો હશે જેઓ ન તો અંબિયા હશે ન શહીદો. તેમના ચહેરાઓની ચમક જોનારાઓની નજરો પર છવાઈ જશે. ખુદાવંદે કુદુસની બારગાહમાં તેમના આ મકામ તથા નિકટતા પર નબીઓ તથા શહીદો રશ્ક કરશે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! عليك الصلاة والتسليم ! તે કોણ લોકો હશે ? ફર્માવ્યું, **તેઓ વિવિધ શહેર તથા કબીલાઓના લોકો હશે જેઓ ઝિક્રે ઈલાહી માટે ભેગા થાય છે અને (બારગાહે ખુદાવંદીમાં) વીણીવીણીને સારું કામ પેશ કરે છે.** જેમ કે ખજૂર ખાનાર ખૂબ જ પાકીઝા ખજૂર તારવી લે છે.

હાફિઝ મુન્ઝરીએ કહ્યું, તેની અસ્નાદમાં કોઈ વાંધો નથી. અને جُمّاع જીમ મઝમૂમ અને મીમ મુશદદની સાથે. જેનો અર્થ છે, વિવિધ કબીલાઓ અને વિવિધ જગાઓના ભેગા લોકો. અને "نازع""نوازع"નું બહુવચન મુસાફિરના અર્થમાં. ભાવાર્થ એ છે કે તે લોકો ન આપસમાં સગા સંબંધ, વંશ તથા ઓળખાણના કારણે ભેગા થયા બલ્કે કેવળ અને કેવળ ઝિક્રે ઈલાહી માટે ભેગા થયા હતા.

**હદીષ-૩૯ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે લોકો કોઈ મજલિસમાં શરીક થાય છે પણ ન એમાં ઝિક્રે ઈલાહી કરે છે અને ન પોતાના નબી صلی اللہ علیہ وسلم પર દુરૂદ મોકલે છે તો એ મજલિસ એમના પર વબાલ ન થશે.** જો અલ્લાહ તઆલા ચાહે તો તેમને અઝાબ આપે અને ચાહે તો માફ કરી આપે. આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી અને હસન ઠરાવી દીધી અને ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ પણ રિવાયત કરી.

અને ઈમામ અબૂ દાઊદે એને આ શબ્દોમાં રિવાયત કરી. **જો કોઈ શખ્સ કોઈ મજલિસમાં ઝિક્રે ઈલાહી વિના બેસી રહ્યો તો આ મજલિસ તેના માટે અલ્લાહ તઆલાની વબાલ થશે. અને જે શખ્સ કોઈ ખ્વાબગાહ (બિસ્તરમાં) ઝિક્રે ઈલાહી વિના સૂઈ રહ્યો તો એ પણ એના પર ખુદાએ લાઝવાલની તરફથી અફસોસનો સબબ બનશે. અને જે શખ્સ ઝિક્રે ખુદા વગર કોઈ રસ્તા પર ચાલે તો એ ચાલવું પણ ખુદા પાક તરફથી એના પર વબાલ થશે.** એ જ પ્રમાણે ઈમામ અહમદ, ઈબ્ને અબી દુન્યા, ઈમામ નિસાઈ અને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં રિવાયત કરી અને ترۃ ''તા''ના કસ્રાની સાથે નુકસાનના અર્થમાં. અને કહેવામાં આવ્યું છે કે અંજામના અર્થમાં છે.

**હદીષ-૪૦ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહ્ રضی اللہ عنہ જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمના કોઈ સહાબીથી મુલાકાત કરતા તો તેને કહેતા : આવો ! આપણે આપણા રબ પર થોડીવાર ઈમાન લઈ આવીએ. (તો એ જ પ્રમાણે તેમણે) એક શખ્સને કહ્યું, તો તે ગઝબનાક થઈ ગયા અને બારગાહે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمમાં આવીને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! علیك الصلاۃ و السلام ! શું આપ અબ્દુલ્લાહ બિન રવાહાની ખબર નથી લેતા જે આપના ઈમાનથી બેરગબતી અપાવીને એક પળના માટે ઈમાનની તરગીબ (આકર્ષણ) આપે છે ? હુઝૂર علیہ الصلاۃ والسلامએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા પર રહમ ફર્માવે, બેશક ! તે આવી મજલિસોથી આકર્ષણ તથા લગાવ રાખે છે જેના પર રબ તબારક વ તઆલા ફરિશ્તાઓની જમાઅતમાં ફખ્ર તથા મુબાહાત ફર્માવે છે. આ હદીષને ઈમામ અહમદે હસન અસ્નાદ સાથે રિવાયત કરી. *(સંપૂર્ણ)*

## ★ કેવળ દાવો નિરર્થક છે ★

**ઉયુનુલ અખબારમાં** છે કે હઝરત શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે લોકો ત્રણ વાતો કેવળ મોઢેથી કરે છે પણ અમલ તેનાથી ઉલ્ટો કરે છે. એક એ કે તેઓ કહે છે કે અમે અલ્લાહ તઆલાના બંદાઓ છીએ પણ કામો ગુલામો જેવાં નથી કરતા. બલ્કે આઝાદોની જેમ પોતાની મરજી મુજબ ચાલે છે.

બીજું એ કહે છે કે, અલ્લાહ તઆલા જ અમને રોજી આપે છે, પણ તેઓના દિલો દુનિયા તથા દુનિયાનો માલસામાન જમા કર્યા વગર સંતોષ નથી પામતાં અને આ બાબત તેઓના ઈકરારની તદ્દન વિરુદ્ધ છે. ત્રીજું એ કહે છે કે, અંતે અમારે મૃત્યુને ભેટવાનું છે, પણ કાર્યો તો એવાં કરે છે કે જાણે તેઓએ કદી મરવાનુ જ નથી. હે વાંચક ! જરા વિચાર તો ખરો ! અલ્લાહ તઆલાની સમક્ષ તું કયું મોઢુ લઈને જઈશ ? અને કઈ જીભ વડે જવાબ આપીશ ? જયારે તે તને દરેક નાની મોટી વસ્તુ વિશે પ્રશ્ન કરશે, તો તે પ્રશ્નોના માટે અત્યારથી સારો જવાબ શોધી રાખ. (જેથી તે સમયે શરમાવાનો પ્રસંગ ન આવે). –*(મુકાશફતુલ કુલૂબ)*

# ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવા)ના ફિત્નાનું વર્ણન

રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

કોઈ પણ રોગની સારવાર યોગ્ય રીતે ત્યારે જ શક્ય છે જ્યારે તે રોગનું નિદાન થઈ જાય અને તે રોગના કારણોનું સાચુ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય. ચર્ચા હેઠળના વિષય પર આપણે એ ભયાનક બીમારીનો ઈલાજ કરવા માટે તેના કારણો પર ચિંતન કરવાની જરૂર છે. આ જીવલેણ બીમારીના અમુક કારણો મારા ધ્યાનમાં આવ્યા છે.

(અ) **સામૂહિક અને સાંસ્કૃતિક સ્થિતિઓના પરિપેક્ષ્યમાં તેનો ઉકેલ :**

**ઈર્તેદાદ (ધર્મથી ફરી જવા)નું પહેલું કારણ:** *કાફિરોની વસ્તીમાં એક બે મુસ્લિમ ઘર.*

ઈન્સાન પર તેના આસપાસના માહોલનો ઘણો પ્રભાવ પડે છે. એ જ કારણ છે કે એક બે મુસ્લિમ ઘરવાળાઓ જે કાફિર મુશ્રિક કૌમ દરમિયાન રહે છે તો તેમનું ખાવું, પીવું, સલામ અને દુઆ વગેરે એ કાફિરોની જેમ હોય છે અને સાથે જ તેમને એકબીજાના ઘરે સંપૂર્ણ બેપદર્ગી સાથે આવવા, જવા, ઉઠવા, બેસવામાં કોઈ ખચકાટ લાગતો નથી. જેનું સૌથી ખરાબ પરિણામ એક દિવસે તેમનાથી શાદી અને પછી ધર્મત્યાગના રૂપમાં આપણા સમક્ષ આવે છે. આ વાત હું પોતાના તરફથી નહીં, બલ્કે અનુભવના આધારે કહી રહ્યો છું. કારણ કે ખુદ મારી પાસે મર્કઝે તર્બિયતે ઈફતા, ઓઝાગંજમાં બસ્તી જિલ્લાના આસપાસના આવા ગામડાઓથી કાફિરોની સાથે ભાગી જવા અથવા વિવાહ કરવા બાબત ઘણા મસ્અલા આવી ચૂક્યા છે. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે અમુક મુસલમાનોના કાફિરો સાથે વિવાહનું એક મોટું કારણ કાફિરોની વચ્ચે એક બે મુસ્લિમ ઘરોનું હોવું પણ છે.

**નિવારણ :** તેનો ઉત્તમ ઉકેલ એ છે કે આવા લોકો ગૈર મુસ્લિમ વસ્તીથી મુસ્લિમ વસ્તીવાળા ગામ કે શહેરમાં આવી વસી જાય. પરંતુ આ વાત જેટલી કહેવી સરળ છે તેટલી જ અથવા તેનાથી અધિક તેને અમલમાં લાવવું મુશ્કેલ છે. કારણ કે આવી જગાએ રહેવાવાળા મુસલમાનો સામાન્ય રીતે ગરીબ વર્ગથી હોય છે. જેના કારણે તેમનું એક જગાએથી બીજી જગાએ સ્થળાંતર મુશ્કેલ જણાય છે. પરંતુ મુસ્લિમ સમાજ આ બાબત તરફ ધ્યાન આપે અથવા અમુક લોકો તેના માટે મેદાનમાં ઉતરી તેમનો સાથ આપે તો આ કામ ખાસી હદ સુધી સરળ થઈ શકે છે. પરંતુ આજે માલદારો અને સામાન્ય લોકો સામાન્ય રીતે બિન જરૂરી કામોમાં પોતાના પૈસા પાણીની જેમ વહાવે છે, પરંતુ જ્યારે તેમને આવી અગત્યની બાબતો તરફ ધ્યાન દોરવામાં આવે છે તો સામાન્યતઃ એ વાત તેમના ગળે નથી ઉતરતી જેથી તેઓ તે માટે પ્રયાસ નથી કરતા. મારું માનવું છે કે જે મુસ્લિમો આવી આજમાઈશની જિંદગી ગુજારી રહ્યા છે તેઓ અલ્લાહ પર ભરોસો કરી, આવી આજમાઈશવાળી જિંદગીથી બહાર આવી, એવી જગાએ જીવન ગુજારે જ્યાં તેમને માહોલના કારણે ઈમાન, અક઼ીદા અને ફરાઈઝ તથા વાજિબોનો સોદો ન કરવો પડે. ભલે સ્થળાંતરના કારણે પાકા મકાનથી કાચા મકાનમાં રહેવું પડે, કારણ કે એક મો'મિન માટે ઈમાન અને ફર્ઝોથી વધીને કોઈ ચીજ કિંમતી નથી, એટલા માટે આવી કિંમતી ચીજની હિફાઝત માટે જે પણ કુર્બાની આપવી પડે તેની કુર્બાની આપવી જ જોઈએ.

**બીજુ કારણ :** *કાફિરોના માહોલમાં શિક્ષણ.*

બાળક અથવા બાળકીનું દિમાગ શરૂઆતમાં બિલ્કુલ ખાલી હોય છે, એ જ કારણે બચપનથી જે ચીજો જુએ છે અથવા સાંભળે છે તેને જ અપનાવે છે. જો તેઓ બચપનથી મા, બાપને કલ્મો, નમાઝ, દુરૂદ પઢતા જુએ છે તો તેઓ પણ એ જ બધું કરવાની કોશિશ કરે છે અને જો તેઓ મા, બાપને ગાયનો ગાતાં સાંભળે છે અથવા ગાળો બોલતાં જુએ છે તો તેઓ પણ એ જ રીતે કરતાં જણાય છે અને જો મા, બાપ મૂર્તિપૂજા વગેરે કરતાં હોય છે તો તેઓ પણ એ જ કરતાં મોટાં થાય છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, દરેક જન્મ લેનાર બાળક પ્રકૃતિ (ઈસ્લામ) પર જન્મે છે પછી તેના માતા, પીતા તેને યહૂદી અથવા ઈસાઈ અથવા મજૂસી બનાવી દે છે જેમ કે પશુ સંપૂર્ણ પશુને જન્મ આપે છે, શું તમે તેમાં કોઈ કાન કપાયેલ પામો છો ?! *(સહીહ બુખારી, હદીષ : ૧૩૫૮)*

આનાથી એ વાત સ્પષ્ટ રીતે સમજમાં આવી ગઈ કે બાળકો પોતાના આસપાસના માહોલને બહુ ઝડપથી ગ્રહણ કરે છે. હવે આપણે પોતાની દુર્દશા પર વિચાર કરીએ તો સામાન્ય રીતે મુસલમાનોના બાળકો યુ.કે.જી. અને એલ.કે.જી.થી જ કાફિરોની સ્કૂલોમાં ભણતર માટે જાય છે, હવે તેઓ ત્યાં જુએ છે કે કોઈ જય શ્રી રામ કહે છે તો કોઈ નમસ્કાર કરે છે, કોઈ હાથ જોડી રહ્યું છે તો કોઈના ફોટા પર માલા ચઢાવી રહ્યું છે, કોઈ મૂર્તિની પૂજા કરી રહ્યું છે તો કોઈ તેની સામે નારિયલ ફોડી પોતાની શ્રદ્ધા પ્રકટ કરી રહ્યું છે. હવે એ કહેવામાં મને કોઈ સંકોચ નથી કે આવી શાળાઓમાં ભણતાં બાળકો તેમની અસરને કાંઈક ન કાંઈક તો અવશ્ય કબૂલ કરે છે. ભલે એટલી હદ સુધી ન હોય કે તેઓ આ બાતિલ માન્યતાઓને એટલા ઊંડાણપૂર્વક ન લે. જાહેર છે કે તેનું પરિણામ મુસલમાનોની બેરાહરવીના રૂપમાં જ જાહેર થશે જેનું છેલ્લુ સ્ટેજ કાફિરની સાથે વિવાહ અને તેના પછી ધર્મ ત્યાગ.

**ઉકેલ** : સમય રહેતાં આ સૌથી ખરાબ તા'લીમી માહોલથી પોતાના બાળકોને કાઢવા અત્યંત જરૂરી છે. અને આ ત્યારે જ શક્ય છે જ્યારે મુસલમાન કૌમ પોતાના દીની માહોલમાં સ્કૂલ અને કોલેજની ઉત્તમ વ્યવસ્થા કરે. આ કામ ઉલમાએ કિરામ અને પીરાને એઝામ જ કરે જેથી ફાયદાના બદલે નુકસાન ન થાય, કારણ કે તેમના સિવાયના અમુક લોકો મેદાનમાં મૌજૂદ છે પરંતુ તેમને એ વાતની કોઈ ચિંતા નથી હોતો કે બાળકો દીની તા'લીમો તર્બિયત પણ પ્રાપ્ત કરે. જેથી મોર્ડન એજ્યુકેશનની સાથે સાથે તેમના ઈમાન અકીદા અને ફરાઈઝો વાજિબાત વગેરેની હિફાઝત થઈ શકે. માટે આ મેદાનમાં મુખ્લિસ ઉલમાએ કિરામ અને પીરાને એઝામ આગળ આવે. ઈન્શા અલ્લાહ ! પરિણામ બેહતર આવશે. મને સંપૂર્ણ ઉમ્મીદ છે કે જો તેઓ આધુનિક્તા સાથે મેદાનમાં આવી જાય તો જે રીતે તેમણે દીની મદ્રસાઓને સંભાળ્યા છે એ જ રીતે તેઓ મોડર્ન સ્કૂલોને પણ સંભાળશે. કારણ કે જે વાસ્તવમાં આલિમે દીન છે તો કૌમનું જે દર્દ તેને હશે કદાચ અન્ય કોઈને હોય.

**ત્રીજુ કારણ** : ફિલ્મી દુનિયા

ફિલ્મી દુનિયાની જે જિંદગી હોય છે સામાન્ય રીતે તેનો વાસ્તવિક્તાથી કોઈ સંબંધ નથી હોતો. એટલે જ કહેવામાં આવે છે કે જમીની સ્તરે ફિલ્મી દુનિયાની જિંદગી કદી નિભાવી શકાય નહીં. પરંતુ નવયુવાનો જઝબાતી પુરવાર થયા છે જેના કારણે તેઓ તેમના તરીકા અને તેમની સોચ પ્રમાણે ચાલવાની કોશિશ કરે છે. ફિલ્મી દુનિયાની એક બદ્તરીન સોચ અને સંદેશમાં એક બદ્તરીન એ પણ

છે કે મુસ્લિમના વિવાહ ગૈર મુસ્લિમથી થઈ શકે છે. એક જ ઘરમાં રહી મુસલમાન નમાઝ પઢે અને કાફિર મૂર્તિની પૂજા કરે બલ્કે સામાને સારુ લગાડવામાં મુસલમાન પણ મૂર્તિની પૂજા કરી લે, તેના પર માલા ચઢાવે તો પણ તેના ઈમાન અક઼ીદા પર કોઈ અસર નથી પડતો (અલ્લાહની પનાહ !).

આ પ્રકારની ફિલ્મો અને સિરિયલ જોવું ઘણુ આમ થઈ ગયું છે. મોટા તો જુએ જ છે સાથે બાળકો પણ જુએ છે, જેના આધારે એ બેલગામ ફિલ્મોથી મુસ્લિમ સમાજ ઘણો પ્રભાવિત નજર આવે છે. થોડી ઘણી જે કસર બાકી હતી તેને મલ્ટીમિડિયા મોબાઈલે પૂરી કરી દીધી જેનું ભયાનક પરિણામ બેહયાઈ, અશ્લિલતા અને આગળ જઈને કાફિરથી વિવાહ અને ધર્મપરિવર્તનના રૂપમાં આપણી સામે આવે છે.

**ઉકેલ** : સંજોગો જોતાં આ ખરાબી પર રોક લગાડવી એ વર્તમાન સમયની સખત જરૂરત છે, સૌથી પહેલાં મોટા લોકો ટી.વી. અથવા મોબાઈલ પર ફિલ્મ જોવાનું બંધ કરે અને બાળકોને પણ તેનાથી દૂર રાખે. અને પોતે દીની પ્રોગ્રામ જોવાની તથા નઅત, ક઼િરાઅતે કુર્આન તર્જુમા, તફસીર સાથે સાંભળવાની આદત બનાવે અને પોતાના બાળકોને પણ તેની આદત પાડે. આનાથી દીની જાણકારી સાથે ઈમાન તથા અક઼ીદાની હિફાઝત પણ થાય છે અને દીની માહોલમાં રહેવા સહેવા અને ફરાઈઝ તથા વાજિબાતની અદાયગીનો તરીક઼ો પણ માલૂમ થાય છે.

(બ) **મુસ્લિમ યુવક યુવતીઓના ગૈરોથી પ્રેમસંબંધ પર કોઈ રીતે રોક લગાડવામાં આવે :-**

(૧) **જિમ્મેદારો પોતાની જિમ્મેદારી નિભાવે :**

આજના જમાનામાં સામાન્ય રીતે જિમ્મેદારો પોતાની જિમ્મેદારીથી બેપરવા નજર આવે છે. બાળકો ક્યાં બેસે છે, કોની સાથે બેસે છે, મોબાઈલનો સદ્ઉપયોગ કરે છે અથવા દુરૂપયોગ, તેમને આ બાબતોની કોઈ ચિંતા નથી હોતી. હદ તો એ છે કે અમુક લોકો જાણવા છતાં આ વાતો પર રોક નથી લગાડતા. જિમ્મેદારો પોતાની જિમ્મેદારી સારી રીતે નિભાવે તો મુસલમાન બાળકોના પ્રેમસંબંધ પર રોક લગાડી શકાય છે. (બાળકો સાથે દીની અક઼ીદા, અમલો તથા તેના મહત્વ વિશે ચર્ચાઓ કર્યા કરે.)

(૨) **મુસ્લિમ તથા ગૈર મુસ્લિમ વચ્ચે સંબંધોની હદબંધી તરફ માર્ગદર્શન :-**

મુસલમાનોએ પોતાના બાળકો પર એ દષ્ટિકોણથી પણ ધ્યાન આપવું જોઈએ કે કદી કદી મુસ્લિમ અને ગૈર મુસ્લિમ સંબંધ વિશે તેમને માર્ગદર્શન આપે. અને તેમને બતાવે કે મુસ્લિમ ગૈર મુસ્લિમ બંનેના ધર્મ અલગ છે એથી પરસ્પર મામલાતો જેમ કે લે વેચ, વ્યાપાર વગેરે તો કરી શકે છે પરંતુ એકબીજાથી લગ્ન નથી કરી શકતા, એકબીજાથી પ્રેમસંબંધ નથી બાંધી શકતા અને ન તો ગૈર મુસ્લિમના અક઼ીદાથી કોઈ સમાધાન કરી શકે છે. આ વાતો તરફ બચપનથી જ ધ્યાન આપવામાં આવે તો તેમના પ્રેમસંબંધ પર રોક લગાડી શકાય છે.

(૩) **ઈસ્લામી માહોલમાં સ્કૂલો અને કોલેજોની સ્થાપ્ના :-**

ઉલમાએ કિરામ અંબિયાના વારસદાર હોવાનો હક઼્ક઼ અદા કરવાની પૂરી કોશિશ કરે અને જે રીતે તેમણે મદ્રસાઓને આબાદ કર્યા એ જ રીતે મેદાનમાં ઉતરીને દરેક ગામમાં પ્રાઈમરી સ્કૂલ અને અમુક ગામો વચ્ચે કોલેજ સ્થાપે. જો ઉલમાએ કિરામ આ તરફ ધ્યાન આપે અને અવામની સહી રેહનુમાઈ કરે તો કેમ કે દરેક ગામમાં પહેલાંથી જ મદ્રસા મૌજૂદ છે બસ તેને જ એક પ્રબંધનની સાથે આગળ વધારવાના છે, આ રીતે આ કામ સરળ થઈ શકે છે અને દીની તથા આધુનિક શિક્ષણ સાથે પ્રાઈમરી સ્કૂલ સરળ

તાથી ચલાવી શકાય છે, ત્યાર પછી કોલેજ વગેરે માટે પણ પ્રયાસ કરી શકાય છે.

(ક) **અવામનું મન બનાવવા અને ઔલાદની તર્બિયતના આસાન તરીકા :-**

(૧) ઔલાદની તર્બિયત સામાન્યતઃ એટલા માટે નથી થઈ શકતી કે માતા, પિતા શિક્ષિત નથી હોતાં અને આપણે સૌ જાણીએ છીએ કે ઔલાદની શાળા માતા, પિતા જ હોય છે. પરંતુ માતા, પિતા શિક્ષિત ન હોવાના કારણે તેમની ઔલાદ બચપનથી જ ગેરમાર્ગની શિકાર થઈ જાય છે. એટલા માટે જો સરળ તાથી ઔલાદની તર્બિયતની ઈચ્છા હોય તો મેદાને અમલમાં ઉતરી આમ ખાસ બધા લોકોનું મન બનાવી આપણા સમજમાં શાદી માટે દીની તા'લીમો તર્બિયત પામેલાને અગ્રતા આપવા પ્રેરિત કરવા પડશે. જો આ વલણ વધશે તો લોકો પોતાની ઔલાદને ઉત્તમ દીની તા'લીમ આપવા તરફ પ્રેરિત થશે. જો આવું થયું તો ઈન્શા અલ્લાહ ! પરિણામ ઘણુ જ સુખદ થશે.

(૨) **ઉલ્માએ તબ્લીગ માટે અમલી મેદાનમાં ઉતરવાની જરૂરત :-**

આજના યુગમાં સામાન્ય રીતે અમુક ઉલમા અવામની ઝહનસાઝી અને તેમના બાળકોની તર્બિયતનું માધ્યમ કેવળ સ્ટેજને જ સમજે છે. જેની અસર પ્રથમ તો થતી જ નથી, અને થોડીક અસર થાય છે તો કલાક બે કલાકમાં સમાપ્ત થઈ જાય છે. પરંતુ પાયાની ચીજો જેની અસર નસ્લો અને સદીઓ સુધી રહે છે, જેમ કે મદ્રસા, સ્કૂલ, કોલેજ તેમનાથી મુસ્લિમ કૌમ ઘણી દૂર જણાય રહી છે, અને જે મદ્રસા છે તેમનામાંથી પણ અમુકને છોડી બધા કપળી અવસ્થામાં છે. એટલા માટે સમયનો તકાદો છે કે ઉલ્મા તબ્લીગ માટે મેદાનમાં ઉતરે, અવામની ઝહનસાઝી કરે, (સારી સમજ આપે), મહેનત અને લગનથી કામ કરે અને કામ્યાબીને અલ્લાહ તઆલા પર છોડી દે. અલ્લાહ તઆલાએ ચાહ્યું તો બેહતર પરિણામ સામે આવશે. પરંતુ જો મુસલમાનોનું ધ્યાન આ તરફ ન ગયું અને આ કૌમ એ જ વાત દિમાગમાં વસાવી રહી કે એક બે પ્રોગ્રામથી લોકોનું મન બની જશે, અધિક્તમ લોકોની ઈસ્લાહ થઈ જશે, સૌ તર્બિયત પામી જશે, તો આ કેવળ વિચાર સુધી જ સીમિત રહેશે, કદી એ વિચાર પૂરો નહીં થાય. જો કેવળ પ્રોગ્રામથી જ સૌની ઈસ્લાહ અને તર્બિયત થઈ જતી તો વરસોથી સેંકડો હજારો પ્રોગ્રામો થાય છે. અત્યાર સુધી તો સર્વ મુસ્લિમ કૌમ ગાઝી, નમાઝી થઈ જવી જોઈતી હતી. સત્ય એ છે કે પ્રોગ્રામ કેવળ પયગામ પહોંચાડવાનું માધ્યમ છે પરંતુ આપણે તેને જે સર્વ કાંઈ સમજી બેઠા અને તઅલીમો તર્બિયત તથા તબલીગી મેદાનને લગભગ ત્યજી દીધું છે. જ્યારે હકીકતનું વિશ્લેષણ કરીએ તો સમજમાં આવે છે કે કેવળ પ્રોગ્રામ ખાસ કરીને આજકાલના પ્રોગ્રામથી ઈસ્લાહ અને તર્બિયત શક્ય નથી. કારણ કે જે કૌમ બચપનથી જવાની સુધી અને જવાનીથી ઘડપણ સુધી બેરાહરવીની જિંદગી ગુજારી ચૂકી છે અને ઈસ્લામી અહકામથી બેઝારી તેની પ્રકૃતિ બની ગઈ છે, તે કૌમ એક તકરીરથી સુધરી જાય એ શક્ય નથી. એટલા માટે ઈસ્લાહી અને તર્બિયતી પ્રોગ્રામની સાથે ઉલ્મા પર લાઝિમ છે કે બુન્યાદી ચીજો અર્થાત તબ્લીગી મેદાન અપનાવે અને તેના દ્વારા લોકોની ઝહનસાઝી પર ભરપૂર ધ્યાન આપવામાં આવે અને ઈસ્લામી માહોલમાં દરેક પ્રકારની તા'લીમો તર્બિયતની વ્યવસ્થા કરવામાં આવે, ઈન્શા અલ્લાહ ! બેહતરીન નસ્લ પરવરિશ પામશે અને કદી ગેરમાર્ગે દોરાય તો પણ સમજાવવાથી સીધા રસ્તે આવવાની ઘણી શક્યતાઓ પણ બાકી રહેશે. અને રહી વાત સરળ તા'લીમો તર્બિયતની તે મારા ખયાલથી જો કરવાનો પાકો ઈરાદો હોય તો આ દોરમાં બધુ આસાન છે અને ન કરવું હોય તો કાંઈ પણ આસાન નથી.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, જાન્યુઆરી–૨૦૨૨)*

# આહ !
# કારી રિયાઝુદ્દીન અશરફીએ આખેરતની વાટ પકડી !

**રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત,
તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

*મૌત ઉસકી હૈ જિસકા ઝમાના કરે અફસોસ*
*યૂં તો સભી આતે હૈં દુન્યાસે ગુઝર જાને કે લિયે*

૧૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ દયાદરા નિવાસી જનાબ યાકૂબભાઈ ફોજદાર (માંચેસ્ટર, યુ.કે.)ના ફોન થકી અત્યંત અફસોસનાક ખબર સૌ પ્રથમ મને પહોંચી કે હરદિલ અઝીઝ નઅતખ્વાં, ખુશ ઈલ્હાન, ઉમદા કારી, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત કારી રિયાઝુદ્દીન અશરફી લંડનથી પ્રોગ્રામ કરીને માન્ચેસ્ટર આવતા હતા ત્યારે રોડ અકસ્માતમાં ગભીર રીતે ઘાયલ થવાથી અલ્લાહની રહમતમાં પહોંચી ગયા સાથે એક સાથી આદિલભાઈ પણ રબના પ્યારા થઈ ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رٰجِعُوْنَ અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને મર્હૂમોની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન)

મર્હૂમ કારી સાહબે લોકોના દિલોમાં તિલાવતે કુર્આન શરીફની ઉમદા તિલાવત અને નઅતે મુસ્તફા ﷺ ગુનગુનાવાની બરકતથી જગતભરમાં અનેક ઠેકાણે એવું સ્થાન જમાવ્યું હતું કે આપના અકાળ વિસાલના સમાચાર સાંભળીને હરેકની આંખનાં પાંપણો ભીંજાઈ ગયાં. એક દિલી દર્દસભર આઘાત જેણે જેણે સાંભળ્યું તેણે અનુભવ્યો. કદાચ મારા અનુભવો પ્રમાણે અન્ય કોઈના વિસાલ પર લોકોએ આવુ દુ:ખ વ્યક્ત નહીં કર્યું હોય એવું શોકનું મોજુ ઠેર ઠેર ફરી વળ્યું હતું. કેમ કે ઓછી ઉમરમાં આટલા સારા કારી તથા વિશ્વ વિખ્યાત નઅતખાં તેમજ અનેક ખૂબીઓના માલિક મુબલ્લિગે સૌને અચાનક અલવિદા કહી આખેરતની વાટ પકડી લીધી.

*અર્શ પર ધૂમેં મચી વો મો'મિને સાલેહ મિલા*
*ફર્શ પર માતમ ઉઠે વો તૈયબો તાહિર ગયા*

મર્હૂમ કારી રિયાઝુદ્દીન અશરફી સાહબ ખૂબ જ દીનદાર, સાચા આશિકે રસૂલ, શરીઅતના પાબંદ, બાઅખ્લાક, ખુશમિજાઝ, પોતે અનેક ખૂબીઓવાળા હોવા છતાં આજિઝની જેમ રહેનાર, લોભ લાલચથી પર અને સ્વભાવ એવો કે જે મળે તેના દિલમાં ઘર કરી જનાર, અનોખા વ્યક્તિવાળા દિલને ભાવી જનાર હસ્તી હતા. દીનની રાહમાં નીકળેલા અને અકસ્માતમાં મૌતને ભેટીને શહાદતનો મર્તબો પામી ગયા. અલ્લાહ કરીમ તેના મહબૂબ ﷺના સદકામાં એમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે, દરજાતની સતત બુલંદી ફર્માવે, ઘરવાળાંઓ, દોસ્તો, સાથીઓ, ચાહકોને સબ્રે જમીલ અતા કરે.

મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી مدظلہ العالی એ ખિરાજે અકીદત પેશ કરતાં ફર્માવ્યું કે મર્હૂમ કારી સાહબ તથા મર્હૂમ આદિલ મારા બેટાઓના સમાન હતા. તેમની સાથે બેપનાહ મહોબ્બત હતી તેમની ખિદમતોની બુનિયાદ પર. કારી સાહબ તો પૂરું પૂરું વરસ હિંદુસ્તાન તથા હિંદ બહાર સફરોમાં મારી સાથે રહ્યા કરતા હતા. સુન્ની દા'વતે ઈસ્લામીનો ઈજતેમા હોય કે વર્લ્ડ ઈસ્લામિક મિશનનો ઈજતેમા હોય તેમનો અવાજ લોકો પર અસરઅંદાઝ થતો હતો અને દિલોની

દુનિયાને પ્રભાવિત કરતો હતો. ક઼ારી સાહબ એક ખૂબ જ મહાન ક઼ારી હતા, કુદરતે એમને લાજવાબ અવાજ અતા કર્યો હતો. એની સાથે સાથ અત્યંત મુખ્લિસ હતા. ફન (કલા) મળી જાય, અવાજ મળી જાય પણ અખ્લાક઼ ઘણી દુર્લભ ચીજ (ભાગ્યે જ જોવા મળતી) ચીજ છે. એમણે પોતાની પૂરી જિંદગીમાં નિઃસ્વાર્થ ખિદમત કરી છે. જ્યાં પણ ગયા કોઈ સ્વાર્થ વિના ગયા, કેવળ અલ્લાહ વ રસૂલની રઝાને ખાતર ગયા. બ્રિટન વિવિધ વખતોમાં તશરીફ લાવ્યા અને અહીં પણ તેમનો અંદાઝ એ જ હતો કે જે કાંઈ છે તે કેવળ રઝાએ ઈલાહીની નઝર છે. ખુદા કરે અલ્લાહ તેમની ખિદમતોના સિલસિલામાં ઘણો જ ઉંચો મક઼ામ એમને અતા કરે. વિના શંકાએ ઘરવાળાંઓને પણ અને દુનિયામાં જે મુસલમાનોએ આ સાંભળ્યું, જેઓ એમને જાણે છે તેમને બેપનાહ ગમ થશે. હું એમના સગા સંબંધીઓને તા'ઝિયત પેશ કરું છું તેની સાથોસાથ તેમની સાથે મહોબ્બત કરવાવાળા અને સર્વ સાંભળ નારાઓને તાઝિયત પેશ કરું (આશ્વાસન આપુ) છું. એક વાત જે તસલ્લીની છે તે ઘરવાળાં પણ કે સાંભળી લે અને સંબંધ રાખનારા (ચાહકો) પણ અને સાંભળનારા પણ કે આ સફર (જ્યારે અકસ્માત થયો) દીની સફર હતો એક દીની પ્રોગ્રામથી પરત આવી રહ્યા હતા અને એક પ્રોગ્રામમાં શિર્કત કરવાનો પ્રોગ્રામ હતો. એ રસ્તામાં આ અકસ્માત બન્યો છે તો યક઼ીનન એમને શહાદતનો મર્તબો મયસ્સર થયો હશે. અલ્લાહથી દુઆ છે કે તેમને આ મર્તબો મયસ્સર થાય. જો આ મહાન મર્તબો એમને નસીબ થયો છે તો તસલ્લીની વાત એ છે કે સામાન્ય સંજોગોમાં ઈન્તેક઼ાલ કરી જવું કેવળ એક ઈન્તેક઼ાલ હોય છે, પરંતુ આ રીતની શહાદત જન્નતની જમાનત છે. ખુદાએ વહદહૂ કુદુસ તેમને જન્નતુલ ફિરદૌસમાં જગા અતા ફર્માવે. તે બંનેવ દીકરાઓને જેઓ મારા દીકરા સમાન હતા આદિલ મિયાં પણ ઘણી જ ખિદમત કરતા હતા, ઉલમાની, હુફ્ફાઝની, કુર્રાની, રાત દિવસ નવી તામીર થઈ રહેલ મસ્જિદની ખિદમતમાં લાગેલા રહેતા હતા અને જલસાઓની વ્યવસ્થા કરતા હતા. યક઼ીનન ! એમની પણ ઘણી ખિદમતો છે. અલ્લાહ તેમને પણ પોતાના ખાસ ફઝ્લથી નવાઝે. એક સાથે આખેરતના સફરે રવાના થયા છે તો ખુદા જન્નતમાં પણ એક સાથે રાખે. આપણી દુઆઓ આપણી તમન્નાઓ આખેરત સંબંધી એમના માટે છે. ઈન્શા અલ્લાહ ! જિંદગીભર દુઆ થતી રહેશે....

દાઈએ કબીર, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે ખિરાજે અક઼ીદત પેશ કરતાં મર્હૂમ ક઼ારી સાહબની જે ખૂબીઓ વર્ણવી તે આ પ્રમાણે છે :–

(૧) ક઼ારી સાહબની સૌથી મોટી ખૂબી એ હતી કે કદી તેમણે નઝરાણાની માગણી નથી કરી, ન કદી તકાઝો કર્યો. હુ પૂરા વિશ્વાસ સાથે કહી શકુ છું કે એમની પૂરી જિંદગીનો ઈતિહાસ એના પર સાક્ષી છે કે એક ઈલાકો એવો નથી જોયો જ્યાં ક઼ારી સાહબે આ ચીજની માગણી કરી હોય. (૨) ક઼ારી સાહબ પાસે અસંખ્ય સલાહિયતો (કાબેલિયતો) હોવા છતાં એમનામાં એક બીજી ખૂબી એ હતી કે એ ખૂબીઓને જે તેમને અલ્લાહે અર્પણ કરી હતી અને જે કલાઓ તેમને અર્પણ કરેલ હતી તેને કદી પોતાનો કમાલ સમજતા ન હતા, એને અલ્લાહનો ફઝ્લ સમજતા હતા. એ જ કારણે હમેશાં મુતવાઝેઅ મુન્કસિરુલ મિજાઝ (નમ્ર તથા આજીજીવાળા) બનીને રહ્યા. આજે થોડીક ખ્યાતિ જો મળી જાય તો દિમાગ આસમાનોને અડી જાય છે, અમુક નઅતો મશહૂર થઈ જાય તો તકબ્બુર ફૂટી ફૂટીને ભરાઈ જાય છે. પરંતુ અલ્હમ્દુ લિલ્લાહ ! ક઼ારી સાહબ એનાથી કોસો દૂર હતા. (૩)

પૂરી જિંદગી જ્યારથી મારી પાસે આવ્યા છે ત્યારથી મેં તેને મોઅદબ પામ્યા. મુફક્કિરે ઈસ્લામની ઘણી સોહબત તેમણે પામી. હુઝૂર મુફક્કિરે ઈસ્લામની સોહબતના કારણે તેમનામાં હુસ્ને અખ્લાક ખૂબ જ પ્રમાણમાં ભરેલો હતો. આજે આપણે ત્યાં કોઈ સારી સોહબતની તલાશવાળો નથી રહેતો, પોતાને જ મુકમ્મલ આદમી સમજીને મોટાઓની સોહબતમાં બેસવા તૈયાર નથી થતો. ક઼ારી સાહબ મોઅદ્દબ અને હમેશાં મોટાઓનો અદબો એહતેરામ કર્યા કરતા હતા.

(૪) ચોથી ખૂબી ક઼ારી સાહબની એ હતી કે જિંદગીભર તેહરીકના વફાદાર રહ્યા. કદી કોઈ કામ તેમણે એવું નથી કર્યું જેનાથી તેહરીક પર દાગ લાગે. અને અમે બે ખૌફો ખતર તેહરીકના પ્રતિનિધિની હૈષિયતથી દુનિયાના કોઈ પણ ખિત્તામાં મોકલવાના થતા તો મોકલી આપતા અને કદાપિ અને રજમાત્ર એહસાસ ન થતો કે ક઼ારી સાહબ ક્યાંક બેડો ગર્ક ન કરી દે. બલ્કે અમે જ્યાં ક્યાંય પણ ક઼ારી સાહબને મોકલ્યા ત્યાંથી અનેકવાર ક઼ારી સાહબને મોકલવાની ગુઝારિશ કરવામાં આવી હતી.

આ થોડીક વાતો કહેવી જરૂરી હતી જેથી દાઈયાને દીન મુબલ્લિગો તથા નઅતખ્વાં અને જેઓ આ માર્ગના મુસાફિર છે ક઼ારી સાહબની મક઼બૂલિયતના સબબોને સમજે અને ક઼ારી સાહબના નક઼શે કદમ પર ચાલવાની કોશિશ કરે....."

*(ઈન્કિ઼લાબ દક્કન, ૨૧–૧–૨૦૨૨માંથી ટૂંકાવીને)*

ગુજરાત તેમજ હિંદુસ્તાનના વિવિધ રાજ્યોની સુન્ની દા'વતે ઈસ્લામીની સર્વ બ્રાન્ચો ઉપરાંત દુનિયાભરના અનેક ઈદારાઓ, મદ્રસાઓ, મસ્જિદોમાં મર્હૂમ ક઼ારી સાહબ માટે અસંખ્ય કુર્આન, યાસીન શરીફ, દુરૂદ, કલમા અને ઝિક્રો પઢીને ઈસાલે સવાબ કરવામાં આવ્યો અને દુનિયાની વિશ્વવિખ્યાત અનેક મહાન દીની ઈલ્મી હસ્તીઓએ દુઆઓ સાથે ખિરાજે અક઼ીદત પેશ કરેલ જેમાંથી અમુક જ નામો રજૂ કરીએ છીએ :–

અલ્લામા ક઼મરુલ હસન બસ્તવી, અલ્લામા શફીકુર્રહમાન અઝીઝી, અલ્લામા ઓબૈદુલ્લાહ ખાન આ'ઝમી, મોઈનુલ મશાઈખ હઝરત મોઈન મિયાં, અલ્લામા ઝહીરુદ્દીનખાન સાહબ, બરેલીથી હઝરત મન્નાન રઝા મન્નાનીમિયાં સાહબ, હાફિઝો ક઼ારી મુહમ્મદ શાકિર રઝવી, ક઼ારી ગુલામ મુજતબા સાહબ, ક઼ારી ઈકરામ સાહબ, હિફઝુલ્લાહ બખ્શ, તદ્ઉપરાંત જામિઆ અશરફિયા મુબારકપુરથી સરબરાહે આ'લા અલ્લામા અબ્દુલ હફીઝ સાહબ ક઼િબ્લા, મોહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબ વ અસાતેઝા, હઝરત મૌલાના સૈયદ નૂરાનીમિયાં કછોછવી અશરફી સાહબ તથા દારુલ ઉલૂમ અલીમિયહ જમદાશાહી, દારુલ ઉલૂમ ઈસ્હાકિયા–જોધપુરના અસાતેઝા તથા અરાકીન તેમજ અનેક હસ્તીઓએ અફસોસના ઈઝહાર સાથે ઈસાલે સવાબની વ્યવસ્થા કરી.


**અણમોલ કિતાબ મંગાવો !**

**ઈસાલે સવાબ અને તેના પ્રકારો** (પેજીસ : ૨૦૦)

**લેખક** : ખલીફએ આ'લા હઝરત, **મલિકુલ ઉલમા મુફતી ઝફરુદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : આલિમા અનીસા આપા (હલદરવા)**

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

તા.જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**નોંધ : ઈસાલે સવાબના ૨૫ પ્રકારો કુર્આન હદીષની સાબિતી સાથેની અજોડ કિતાબ આજે જ મંગાવો.**

**હદિયો : ૧૫૦** (ટપાલ ખર્ચ સાથે) W.App No. 9664521477

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો !**

## દયાદરામાં 'જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ' નિમિત્તે વિવિધ ઈજતેમા

**દયાદરા** : ખાતે સુલ્તાનુલ હિંદ ખ્વાજા મુઈનુદ્દીન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે પહેલા ચાંદથી છ ચાંદ સુધી ઈશા બાદ મસ્જિદમાં મેહફિલે દુરૂદ શરીફ બાદ યાસીન શરીફનો ખતમ થયો. રજબ શરીફના ચાંદ–૪ શનિવારે ઈશા બાદ હઝરત મૌલાના મુફતી તૌસીફ રઝા હલદરવીએ ખ્વાજા સાહબની શાનમાં શાનદાર બયાન કર્યું હતું. અને છઠ્ઠીની રાતે તા. ૭–૨–૨૦૨૨ સોમવારે ઈશા બાદ મોટા ચકલા પર મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મહાન મર્તબા વિશે સમજાવીને આપના મલ્ફૂઝાત "દલીલુલ આરિફીન" તેમજ "અનીસુલ અરવાહ"ના હવાલાથી પેશ કરીને હાજર મજમાને એને અમલી જિંદગીમાં ઉતારી સાચા આશિક઼ તથા ચિશ્તી બનવા નસીહત કરી હતી. શરૂમાં જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા) સાહબે ઉસ્તાદે ઝમન હસન રઝાની લખેલ નઅતે પાક "તુમ્હારા નામ મુસીબતમેં....." તથા મન્ક઼બતે ખ્વાજા પઢી હતી. બીજા દિવસે નિયાઝ કમિટી તરફથી આમ નિયાઝ રાખી હતી.

## હઝરત મન્નાની મિયાંની સદારતમાં જશ્ને સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે તા. ૨૩–૧–૨૦૨૨ રવિવારે ઈશા બાદ નબીરએ આ'લા હઝરત, હઝરત મન્નાન રઝા મન્નાની મિયાં બરેલ્વી مدظلہ العالیની સદારતમાં "જશ્ને સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ"નો શાનદાર ઈજતેમા થયો. જેમાં સૌ પ્રથમ ક઼ારી મક઼સૂદ સાહબે કલામે રઝા "ફિરકે ગલી ગલી તબાહ..." તથા મન્ક઼બતે સિદ્દીક઼ પેશ કરીને મજમાને ફયઝયાબ કર્યો. બાદમાં હઝરત મૌલાના નવીદ રઝા–મુંબઈ (દામાદે મન્નાની મિયાં) સાહબે અફઝલિયતે સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ પર ટૂંકુ પણ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ત્યારબાદ મૌલાના ઝહીર મિસ્બાહીએ એ જ વિષય પર ખૂબ જ તફસીલથી અને ઈમાન અફરોઝ દલીલો સાથે રદ્દે રવાફિઝ કરીને શાને સિદ્દીક઼ ઉજાગર કરી હતી. છેવટમાં હઝરત મન્નાની મિયાં સાહબે પોતાના આગવા અંદાઝમાં દુઆ કરી હતી અને એ દિવસના ઈજતેમાનો સવાબ ખાસ "મર્હૂમ ક઼ારી રિયાઝુદ્દીન અશરફી" (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)ને નઝર કરીને તેમના દરજાતની બુલંદી માટે દુઆઓ ગુજારી હતી.




**જંબુસર** : ખાતે બરકાતે ખ્વાજા મંથલી તથા સુન્ની દા'વતે ઈસ્લામી તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના ચાહક હઝરત સૈયદ હશ્મતઅલી મુઝફ્ફરઅલી (મજુમિયા બાપુ)ના નેક ફરઝંદ મુહમ્મદ રયહાનની શાદી નાપાડના રહીશ સૈયદ ફિરદૌસ અલી ઈન્તેઝામઅલીની નેક દુખ્તર તેહઝીબ ફાતિમા સાથે તા. ૧૬–૧–૨૦૨૨ના રોજ રાખવામાં આવી હતી. જાનશીને શૈખુલ ઈસ્લામ હઝરત મુહમ્મદ મદનીયુલ અશરફી સૈયદ હમઝા અશરફ સાહબના મુબારક હસ્તે નિકાહખ્વાનીની અદાયગી કરવામાં આવી હતી. (દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ સદા ખુશ રાખે.–*તંત્રી*)

**કલમ** : કલમ નિવાસી જનાબ અઝીઝ ઈબ્રાહીમ ઝંઘારીયાની નેક દુખ્તર "રૂમાના"ની શાદી કિલ્લા પારડી (વલસાડ) નિવાસી અહમદ યૂસુફ પટેલના નેક ફરઝંદ "અયાઝ" સાથે તા. ૨૩–૦૧–૨૦૨૨ રવિવારના રોજ કરવામાં આવી. (દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ સદા ખુશ રાખે.–*તંત્રી*)

## રફીકે મિલ્લત સૈયદ નજીબ હૈદર બરકાતી مدظلہ العالی નો પૈગામ

રફીકે મિલ્લતે તા. ૧૪–૨–૨૦૦ના રોજ હઝરત સૈયદ શાહ અબુલ હસન નૂરી મારહરવી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ની સાલાના ફાતિહાના મોકા પર આ ચિંતનમય વાતો પણ જણાવી : ''ન અમે નિયાઝના મુન્કિર છીએ ન નમાઝના, પરંતુ નિયાઝો પર જે લાખો ખર્ચ થાય છે એમાં અધિક્તર દિખાવો હોય છે. નિયાઝ કરશો અને બેઈમાની કરશો, લોકોનો હક્ક મારશો તો નિયાઝો ક્યાં કૃબૂલ થવાની ! આજે અમુક સ્કૂલોમાં આપણી દીકરીઓને હિજાબના કારણે જે પાબંદીઓ લગાડવામાં આવી રહી છે, તો શું આપણે એવું નથી કરી શક્તા કે આપણે ત્યાં નિયાઝો તથા ચાદરો પર જે લાખો કરોડો ખર્ચ થાય છે તેમને કમ કરીને દરેક શહેર તથા દરેક ગામમાં સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપિત કરીએ અને આપણા બાળકો તથા બાળકીઓ આપણી જ સંસ્થાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરે જેથી તેમને કોઈ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે. યકીનન ! આપણે એવું કરી શકીએ છીએ. દરેક ગામ, દરેક કસ્બા અને શહેરમાં આપણે આપણી સ્કૂલ સ્થાપિત કરીએ અને શિક્ષણને ફેલાવીએ. આ દૌરમાં આપણે તા'લીમના ક્ષેત્રે વધી વધીને કામ કરવાની સખત જરૂરત છે. સાથોસાથ આ દૌર આપસમાં મહોબ્બતો ફેલાવવાનો દૌર છે, નફરતો ખત્મ કરીએ, નિફાકૃથી દૂર રહીએ અને એકતાથી રહીએ. ખાનકાહે બરકાતિયા મારહરા મુતહ્હરા એ જ ચાહે છે કે સર્વ સુન્ની એક થઈ જાય.

*(બયાનનો ભાવાર્થ ટૂંકાવીને, ૧૧ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૩, તા. ૧૩–૨–૨૦૨૨, રવિવાર)*

## ગુલઝારે મિલ્લતને મુહાફિઝે મસ્લકે રઝા એવોર્ડ અર્પણ

તા. ૨૮–૧–૨૦૨૨ જુમ્આના દિવસે જુનાગઢની ધરતી ઉપર નવાસએ હુઝૂર મુફતીએ આઝમે હિંદ હુઝૂર જમાલે મિલ્લત હઝરત અલ્લામા મૌલાના પીર જમાલ રઝા ખાન સાહબ કિબ્લા–બરેલી શરીફથી જુનાગઢ પધાર્યા હતા. અમીરે અહલે સુન્નત મખ્ઝને રૂહાનિયત ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા પીર નૂર મુહંમદ બાપુ મારફાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કે જેમણે આ પૂરી જિંદગી મસ્જિદે રઝામાં ફી સબીલિલ્લાહ ! ઈમામત અને ખિતાબતની ખિદમત અંજામ આપેલ સિવાય આપે સુન્નિયત માટે આપનું જીવન કુરબાન કરી આપેલ તે ખિદમાત અને આપના ફરઝંદે બાવકાર પીરે તરીકૃત હુઝૂર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી મદઝિલ્લહુલ આલી આજે (૨૭) વર્ષોથી મસ્જિદે રઝામાં જુમ્આ, ઈદૈન અને મુબારક રાતોમાં ઈમામત ખિતાબતના ફરાઈઝ ફી સબીલિલ્લાહ અંજામ આપી રહ્યા છે. તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં મસ્લકે આ'લા હઝરતના પ્રચાર અર્થે આપની ખિદમતની કદર કરતાં આજે જુમ્આની નમાઝ બાદ મસ્જિદના મુકૃતદીઓ તથા આ'લા હઝરત યંગ કમિટીના મેમ્બરો તરફથી ''મુહાફિઝે મસ્લકે રઝા એવોર્ડ'' હુઝૂર જમાલે મિલ્લતના વરદ હસ્તે હુઝૂર ગુલઝારે મિલ્લતને એનાયત કરવામાં આવ્યો. (મુબારકબાદ ! –તંત્રી)

*રજૂકર્તા : અરાકીને મસ્જિદે રઝા તથા આ'લા હઝરત યંગ કમિટી–જુનાગઢ*

## ઉર્દૂ જાણનારા નીચેના સરનામે P.C. લખીને મંગાવે

**ઉર્દૂ કિતાબ : મનાકિબે ખ્વાજા મહમૂદ દરિયાઈ સુહરવર્દી** رحمۃ اللہ علیہ

**મુસન્નિફ** : મહમૂદુલ મશાઈખ, નૂરુલ અવલિયા ગુલામ અબ્બાસ અલ્મઅરૂફ પીર સૈયદ અલ્હાજ મદનીબાવા એફ દરિયાઈ

**તરતીબ વ તદવીન** : પ્રોફેસર અઝીઝુલ્લાહ શૈરાની (પેજીસ : ૪૯૨)

**પ્રકાશક** : સુન્ની મુસ્લિમ કમિટી, ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા ગોંડલ–૩૬૦૩૧૧ (ફો. ૦૨૮૨૫ ૨૨૪૭૮૬)

ગુજરાતની ધરતી પર બીરપુર શરીફ જિ. મહીસાગર ખાતે વિશ્વ વિખ્યાત મહાન હસ્તી જેમનો ઉર્સ ૧૧ મી શરીફ રબીઉલ આખરના રોજ આવે છે તે ઓળખની મોહતાજ નથી. આપના રૂહાની દરબારમાં આશિકો, તકલીફઝદા, બીમારો હાજતમંદોની સદા ભીડ લાગેલી રહે છે. પણ આપની કરામતો, આપની ખાનદાની હાલત અને આપના સમયના રાજકર્તાઓ રાજાઓ વગેરે ઈતિહાસ ઓછા લોકો જાણતા હોય છે. તો ખાસ કરીને ઉલમાએ કિરામ, ખતીબો આ ઉર્દૂ કિતાબ મંગાવે અને પબ્લિકને આપના કમાલાત બયાનોમાં દર્શાવે તો લોકો અધિક ફયઝયાબ થવા આકર્ષિત થશે. રબ્બે કરીમ આપણને ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ના ફૈઝાનથી સદા માલામાલ ફર્માવે. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

## ફ્રી મંગાવો ! તદ્દન ફ્રી મંગાવો ! સુન્ની પ્રકાશનો ફ્રી મંગાવો !

અસ્સલામુ અલૈકુમ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહૂ, ઈ.સ. ૨૦૧૫, રબીઉલ આખિર, ૧૧મી શરીફથી કાર્યરત લોકલાડીલી આ **'ક઼ાદરી સુન્ની કમિટી'** (અહમદાબાદ) ગુજરાતના મશ્હૂરો મઅરૂફ પીરે તરીક઼ત, શેહઝાદાએ દરિયાઈ દુલ્હા, હઝરત સૈયદ અલ્લામા સફીયુલ્લાહ બાવા એફ. દરિયાઈ અશરફી ક઼ાદરી શીરાઝી (ખલીફએ શૈખુલ ઈસ્લામ) મુા. બીરપૂર શરીફની સરપસ્તીમાં ઈ.સ. ૨૦૧૫થી ચાલતી આ કમિટીએ ૨૧ પ્રકાશનો સુન્ની અવામને ગામેગામ, શહેરોમાં ઘરે ઘરે તદ્દન ફ્રી મોકલ્યાં છે. ફ્રી પ્રકાશનો મેળવવા એક પી.સી. લખો. કમિટીના મોબાઈલ નંબર પર એડ્રેસનો મેસેજ કરો. (મો. 9913768553) રમઝાનમાં સહાય કરવા નમ્ર અપીલ છે.

- **ઝેરે નિગરાં: સૈયદ ક઼ારી તુફૈલ અહમદ એસ. પીરઝાદા દરિયાઈ અશરફી ક઼ાદરી**
- **પ્રમુખ : જનાબ યૂસુફભાઈ આઈ. તૈલી દરિયાઈ**
- **ઉપપ્રમુખ : જનાબ મુબારકભાઈ એચ. પટેલ દરિયાઈ**
- **સરનામુ : કાદરી સુન્ની કમિટી,** ૭, અતાએ શાહે આલમ, બેંક ઓફ બરોડા લેન, અલ નિયાઝ પાર્કની બાજુમાં, વિશાલા સર્કલ પાસે, જુહાપુરા, અહમદાબાદ–૩૮૦૦૫૫ મો. 9913768553

**:: બેંક એકાઉન્ટ વિગત ::**

**PIRZADA SAFIULLAH FATEMOHMD BANK OF BARODA**

**A/c. No. : 73250100000037, IFSC : BARB0DBJUHA**

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૦૩–૨–૨૦૨૨, મુ. ચાંદ ૦૧ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૪ જુમેરાતના રોજ હાજી મુહમ્મદ કોથીવાલા (બોરડીવાલા)નો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. ❑ તથા હજીયાણી જુબેદા બસીર સારોદીયા તા. ૦૫–૦૨–૨૦૨૨ શનિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ તથા હાજી શબ્બીર મુહમ્મદ ચોકવાલા તા. ૦૬–૦૨–૨૦૨૨ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ તથા હાજી બશીરભાઈ સારોદીયા તા. ૯–૨–૨૦૨૨ બુધવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ તથા હાજી અહમદ ઈસ્માઈલ મિસ્ટર તા. ૧૩–૨–૨૦૨૨ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ તથા હબીબ ઈસ્માઈલ ઘંટીવાલા તા. ૧૫–૦૨–૨૦૨૨ મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **જંબુસર** : મુક઼ામે તા. ૧૦–૦૧–૨૦૨૨ના સોમવારના રોજ હાજી બશીર પટેલ એનાઉન્સર અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ મિલનસાર, સારા વ્યક્તિ હતા. હઝરત પીર શૌકતઅલી બાવાના ખાસ દોસ્ત પણ હતા. આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ ચાહક હતા. ભરૂચ, સૂરત, મુબઈ, ભાવનગરના સુન્ની ઈજતેમામાં આપ ખાસ હાજરી આપ્યા કરતા હતા. બરેલી શરીફ અને કિછોછા શરીફના ઉર્ષમાં પણ હાજરી આપ્યા કરતા હતા. અલ્લાહ પાક મર્હૂમની બાલ બાલ મગફેરત ફર્માવે. (આમીન) *–લિ. અઝહરુદ્દીન રોકડ (પારખેત)*

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ખલીફએ નૂરાનીબાવા પેટલાદી
## હઝરત સૈયદ શૌકત અલી બાવા (જંબુસર)ની દારે ફાનીથી વસમી વિદાય

તા. ૧૬–૧–૨૦૨૨, રવિવાર, ૧૨ જમા. આખર હિ.સ. ૧૪૪૩ના રોજ હઝરત સૈયદ શૌકતઅલી બાવા رحمۃ اللہ علیہનો જંબુસર મુક઼ામે દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. લગભગ ૮૫ વરસની વયે દારેફાનીથી દારે બક઼ાની તરફ કૂચ કરી જતાં સુન્ની આલમમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. આપ ખૂબ જ દીનદાર, બાશરઅ, સાદા સ્વભાવવાળા, ખુશ અખ્લાક઼ અને દીની સુન્ની કામો કરનારાઓને પ્રોત્સાહિત કરનાર હતા. ભરૂચ તથા અન્ય ઠેકાણે થતા ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના સુન્ની ઈજતેમાઓમાં અવશ્ય હાજરી આપતા હતા અને પ્રેમપૂર્વક વર્તાવ કરતા હતા. આપની દફનવિધિ ઈશા બાદ બહોળી સંખ્યામાં ઉલમા, સાદાત, અઈમ્મા તથા સુન્ની અવામની હાજરીમાં જંબુસર મીના શાહ કંપાઉન્ડમાં નમાઝે જનાઝા બાદ હઝરત ગંજ શહીદ દરગાહ પાસે કરવામાં આવી. રબ્બે કરીમ આપની મગફેરત કરી જન્નતમાં આ'લા દરજાએ બિરાજમાન ફર્માવે, દરજાતની સતત બુલંદી અતા કરે તથા સગાં કુટુંબીજનો ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દુઆએ નિસ્ફ શાબાન

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

શાબાનની ૧૫ મી રાત્રે મગરિબની નમાઝ બાદ છ રકાતો બબ્બે કરીને પઢે. પ્રથમ બે રકાત વખતે ભલાઈની સાથે લાંબી ઉમરની, બીજી બે રકાત વખતે બલાઓ દૂર થવાની, ત્રીજી બે રકાત મખ્લૂકનો મોહતાજ ન થવાની નિય્યતથી પઢે, દરેક બે રકાત બાદ સૂરએ યાસીન એક વાર અથવા સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૨૧ વાર અને ત્યાર બાદ છેવટે દુઆએ નિસ્ફ શાબાનુલ્ મુઅઝ્ઝમ પઢે.

اَللّٰھُمَّ یَا ذَا الْمَنِّ وَلَا یُمَنُّ عَلَیْہِ، یَا ذَا الْجَلَالِ وَالْاِکْرَامِ
یَا ذَاالطَّوْلِ وَالْاِنْعَامِ، لَآ اِلٰہَ اِلَّآ اَنْتَ ظَھْرُ اللَّاجِیْنَ، وَجَارُ
الْمُسْتَجِیْرِیْنَ، وَاَمَانُ الْخَآئِفِیْنَ، اَللّٰھُمَّ اِنْ کُنْتَ کَتَبْتَنِیْ
عِنْدَکَ فِیْ اُمِّ الْکِتٰبِ شَقِیًّا اَوْ مَحْرُوْمًا اَوْ مَطْرُوْدًا اَوْ مُقَتَّرًا عَلَیَّ
فِی الرِّزْقِ فَامْحُ، اَللّٰھُمَّ بِفَضْلِكَ شَقَاوَتِیْ وَحِرْمَانِیْ وَطَرْدِیْ
وَاقْتِتَارَ رِزْقِیْ، وَ اَثْبِتْنِیْ عِنْدَکَ فِیْٓ اُمِّ الْکِتٰبِ سَعِیْدًا مَّرْزُوْقًا
مُّوَفَّقًا لِّلْخَیْرَاتِ، فَاِنَّكَ قُلْتَ وَقَوْلُكَ الْحَقُّ فِیْ کِتَابِكَ الْمُنَزَّلِ،
عَلٰی لِسَانِ نَبِیِّكَ الْمُرْسَلِ، یَمْحُوا اللّٰہُ مَا یَشَآءُ وَیُثْبِتُ وَ عِنْدَہٗٓ
اُمُّ الْکِتٰبِ، اِلٰھِیْ بِالتَّجَلِّی الْاَعْظَمِ، فِیْ لَیْلَۃِ النِّصْفِ مِنْ شَھْرِ
شَعْبَانَ الْمُکَرَّمِ، اَلَّتِیْ یُفْرَقُ فِیْھَا کُلُّ اَمْرٍ حَکِیْمٍ وَّیُبْرَمُ، اَنْ
تَکْشِفَ عَنَّا مِنَ الْبَلَآءِ وَالْبَلْوَآءِ مَا نَعْلَمُ وَمَا لَا نَعْلَمُ، وَ اَنْتَ بِہٖ
اَعْلَمُ، اِنَّكَ اَنْتَ الْاَعَزُّ الْاَکْرَمُ، وَصَلَّی اللّٰہُ تَعَالٰی عَلٰی سَیِّدِنَا
مُحَمَّدٍ وَّ عَلٰٓی اٰلِہٖ وَاَصْحَابِہٖ وَسَلَّمَ، وَالْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ ○

અલ્લાહુમ્મ યા ઝલ્ મન્નિ વલાયુમન્નુ અલૈહ. યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ. યા ઝત્તૌલિ વલ્ઈન્આમિ લાઈલાહ ઈલ્લા અન્ત ઝહ્રલ્લાજીન. વજારુલ મુસ્તજીરીન. વ અમાનુલ ખાઈફીન. અલ્લાહુમ્મ ઈન્કુન્ત કતબ્તની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ શકિય્યન્ અવ્ મહરૂમન્ અવ્ મત્રૂદન્ અવ્ મુકત્તરન્ અલૈય ફિર્રિઝ્કિ ફમ્હુ. અલ્લાહુમ્મ બિ ફદ્લિક શકાવતી વહિર્માની વતર્દી વક્તિતાર રિઝ્કી. વ અષ્બિત્ની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ સઈદમ્ મર્ઝુકમ્ મુવફ્ફકલ્ લિલ્ ખૈરાતિ. ફઈન્નક કુલ્ત વકૌલુલ્હક્કુ ફી કિતાબિકલ્મુનઝ્ઝલ. અલા લિસાનિ નબિય્યિલ્ મુર્સલ. યમ્હુલ્લાહુ મા યશાઉ વયુષ્બિતુ વઈન્દહૂ ઉમ્મુલ કિતાબ. ઈલાહી બિત્તજલ્લિલ્ અઅ્ઝમ. ફી લૈલતિન્નિસ્ફિ મિન્શહ્રિ શાબાનિલ્ મુકર્રમ. અલ્લતી યુફરકુ ફીહા કુલ્લુ અમ્રિન્ હકીમિંવ્ વ યુબ્રમ. અન્તકશિફ અન્ના મિનલ્ બલાઈ વલ્બલ્વાઈ મા નઅ્લમુ વમા લા નઅ્લમ. વ અન્તબિહી અઅ્લમુ ઈન્નક અન્તલ્ અઅ્ઝ્ઝુલ્ અકરમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહી વસ્હબિહી વસલ્લમ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.